# આપણી આસપાસનું વિશ્વ

## ભાગ-૨

## ધોરણ ત્રીજું



Tele MANAS

National Tele Mental Health Programme

14416

# ટેલી-માનસ હેલ્પલાઈન

## ટેલી માનસ (આંતરરાજ્ય ટેલી માનસિક સ્વાસ્થ્ય સહાય અને નેટવર્કિંગ)

(૧૪૪૧૬/૧૮૦૦-૮૯-૧૪૪૧૬)

કેન્દ્ર પુરસ્કૃત યોજના ટેલી માનસ રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ઑક્ટોબર ૨૦૨૨થી મહારાષ્ટ્ર રાજ્યમાં પણ અમલમાં મુકવામાં આવી છે. ટેલી માનસ કાર્યક્રમ અંતર્ગત સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન નંબર)-૧૪૪૧૬ દ્વારા ૨૪ X ૭ નિ:શુલ્ક એકાત્મિક અને સર્વ સમાવેશક માનસિક આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવે છે. જેમાં વિવિધ માનસિક સમસ્યાઓ માટે તજજ્ઞો દ્વારા ઉપચાર અને સમુપદેશન કરવામાં આવે છે. ટેલી માનસ સહાયતા ક્રમાંક પર ફોન કર્યા બાદ તમે આપેલી માહિતી સંપૂર્ણપણે ગોપનીય રાખવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોએ નિ:સંકોચ પોતાની સમસ્યા અને શંકા જણાવી તે વિશે માર્ગદર્શન મેળવવું. બીજા લોકોને પણ આ સુવિધા દ્વારા સહાયતા મેળવવા કહેવું. કેન્દ્ર શાસન દ્વારા શરૂ કરાયેલ ટેલી માનસ ઍપમાં ગુજરાતી ભાષામાં પણ ઉપલબ્ધ છે.

# મનોદર્પણ

**મનોદર્પણ સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન) 8448440632**

શિક્ષણ મંત્રાલયના નેજા હેઠળ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ દ્વારા ચાલતા મનોદર્પણ ઉપક્રમના માધ્યમે જુલાઈ ૨૦૨૦થી નિ:શુલ્ક દૂરધ્વનિ સેવા-મનોદર્પણ (૮૪૪૮૪૪૦૬૩૨) વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને માનસ શાસ્ત્રીય માર્ગદર્શન અને સહાયતા પ્રદાન કરવા માટે અઠવાડિયાના સાતે દિવસ સવારે ૮થી સાંજે ૮ વાગ્યા દરમિયાન ઉપલબ્ધ છે. વિદ્યાર્થી, વાલી અને શિક્ષકો આવશ્યક માર્ગદર્શન અને સમુપદેશન મેળવવા માટે આ હેલ્પલાઈન પર સંપર્ક કરી શકે છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તક મહારાષ્ટ્ર રાજ્ય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ, પુણે દ્વારા તૈયાર કરાયેલા અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ અનુસાર તૈયાર કરવામાં આવ્યું છે. તેમ જ તેમના દ્વારા આ પાઠ્યપુસ્તકની સમીક્ષા કરવામાં આવી છે. શાસન નિર્ણય ક્રમાંક અભ્યાસ - ૨૧૧૬/(પ્ર.ક્ર. ૪૩/૧૬) એસડી - ૪ દિનાંક ૨૫-૦૪-૨૦૧૬ અન્વયે સ્થાપિત થયેલી સમન્વય સમિતિની તા. ૧-૦૪-૨૦૨૬ રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭થી નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.



# આપણી આસપાસનું વિશ્વ

## ભાગ-૨

## ધોરણ ત્રીજું



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧૦૦૪.

બાજુના ચોરસમાં આપેલા Q.R. Codeને સ્માર્ટફોન વડે સ્કેન કરતા, ડિજિટલ પાઠ્યપુસ્તક તેમ જ પાઠ્યપુસ્તકના ઘટક સંબંધિત દૃશ્ય, શ્રાવ્ય અને દૃશ્યશ્રાવ્ય સ્વરૂપમાં અધ્યયન-અધ્યાપન સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ: ૨૦૨૬

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધાં હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહીં.


## ઇતિહાસ સમિતિ

ડૉ. ગણેશ રાઉત (અધ્યક્ષ)
ડૉ. મંજીરી ભાલેરાવ (સભ્ય)
શ્રી બાપુસાહેબ શિંદે (સભ્ય)
શ્રી વૈજનાથ કાળે (સભ્ય)
શ્રી સુભાષ રાઠોડ (સભ્ય)
સૌ. ઉષા ખોપડે (સભ્ય)
શ્રી. વિજયકુમાર ઇંગવલે (સભ્ય)
શ્રીમતી પલ્લવી ઘરણીકર (સભ્ય)
શ્રી. રામકુમાર રાય (સભ્ય)
શ્રી. નાગેશ શિંગણે (સભ્ય)
શ્રી. રવિન્દ્ર ભાપકર (સભ્ય)
શ્રી. સંતોષ તળેકર (સભ્ય)
શ્રી. નીતિન બડે (સભ્ય)
શ્રી. રાજન ગરુડ (સભ્ય)
શ્રી. નિલેશ પોરે (સભ્ય)
શ્રી. સુનિલ મેશ્રામ (સભ્ય)
શ્રી. હનુમંત જાધવ (સભ્ય)
કુ. પ્રાજક્તા અંબુલકર (સભ્ય)
શ્રી. દત્તાત્રય ચૌધરી (સભ્ય)
ડૉ. સદાનંદ ડોંગરે (સભ્ય)
શ્રી રામદાસ ઠાકર (સભ્ય)
શ્રીમતી મનીષા સોનવણે (સભ્ય)
ડૉ.સોમનાથ રોડે (નિમંત્રિત)
શ્રી. મોગલ જાધવ (નિમંત્રિત)
શ્રી. અરુણ જાધવ (અભ્યાસક્રમ સમન્વયક)
શ્રી. રામેશ્વર લોટકે (અભ્યાસક્રમ સમન્વયક)
સૌ. વર્ષા સરોદે (સદસ્ય સચિવ)

## નાગરિકશાસ્ત્ર સમિતિ

ડૉ. સંજ્યોત આપટે (અધ્યક્ષ)
પ્રો. રાજેન્દ્ર ભોઇવાર (સભ્ય)
શ્રી. ઈરફાન સૈયદ (સભ્ય)
ડૉ. નાગનાથ યેવલે (સભ્ય)
શ્રી. વિક્રમ અડસૂળ (સભ્ય)
શ્રી. રાજેન્દ્ર ટેકાડે (સભ્ય)
શ્રીમતી રોહિણી ગવ્હાણે (સભ્ય)
ડૉ. અશોક બાંગર (સભ્ય)
શ્રીમતી ભારતી ઔટી (સભ્ય)
શ્રી. શ્યામકાંત રુલે (સભ્ય)
શ્રી. ચાંદખાન પઠાણ (સભ્ય)
શ્રી.. નાગનાથ વિભૂતે (સભ્ય)
શ્રી. આકાશ ઝાડે (સભ્ય)
શ્રી. વિનોદ અવરાદી (સભ્ય)
શ્રી. શ્રીનિવાસ મોરે (સભ્ય)
શ્રીમતી. સ્પૃહા ઈન્દુ (સભ્ય)
શ્રી. અનિલ રાજગુરુ (સભ્ય)
શ્રી. પ્રમોદ વાઘમોડે (સભ્ય)
ડૉ. પરિમલ સુધાકર (નિમંત્રિત)
ડૉ. વિરાજ મહાજન (નિમંત્રિત)
ડૉ. અજિંક્ય ગાયકવાડ (નિમંત્રિત)
પ્રો. વીણા કેચી (નિમંત્રિત)
શ્રીમતી વર્ષા રાણી ભોપળે (અભ્યાસક્રમ સમન્વયક)
સૌ. વર્ષા સરોદે (સદસ્ય સચિવ)

## કેન્દ્રસ્થ સમિતિના સભ્ય

ડૉ. મહેશ્વર કળલાવે
શ્રી પ્રશાંત દિવેકર
શ્રી મોહન શેટે
શ્રીમતી પ્રતિમા ગુમે

## ભાષાંતર સંયોજક

**શ્રીમતી કેતકી જાની**
વિશેષાધિકારી ગુજરાતી, કાર્યકારી વિદ્યાસચિવ,
પાઠ્યપુસ્તક મંડળ, પુણે

## સમીક્ષક

ડૉ. સદાનંદ મોરે (ગુણવત્તા પરીક્ષક)
ડૉ. નીતા બોકીલ (ગુણવત્તા પરીક્ષક)
એડ. શ્રીકાંત દળવી (કાનૂની નિષ્ણાત)
ડૉ. શર્મિષ્ઠા ઓક (CWSN નિષ્ણાત)

**મૃખપૃષ્ઠ અને ચિત્રકાર:** શ્રી દેવદત્ત બલકવાડે
**અક્ષરાંકન:** કેસન લેંગ્વેજ બ્યુરો, મુંબઈ.
**કાગળ:** ૭૦ જી.એસ.એમ.ક્રીમવોવહ
**મુદ્રણાદેશ:**
**મુદ્રક:**

## લેખક

શ્રીમતી ઇન્દ્રાયણી ચવ્હાણ
ડૉ. ગાયત્રી લેલે

## નિર્મિતિ

**શ્રીમતી મિતાલી શિતપ**
કાર્યકારી મુખ્ય નિર્મિતિ અધિકારી
**શ્રી. શશાંક કણિકદળે**
નિર્મિતિ અધિકારી

## સંયોજન

**શ્રીમતી વર્ષા સરોદે**
(કાર્યકારી વિશેષાધિકારી)
ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર, પાઠ્યપુસ્તક મંડળ, પુણે.

## ભાષાંતર

**શ્રી. ધીરેન દોશી**

## પ્રકાશક

**શ્રી. હેમંત બાબર**
કાર્યકારી નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ, પ્રભાદેવી, મુંબઈ - ૨૫

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક
સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક
પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય;
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા;
દરજ્જા અને તકની સમાનતા;
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તે સર્વમાં વ્યક્તિનું ગૌરવ
અને રાષ્ટ્રની એકતા અને અખંડતા
સુદૃઢ કરે એવી બંધુતા વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને
અમારી સંવિધાન સભામાં
૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી
તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ.

# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

અનુચ્છેદ ૫૧ ક

મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.
(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.
(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.
(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.
(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.
(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.
(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.
(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.
(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.
(ञ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.
(ટ) ૬ થી ૧૪ વયજૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

# રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત – ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત – ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

# પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારા માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# राज्यगीत

जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।धृ।।

भिती न आम्हा तुझी मुळी ही गडगडणाऱ्या नभा
अस्मानाच्या सुलतानीला जबाब देती जिभा
सह्याद्रीचा सिंह गर्जतो शिव शंभू राजा
दरी दरीतून नाद गुंजला महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।१।।

काळ्या छातीवरी कोरली, अभिमानाची लेणी
पोलादी मनगटे खेळती, खेळ जीवघेणी
दारिद्र्याच्या उन्हात शिजला
निढळाच्या घामाने भिजला
देश गौरवासाठी झिजला
दिल्लीचे ही तख्त राखितो, महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा ।।२।।

# પ્રસ્તાવના

પ્રિય

વિદ્યાર્થીઓ,

૨૧માં શતકના પ્રથમ રાષ્ટ્રીય શિક્ષણ ધોરણ ૨૦૨૦ અનુસાર મહારાષ્ટ્ર રાજ્યએ તૈયાર કરેલા અભ્યાસક્રમ અનુસાર ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર વિષયોનો પરિચય કરાવનાર ‘આપણી આસપાસનું વિશ્વ ભાગ-૨’ પાઠ્યપુસ્તક આપના હાથમાં સોંપતા અમને અતિશય આનંદ થાય છે. ધોરણ ત્રીજાથી આ વિષય તમે પહેલીવાર જ શીખશો. આ વિષયનો અભ્યાસ કરતી વખતે તમને તમારા પરિસરની વિવિધ બાબતોનો નવો પરિચય થશે.

આ પાઠ્યપુસ્તકના વિષયવસ્તુની શરૂઆત આપણા કુટુંબથી થાય છે. સગાવહાલાં, સંબંધીઓ, આપણા પાડોશી અને ત્યારબાદ તમને ગમતી શાળા વિશે તમે વધુ માહિતી મેળવશો. તમને તમારા વિસ્તારના બજારો વિશે પણ માહિતી મળશે, તેમજ તમારી જરૂરિયાતો અને સમસ્યાઓ પણ સમજાશે. તમને પાણીનું મહત્વ, પાણીની બચત, પરિસરના વિવિધ ઐતિહાસિક સ્મારકો, સંદેશવહન અને વાહનવ્યવહારની સુવિધાઓ, પ્રકૃતિનું રક્ષણ અને સંવર્ધન વિશે પણ માહિતી મળશે. આપણે ભારતમાં રહીએ છીએ, તેથી આપણે અહીંની પરંપરાઓ, અહીંની વિવિધતા, સમાજના મહાન લોકો અને સમાજસુધારકો વિશે પણ શીખીશું. તમને ખ્યાલ આવશે કે આપણે આપણા દેશમાં એક થઈને, હળીમળીને રહેવું જોઈએ.

પાઠ્યપુસ્તકની આ ભૂમિકાને ચિત્રરૂપે વ્યક્ત કરતા મુખપૃષ્ઠ પર ભારતની વિવિધતા દર્શાવવા માટે ભારતના સ્થૂળ નકશાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

પાઠ્યપુસ્તકમાં આપેલી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં તમે ખૂબ આનંદ અનુભવશો. આ પુસ્તકમાં, ચર્ચા, લેખન, ચિત્ર નિરીક્ષણ, સમજવું, અભિપ્રાયો મેળવવા અને તમારો મત વ્યક્ત કરવા જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા તમને વિષયનો સરળ રીતે પરિચય થશે. પાઠ્યપુસ્તકમાં આકર્ષક ચિત્રો છે. ચિત્રો પાઠના વિષયવસ્તુ સમજવામાં મદદરૂપ થશે. પુસ્તકમાં હસતા રમતા શીખવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ નવા વિષયના વિશ્વમાં આપ સૌનું હાર્દિક સ્વાગત છે. ધોરણ ત્રીજાના અભ્યાસ માટે શુભકામનાઓ!

ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર સમિતિ, લેખકો, ચિત્રકારો અને ફોટોગ્રાફરોએ ખૂબ જ આસ્થા અને મહેનતથી આ પુસ્તક તૈયાર કર્યું છે. મંડળ તે બધાનો હૃદયપૂર્વક આભારી છે. જો વાલીઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પાઠ્યપુસ્તકના વિષયવસ્તુ બાબતે કોઈ સમસ્યા જણાય તો પાઠ્યપુસ્તક મંડળને જરૂરથી જાણ કરશો.

પુણે.

તારીખ: ૧૯ એપ્રિલ, ૨૦૨૬

ભારતીય સૌર દિનાંક: વૈશાખ સુદ. ૨, શક ૧૯૪૮, અખાત્રીજ

(અનુરાધા ઓક)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

# આપણી આસપાસનું વિશ્વ ભાગ-૨

| ક્રમ | પાઠનું નામ | અભ્યાસક્રમ ક્ષમતા | અધ્યયન નિષ્પત્તિ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|---|
| અભ્યાસક્રમના ઉદ્દેશ્યો: CG-૧ વિદ્યાર્થીની આસપાસના કુદરતી અને સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણનું અન્વેષણ કરવું અને તેમને તેની સાથે જોડાયેલા રાખવા. | | | | |
| ૧ | આપણું કુટુંબ | C-૧.૨<br>કુટુંબ અને સામાજિક આંતરસંબંધ (માનવ પ્રાણી/નિસર્ગ) અને પરંપરા (કલા, ઉત્સવ) નું વર્ણન કરે છે. | • કુટુંબના વિવિધ પ્રકારો અને સ્વરૂપ સ્પષ્ટ કરીને સગપણ જણાવે છે.<br>i) કૌટુંબિક સંબંધો સમજાવે છે.<br>ii) કુટુંબના પ્રકાર અને સ્વરૂપ સ્પષ્ટ કરે છે. | <br><br>૧,૨,૩,૫,૬<br>૨,૩,૪,૫,૬ |
| ૨ | કૌટુંબિક વંશાવળી | C-૧.૫<br>સ્થાનિક સંસાધનોનો ઉપયોગ કરીને ઘર અથવા વર્ગખંડની સજાવટ માટે (વંશાવળી, પરબિડીયાઓ અથવા પ્રાણીઓની મૂર્તિઓ) પોતાની વસ્તુઓ બનાવે છે. | • પોતાના કુટુંબની વંશાવળી સમજાવે છે. | ૭,૮,૯,૧૦ |
| ૩ | મારી શાળા | C-૧.૪ સ્થાનિક સંસ્થાઓ (કુટુંબ, શાળા, બેંક, પોસ્ટ ઓફિસ, બજાર અને ગ્રામ પંચાયત)ની કામગીરીને વિવિધ સ્વરૂપોમાં (વસ્તુઓ, ચિત્રો, કોષ્ટક માહિતી, અહેવાલો) સમજાવે છે અને તેમની ભૂમિકાઓનું વિશ્લેષણ કરે છે. | • સ્થાનિક સંસ્થાઓના કાર્યો અને તેમની ભૂમિકાનું વિશ્લેષણ કરે છે<br>i) શાળાના કાર્યો સમજાવી તેની ભૂમિકાઓનું વિશ્લેષણ કરે છે. | ૧૧,૧૨,૧૩,૧૪,<br>૧૫,૧૬,૧૭<br>૧૧,૧૨,૧૩,૧૪,<br>૧૫,૧૬,૧૭ |
| ૪ | બજાર | C-૧.૪<br>સ્થાનિક સંસ્થાઓ જેમ કે કુટુંબ, શાળા, બેંક, પોસ્ટ ઓફિસ, બજાર અને ગ્રામ પંચાયતની કામગીરીને વિવિધ સ્વરૂપોમાં (વસ્તુઓ, ચિત્રો, કોષ્ટક માહિતી, અહેવાલો) સમજાવે છે અને તેમની ભૂમિકાઓનું વિશ્લેષણ કરે છે. | • બજારના કાર્ય સમજાવે છે અને તેની ભૂમિકાઓનું વિશ્લેષણ કરે છે. | ૧૮,૧૯,૨૦,૨૧,<br>૨૨,૨૩,૨૪,૨૫ |
| અભ્યાસક્રમનો ઉદ્દેશ્ય: CG-૬ આસપાસના પરિસરના વિવિધ પ્રશ્નોના જવાબો શોધવા માટે વિવિધ સ્ત્રોતોમાંથી મેળવેલી માહિતીનો ઉપયોગ કરવો.<br>CG-૪ સામાજિક અને કુદરતી વાતાવરણ પ્રત્યે સંવેદનશીલતા વિકસાવવી.<br>CG-૯ ભારતના ગૌરવશાળી ઈતિહાસમાંની (ખાસ કરીને મહારાષ્ટ્રના સંદર્ભમાં) મહાન વ્યક્તિઓના જીવન અને કાર્યોમાં રુચિ નિર્માણ, રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાન અને સામાજિક પરિવર્તનમાં તેમની ભૂમિકા સમજાવવી. | | | | |
| ૫ | આપણી જરૂરિયાતો અને સમસ્યાઓ | C-૪.૩<br>આસપાસના વાતાવરણમાંના નૈસર્ગિક સંસાધનોના ઉપયોગનું વર્ણન કરે છે.<br>C-૪.૬<br>વિવિધ પરિસ્થિતિઓમાં લોકોની જરૂરિયાતો સમજે છે. જેમ કે: સંસાધનોની ઉપલબ્ધતાની શરતો, સમાન તકો, કાર્યનું વિભાજન, વગેરે.<br>C-૬.૨<br>વ્યક્તિગત રીતે અથવા જૂથોમાં ચોક્કસ પ્રશ્નો વિશે સામાન્ય પૂછપરછ કરે છે.<br>C-૯.૨<br>ચાતુર્ય, ધીરજ અને વિવેકથી વ્યક્તિ પ્રતિકૂળતાઓને દૂર કરી શકે છે. તે વાત મહાન લોકોના જીવનચરિત્રમાંથી આત્મસાત કરે છે. | • આસપાસના વાતાવરણમાં કુદરતી સંસાધનોના સંરક્ષણ વિશે માહિતી આપે છે.<br>• માનવની મૂળભૂત જરૂરિયાતોની યાદી બનાવી તેમનું મહત્વ સમજાવે છે.<br>• ઉપલબ્ધ સંસાધનો અને કુશળતા અનુસાર લોકોમાં શ્રમનું વિભાજન થાય છે તે જણાવ છે.<br>• સ્થાનિક લોકોની સમસ્યાઓ, જરૂરિયાતો વિશે યોગ્ય પ્રશ્નો પૂછીને સમજીને ઉકેલો શોધી સૂચન કરે<br>• પ્રશ્નના આધારે, દિવ્યાંગ લોકો માટે જાહેર સ્થળોએ ઉપલબ્ધ સુવિધાઓ વિશે માહિતી મેળવે છે.<br>i) પરિસરના લોકોની જરૂરિયાતો અને સમસ્યાઓની યાદી તૈયાર કરી તેનું વર્ગીકરણ કરે છે.<br>• તે ઉદાહરણો આપે છે કે કેવી રીતે ચાતુર્ય, હિંમત અને સમજદારી પ્રતિકૂળતાઓને દૂર કરવામાં મદદ કરી શકે છે, તેના ઉદાહરણો આપે છે. | ૨૬,૨૭,૨૮, ૨૯, ૩૦<br>૨૬,૨૭,૨૮,<br>૨૯,૩૦,૩૩,૩૪<br>૩૧,૩૨,૩૩,૩૪,<br>૩૫,૩૬<br>૩૧,૩૨,૩૩,૩૪,<br>૩૫,૩૬<br>૧૩,૧૪,૩૨,૩૩,<br>૩૪,૩૫,૩૬,૮૩<br>૨૬,૨૮,૨૯<br>૩૪,૩૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | જળસાક્ષરતા | C-૯.૩<br>મહાન વ્યક્તિના ચારિત્ર્યમાંથી સમાનતા, ન્યાય પર્યાવરણ રક્ષણ જળસાક્ષરતા વિશે શીખે છે અને તે મુજબ વર્તન કરે છે. | • જળસાક્ષરતાની સંકલ્પનાને સમજીને, મહાન લોકો દ્વારા કરાયેલા જળસાક્ષરતા માટેના કાર્યો વિશે જાણો છે. તેનો અમલ કરે છે. | ૩૭,૩૮,૩૯,૪૦,<br>૪૧,૪૨,૪૩ |
| અભ્યાસક્રમના ઉદ્દેશ્યોઃ CG-૪ સામાજિક અને નૈસર્ગિક પરિસર પ્રત્યે સંવેદનશીલતા વિકસાવવી.<br>CG-૨ અવલોકન અને અનુભવ દ્વારા પર્યાવરણમાં આંતરસંબંધોને સમજીને 'વસુધૈવ કુટુંબકમ' ની વિભાવનાને સમજાવવી.<br>CG-૬ આસપાસના પરિસરના વિવિધ પ્રશ્નોના જવાબો શોધવા માટે વિવિધ સ્ત્રોતોમાંથી મેળવેલી માહિતીનો ઉપયોગ કરવો,<br>CG-૮ માનવ ઉત્ક્રાંતિના તબક્કા, દરેક તબક્કે થયેલા સાંસ્કૃતિક અને સામાજિક ફેરફારોનું આકલન કરવું. | | | | |
| ૭ | ભારતીય પરંપરા અને સાંસ્કૃતિક વિવિધતા | C-૨.૨<br>નૈસર્ગિક પર્યાવરણ અને આસપાસના પરિસરની સાંસ્કૃતિક વ્યવસ્થા (કામના પ્રકારો, ખોરાક, તહેવારો, પરંપરાઓ) વચ્ચેના સંબંધને સમજાવે છે | • પાકની ઋતુ અને તેની સાથે સંકળાયેલા તહેવારો અને ઉજવણીઓ વિશે માહિતી આપે છે.<br>• પરિસરમાંના નૈસર્ગિક પર્યાવરણ અને સાંસ્કૃતિક પરંપરાઓનો સહસંબંધ જાડે છે.<br>• પરિસરના પર્યાવરણીય ઘટકો વિશે માહિતી આપે છે.<br>• આસપાસના પરિસર સાથે સાંસ્કૃતિક પ્રથાઓ/પરંપરાઓનો સહસંબંધ જાડે છે. | ૪૪,૪૫,૫૧<br>૪૬,૪૮<br>૪૬,૪૭,૪૯ |
| | | C-૪.૨<br>આસપાસના પરિસરની સાંસ્કૃતિક વિવિધતા (ખોરાક, પોશાક, રમતો, વિવિધ ઋતુઓ, લણણી અને વાવણી સંબંધિત તહેવારો)નું અવલોકન અને વર્ણન કરે છે. | • પરિસરમાંના લોકોના ખોરાક અને પહેરવેશની વિવિધતાનું વર્ણન કરે છે.<br>• પરિસર રમાતી રમતોનું વર્ણન કરે છે. | ૪૬,૪૯,૫૦,૫૧ |
| | | C-૬.૨<br>ચિત્રો, આકૃતિઓ, કવિતાઓ, નાટકો, સંહિતા, રમતો, મૌખિક અથવા લેખિત અભિવ્યક્તિ દ્વારા અવલોકનો અને નિષ્કર્ષ રજૂ કરે છે. | • પરંપરાગત રમતોના અવલોકનો અને નિષ્કર્ષો રજૂ કરે છે.<br>• પરંપરાગત લોક કલાના અવલોકનો અને નિષ્કર્ષ રજૂ કરે છે. | ૪૮,૪૯,૫૦<br>૪૪,૪૫,૪૭,૫૦ |
| | | C-૮.૨<br>ભૂતકાળ અને વર્તમાનના . રિવાજો, પરંપરાઓ અને તકનીકો વચ્ચેના ફેરફારો વિશે માહિતી મેળવે છે, અને સમજાવે છે | • ભૂતકાળ અને આધુનિક સમયના રિવાજો અને પરંપરાઓ વિશે માહિતી આપે છે. | ૪૭,૪૯,૫૦,૫૧ |
| ૮ | પરિવહન | C-૨.૩<br>વડીલો દ્વારા કહેવામાં આવેલી વાતોના આધારે પર્યાવરણમાં થતા ફેરફારો, કૌટુંબિક અને સામાજિક ફેરફારો (વ્યવસાય, આહારની આદતો, સંસાધનો, સંદેશવહન, સમારંભ) વચ્ચે સંબંધ સ્થાપિત કરે છે. | • પરંપરાગત અને આધુનિક પરિવહનના સાધનોની વિભાવના સમજાવે છે.<br>i) પરિવહનની વિભાવના સમજાવે છે અને પ્રકારો સમજાવે.<br>ii) પરિવહનના પરંપરાગત અને આધુનિક માધ્યમોનું વર્ણન કરે<br>iii) સમય જતાં પરિવહન માધ્યમોમાં થયેલા ફેરફારોનું વર્ણન કરે છે. | ૫૨,૫૩,૫૫,૫૭<br>૫૩,૫૪,૫૫,૫૬,<br>૫૭,૫૮<br>૫૩,૫૪,૫૫,૫૬,<br>૫૭,૫૮<br>૫૩,૫૪,૫૫,૫૬,<br>૫૭,૫૮ |
| અભ્યાસક્રમનો ઉદ્દેશ્યઃ CG-૯ ભારતના ગૌરવશાળી ઇતિહાસ (ખાસ કરીને મહારાષ્ટ્રના સંદર્ભમાં) માંની મહાન વ્યક્તિઓના જીવન અને કાર્યમાં રૂચિ નિર્માણ, રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાન અને સામાજિક પરિવર્તનમાં તેમની ભૂમિકા સમજાવવી. | | | | |
| ૯ | ઐતિહાસિક સ્મારકો | C-૯.૫<br>સ્થાનિક વિસ્તારમાંની ઐતિહાસિક ઘટનાઓ, પ્રસંગો, સ્થળો, સ્મારકો વગેરે વિશે માહિતી સંકલિત કરે છે. | • સ્થાનિક વિસ્તારમાં ઐતિહાસિક ઇમારતો, સ્થળો અને સ્મારકોની મુલાકાત લઈને, તેમની સાથે સંબંધિત ઐતિહાસિક ઘટનાઓ વિશે માહિતી સંકલિત કરે છે અને તેનું વર્ણન કરે છે. | ૫૫,૫૯,૬૦,૬૧,<br>૬૨,૬૩,૬૪ |

| | | | | |
|---|---|---|---|---|
| અભ્યાસક્રમનો ઉદ્દેશ્ય: CG-૯ ભારતના ગૌરવશાળી ઇતિહાસ (ખાસ કરીને મહારાષ્ટ્રના સંદર્ભમાં) માંની મહાન વ્યક્તિઓના જીવન અને કાર્યમાં રૂચિ નિર્માણ કરવી, રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાન અને સામાજિક પરિવર્તનમાં તેમની ભૂમિકા સમજાવવી. | | | | |
| ૧૦ | ગાથાઃ શૌર્યની છે અને ક્રાંતિની | C-૯.૪<br>સામાજિક સમાનતા, ભાઈચારો અને સંવાદિતાના મૂલ્યો સ્થાપિત કરવા માટે સંતો અને સમાજ સુધારકોના પ્રયાસોમાંથી પ્રેરણા મેળવે, અને આ મૂલ્યોને અપનાવવાનો પ્રયાસ કરે છે.<br>C-૯.૬<br>ભારતને સ્વતંત્રતા અપાવનારા મહાપુરૂષો અને ક્રાંતિકારીઓની શૌર્યગાથા વર્ણવિ છે અને ભૂમિકાનું પાલન કરે છે.<br>C-૯.૨<br>ચાતુર્ય, હિંમત અને વિવેકથી, વ્યક્તિ પ્રતિકૂળતાઓને દૂર કરી શકે છે. તે વાત મહાન વ્યક્તિના જીવન ચરિત્રમાંથી આત્મસાત કરે છે.<br>C-૯.૧<br>છત્રપતિ શિવાજી મહારાજ જેવી ઇતિહાસમાંની મહાન વ્યક્તિઓના જીવનની વિવિધ પ્રેરણાદાયી ઘટનાઓનું વર્ણન અને વિશ્લેષણ કરે છે. | • સામાજિક સમાનતા, ભાઈચારો અને સમાનતાના મૂલ્યો સ્થાપિત કરવાનો પ્રયાસ કરનારા મહાન લોકો અને સમાજ સુધારકોની વિશે જણાવે છે. પ્રેરણાદાયી ઘટનાઓમાંથી પ્રેરણા લઈ તે અનુસાર આચરણ કરે છે.<br>• પોતાના વિસ્તારના મહાપુરુષો, સ્વતંત્રતા સેનાની અને ક્રાંતિકારીઓની શૌર્યગાથા વર્ણવે છે અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમના યોગદાન વિશે કહે છે.<br>• ચાતુર્ય, હિંમત અને શાણપણનો ઉપયોગ કરીને જીવનની સમસ્યાઓનો સામનો કરે છે<br>• મહાન લોકોના જીવનની પ્રેરણાદાયી ઘટનાઓનું વર્ણન કરે છે. | ૬૫,૬૬,૬૭,૬૮<br>૬૫,૬૬,૬૭,૬૮<br>૬૬,૬૭,૬૮<br>૬૫,૬૭,૬૮,૬૯ |
| ૧૧ | પર્યાવરણીય સંરક્ષણઃ મારી જવાબદારી | C-૧૦.૫<br>સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ અને અન્ય સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે અને પોતાની જવાબદારીને ઓળખે છે. | • પરિસર સ્વચ્છતા અભિયાનમાં ભાગ લે છે અને તેનું મહત્વ સમજાવે છે.<br>• વૃક્ષારોપણ ઉપક્રમમાં ભાગ લઈને વૃક્ષ સંરક્ષણ માટેની પ્રવૃત્તિઓનું વર્ણન કરે છે. | ૭૦,૭૧,૭૨<br>૭૦,૭૧,૭૨,૭૩, ૭૪,૭૫ |
| અભ્યાસક્રમના ઉદ્દેશ્યોઃ CG-૯ ભારતના ગૌરવશાળી ઇતિહાસમાં (ખાસ કરીને મહારાષ્ટ્ર સંદર્ભમાં) મહાન વ્યક્તિઓના જીવન અને કાર્યમાં રૂચિ નિર્માણ કરવી, રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાન અને સામાજિક પરિવર્તનમાં તેમની ભૂમિકા સમજાવવી,<br>CG-૧૦ બંધારણીય જવાબદારીઓ પ્રત્યે જાગૃતિ લાવવી અને લોકશાહીની વિભાવનાને સમજવી. | | | | |
| ૧૨ | રાષ્ટ્રીય એકતા | C-૧૦.૩<br>મુખ્ય તત્વોની વિભાવનાને સમજે છે અને ભારતની રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપવાના દ્રષ્ટિકોણથી મુખ્ય તત્વોનું અર્થઘટન અને વિશ્લેષણ કરે છે. | • મુખ્ય તત્વોમાં સમાવિષ્ટ રાષ્ટ્રીય એકાત્મતાના મહત્વને જાણે છે. | ૭૬,૭૭,૭૮,૭૯ |
| ૧૩ | ચાલો સાંભળીએ, વાત કરીએ અને સમજીએ | C-૯.૨<br>મહાન લોકોના જીવનચરિત્ર માંથી બોધ લે છે કે ચાતુર્ય, હિંમત અને સમજદારી દ્વારા પ્રતિકૂળતાઓને દૂર કરી શકાય છે.<br>C-૧૦.૬<br>પોતાના વિચારો અને મંતવ્યો મુક્તપણે વ્યક્ત કરે છે, બીજાના મંતવ્યોનો આદર કરે છે અને દરેક સાથે સમાન રીતે વર્તે છે. | • ચાતુર્ય, હિંમત અને સમજદારીથી સંકટનો સામનો કરનાર લોકોના ઉદાહરણ આપે છે.<br>• વિવિધ વિષયો પર પોતાના વિચારો વ્યક્ત કરે છે અને બીજાના મંતવ્યોનો આદર કરે છે. | ૮૦,૮૧,૮૨,૮૩, ૮૪<br>૮૦,૮૧,૮૨,૮૩, ૮૪ |

નકશા વિષયક નોંધ- આ પાઠ્યપુસ્તકમાં ઉપયોગમાં લેવાયેલ નકશા શૈક્ષણિક હેતુ માટે તૈયાર કરવામાં આવ્યા છે. તેનો ઉપયોગ રાજકીય અથવા ભૌગોલિક પ્રમાણ માટે કરવો નહીં, ક્ષતિરહિત નકશાઓ તૈયાર કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમ છતાં જો કોઈપણ ભૂલો હોય તો, તાંત્રિક મર્યાદાઓને કારણે હોઈ શકે છે.

## શિક્ષકો માટે- પાઠ્યપુસ્તકો ભણાવતા પહેલા

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો મુખ્ય ઉદ્દેશ રાજ્યના તમામ વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પતિ સુધારવાનો હોવાથી અધ્યાપન કરાવતા સમયે પાઠ્યપુસ્તકની શરૂઆતમાં પ્રાથમિક પૃષ્ઠોમાં સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિ ધ્યાનમાં રાખવી જરૂરી છે.
- દરેક પાઠના અધ્યાપનનું આયોજન કરતી વખતે અધ્યયન નિષ્પત્તિ અનુસાર પાઠના અધ્યયન અનુભવ અને વિવિધ કૃતિની યોજના કરવી.
- પાઠમાં બહુવિદ્યાશાખીય દ્રષ્ટિકોણને આધારે વિવિધ અધ્યયન અનુભવો આપવામાં આવ્યા છે, તે ધ્યાનમાં લેવું. વિદ્યાર્થીઓને વિવિધ વિષયોની મદદથી એકાત્મિક પદ્ધતિથી સહજપણે અધ્યયન કરી શકાય તે સમજાવવું.
- વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિષયની સમજ વધારી શકાય છે.
- વિદ્યાર્થીઓને વિવિધ અનુભવો પ્રદાન કરતી વખતે, તેઓ ભારતીય જ્ઞાન પ્રણાલી અને પંચકોષ વિશે પણ માહિતી મેળવે તેની કાળજી રાખવી.
- પરિસરમાંના વિવિધ ઘટકોનું જતન, સંવર્ધન, ભારતીય સંસ્કૃતિ, પરંપરા, વિવિધતાનો પરિચય કરાવવો જરૂરી છે. પાઠ્યપુસ્તકની આ ભૂમિકાને ચિત્ર રૂપે વ્યક્ત કરતાં મુખપૃષ્ઠ પર ભારતની વિવિધતા દર્શાવવા માટે ભારતના સ્થૂળ નકશાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. દેશની પ્રગતિ માટે રાષ્ટ્રીય એકાત્મતાનું જતન અત્યંત મહત્વનું છે, તે વાત અધ્યયન અનુભવ કરાવતી વખતે ધ્યાનમાં રાખવી જરૂરી છે.
- પૃષ્ઠ સંખ્યાની મર્યાદાને કારણે પુસ્તકમાં સ્થાનિક પરિસરમાં આવેલા દરેક ઐતિહાસિક સ્થાપત્યો, મહાપુરુષો વગેરેની માહિતી આપવી શક્ય નથી. તેથી અધ્યયન કરાવતી વખતે સ્થાનિક પરિસરમાંના વિવિધ ઉદાહરણોનો સમાવેશ કરવો. ઉપક્રમ, કૃતિમાં પણ સ્થાનિક બાબતોનો સમાવેશ કરવો આવશ્યક છે.
- આપણી જરૂરિયાતો, તેમને પૂર્ણ કરવામાં આવતી સમસ્યાઓ તેમજ પર્યાવરણીય સંરક્ષણ અને જળ સાક્ષરતા જેવા મહત્વપૂર્ણ વિષયો વિશે સરળ ભાષામાં જાગૃતિ લાવવી જરૂરી છે.
- વિદ્યાર્થીઓને તેમના પરિસરમાં આવેલા ઐતિહાસિક સ્થાપત્યોનો પરિચય કરાવી, તેમના સંરક્ષણના મહત્વ વિશે જાગૃત કરવા.
- પાઠ્યપુસ્તકમાં વિષયવસ્તુ વધુ લાંબુ ન થઈ જાય તેથી દરેક પાઠમાં દરેક મુદ્દાની સવિસ્તાર માહિતી-ઉદાહરણ અને સ્પષ્ટીકરણ સહ આપવી શક્ય નથી. શિક્ષકોએ અધ્યયન કરાવતા પહેલા વિવિધ સંદર્ભોના આધારે વિદ્યાર્થીઓ માટે આશય વધુ સરળ બને તે દ્રષ્ટિથી જ્યાં જ્યાં જરૂરી જણાય ત્યાં આવશ્યક માહિતી પૂરી પાડવી.
- શિક્ષકોએ પર્યટન દ્વારા, ક્ષેત્ર મુલાકાતના આયોજન દ્વારા વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવો આપવા જોઈએ. ઉદાહરણ તરીકે, બાલઆનંદ મેળો, સ્થાપત્ય - સ્મારકોની મુલાકાત, વિવિધ સંગ્રહાલયોની મુલાકાત, ક્ષેત્ર મુલાકાત, વગેરે.
- વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ માટે ઉપયોગી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવું જોઈએ.
- વિશેષ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓ બાબતે અધ્યયન અધ્યાપન પ્રક્રિયા કરાવતા સમયે સાંકેતિક ભાષા (Sign Language) તેમજ અન્ય પૂરક વૈજ્ઞાનિક અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કરવો. વિશેષ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓને- જે પદ્ધતિથી શક્ય હોય તે પદ્ધતિથી વ્યક્ત થવાની તક આપવી.

# અનુક્રમણિકા


| પાઠનું નામ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|
| ૧. આપણું કુટુંબ | ૧ |
| ૨. કૌટુંબિક વંશાવળી | ૭ |
| ૩. મારી શાળા | ૧૧ |
| ૪. બજાર | ૧૮ |
| ૫. આપણી જરૂરિયાતો અને સમસ્યાઓ | ૨૬ |
| ૬. જળસાક્ષરતા | ૩૭ |
| ૭. ભારતીય પરંપરા અને સાંસ્કૃતિક વિવિધતા | ૪૪ |
| ૮. પરિવહન | ૫૨ |
| ૯. ઐતિહાસિક સ્મારકો | ૫૯ |
| ૧૦. ગાથા : શૌર્યની અને ક્રાંતિની | ૬૫ |
| ૧૧. પર્યાવરણીય સંરક્ષણઃ મારી જવાબદારી | ૭૦ |
| ૧૨. રાષ્ટ્રીય એકતા | ૭૬ |
| ૧૩. ચાલો સાંભળીએ, વાત કરીએ અને સમજીએ | ૮૦ |



# ૧. આપણું કુટુંબ



મીનાના ઘરમાં ખૂબ ધમાલ હતી. બે દિવસ પછી તેના ભાઈ અભિના લગ્ન હતા. તેથી ઘરમાં ઉત્સાહનું વાતાવરણ હતું. ભાભી આવવાના હોવાથી મીના ખૂબ ખુશ હતી. મીનાના કાકા-કાકી અને પિતરાઈ ભાઈ, મામા-મામી અને મામાની દીકરી, માસી અને માસીના દીકરા-દીકરી, ફઈ, ફઈની દીકરી એમ બધાં જ સગાવહાલાં લગ્ન નિમિત્તે ભેગાં થયાં હતાં. મામા-મામી સાથે તેમનો ચાર વર્ષનો પૌત્ર પણ આવ્યો હતો. દરેક જણ તેની સાથે રમતા અને તેનું ધ્યાન પણ રાખતા.



મીનાના નાના-નાની અને દાદા-દાદી બંને ત્યાં હાજર હોવાથી મીનાને ખૂબ મોજ પડી. મીના અને તેના ભાઈ-બહેન/વડીલોને કામમાં મદદ કરતા હતા. દાદા-દાદી બધાં કામ પર દેખરેખ રાખતાં હતાં. આવેલા મહેમાનોનું સ્વાગત કરતા હતા. બધાં સગાવહાલાં એકબીજા સાથે હળીમળીને હસતા-રમતા કામ કરી રહ્યાં હતાં.

### ઓળખો જોઈએ.

**સગપણ ઓળખો** – પપ્પાના ભાઈ, મમ્મીની બહેન, બહેનની દીકરી, કાકાનો દીકરો.

### કહો જોઈએ!

- તમે તમારા મમ્મી-પપ્પાને કયા કામમાં મદદ કરો છો?
- તેમાંથી તમને ગમતાં કામ કયા?

મીનાના કુટુંબમાં તેના દાદા-દાદી, મમ્મી-પપ્પા, કાકા-કાકી અને ભાઈ-બહેન એક સાથે રહે છે. સીમાદીદી મીનાની સગી બહેન છે. અભિભાઈ મીના અને સીમાનો પિતરાઈ ભાઈ છે, કારણ કે તે મીનાના કાકાનો દીકરો છે, એટલે કે મીના અને સીમા બંને અભિભાઈની પિતરાઈ બહેનો છે.

ચાલો, આ રીતે આપણે આપણા પરિવારનો ચાર્ટ બનાવીએ!




પરિવાર એટલે એકબીજા સાથે સંબંધ ધરાવતા લોકોનો સમૂહ. તેના પ્રકાર નીચે મુજબ છે:



મોટું કુટુંબ

મોટું કુટુંબ: જે કુટુંબમાં માતા-પિતા, દાદા-દાદી, કાકા-કાકી અને પિતરાઈ ભાઈ-બહેનો સાથે રહે છે, તેને મોટું કુટુંબ કહેવાય છે. તેને 'સંયુક્ત પરિવાર' પણ કહેવામાં આવે છે.



નાનું કુટુંબ

નાનું કુટુંબ: જે કુટુંબમાં માતા-પિતા અને તેમના બાળકો સાથે રહે છે, તેને નાનું કુટુંબ કહેવાય છે.



વિસ્તૃત કુટુંબ

**વિસ્તૃત કુટુંબઃ** આપણા માતાના પક્ષના અને પિતાના પક્ષના સગાં-સંબંધીઓ એટલે 'આપણું વિસ્તૃત કુટુંબ'. વિસ્તૃત પરિવારના સભ્યો એક જ ઘરમાં સાથે રહેતા નથી. જો કે, તેઓ સમયે-સમયે એકબીજાને મદદ કરે છે. તેઓ એકબીજાની સંભાળ રાખે છે. તેઓ એકબીજાના સુખ-દુ:ખની ક્ષણોમાં સહભાગી બને છે.

**એક જ વાલી ધરાવતું કુટુંબઃ** કેટલાંક પરિવારોમાં, માતા-પિતામાંથી એક જ વાલી બાળકોની સંભાળ રાખે છે. તે/તેણી તેમને ઉછેરે છે. આવા પરિવારને 'એક વાલી ધરાવતું કુટુંબ' કહેવામાં આવે છે.



એક વાલી ધરાવતું કુટુંબ

### ચર્ચા કરો.

- મીનાના પરિવારનો પ્રકાર જણાવો.
- તમારો પરિવાર ક્યા પ્રકારનો છે, તે કહો?

સીમાની બહેનપણી સુષ્મિતા અને યાસ્મીને દરવાજાની સામે સુંદર રંગોળી દોરી હતી, જ્યારે અભિભાઈના મિત્રો ડેવિડ અને ગુરુદીપે ઘરને ફૂલોની માળાથી શણગાર્યું હતું.



મીનાના પડોશીઓ પણ મદદ કરવા આવ્યા. જો કોઈને ત્યાં પ્રસંગ હોય, તો બધા સાથે મળીને ઉજવે છે. જરૂર પડ્યે એકબીજાને મદદ પણ કરે છે. ગયા વર્ષે મીનાના દાદા બીમાર હતા, ત્યારે તેના પાડોશીઓએ ખૂબ મદદ કરી હતી. રજાઓ દરમિયાન, પાડોશનાં નાનાં બાળકો સાંજે મીનાના આંગણામાં ભેગા થાય છે. મીનાના દાદી તેમને સુંદર વાર્તાઓ કહે છે.

### કહો જોઈએ!

તમે તમારા પાડોશીઓ સાથે કયા તહેવારો/પ્રસંગો ઉજવો છો?

### શું તમે જાણો છો?

આપણે પોતે, આપણો પરિવાર, મિત્રો, સહકાર્યકરો, પાડોશીઓ વગેરે આપણા સમાજના ઘટકો છીએ. વિવિધ પરિવારો મળીને એક સમાજ બને છે.

મીનાના ઘરે એક કૂતરો અને એક બિલાડી હતી. ઘરમાં આટલા બધા લોકોને જોઈને કૂતરો મોતી ખૂબ ખુશ હતો. તે પૂંછડી પટપટાવતો ઘરમાં ફરતો હતો. રાત્રે ભોજન પછી, પરિવારના કેટલાક સભ્યો સાપ-સીડી રમવા બેઠા, ત્યારે મોતી પણ ત્યાં આવીને બેઠો. જો કે, મની મ્યાઉં (બિલાડી) તો રોજની જેમ દૂધ પીધા પછી, ખૂણામાં સૂઈ ગઈ. મીનાના આંગણાના એક ખૂણામાં, બે માટીના વાસણો છે. મીના દરરોજ તેમાં, પક્ષીઓ માટે પાણી અને ચણ નાખે છે.


સાપ-સીડીની રમત રમતા

- આપણા પરિસરમાં રહેલા વૃક્ષો, પ્રાણીઓ અને પક્ષીઓ આપણા જીવનના મહત્વપૂર્ણ ઘટકો છે.
- આપણે વૃક્ષો વાવીએ છીએ, વિવિધ પ્રાણીઓ અને પક્ષીઓની સંભાળ રાખીએ છીએ.
- આપણે ભેગા મળીને વિવિધ તહેવારો અને ઉત્સવો ઉજવીએ છીએ.

### ચાલો, લખીએ.

| કામ | ઘરે આ કામ કોણ કરે છે? |
|---|---|
| રસોઈ બનાવવી | |
| ઘરની સફાઈ | |
| કપડાં ધોવાં | |
| બજારમાંથી ખરીદી કરવી | |
| વૃદ્ધો/બીમારની સંભાળ રાખવી | |

### ચિત્રોમાં લોકો શું કરી રહ્યા છે તે લખો.









કુટુંબ નાનું હોય કે મોટું, કુટુંબના લોકો હળીમળીને એક સાથે રહે છે, એકબીજાનું ધ્યાન રાખે, છે. એકબીજાને મદદ કરે છે, સાથે મળીને કામ કરે છે. તેમના મનમાં એકબીજા પ્રત્યે પ્રેમ-આદરની ભાવના હોય છે. કુટુંબનું વાતાવરણ સુરક્ષિત હોય છે. જુદી જુદી સંસ્કૃતિના અનેક કુટુંબો મળીને સમાજ તૈયાર થાય છે. આનંદી કુટુંબો મળીને આનંદી સમાજનું નિર્માણ કરે છે.

## કરી જુઓ.

* તમારા વિસ્તૃત પરિવારના સભ્યોની યાદી બનાવો.
* પાડોશમાં રહેતા કુટુંબના લોકો વિશે માહિતી મેળવો.

## સ્વાધ્યાય

**પ્ર.૧ કોણ તે લખો.**

(ક) મામા અને મામી સાથે આવનાર -------------------------

(ખ) બધા કામ પર દેખરેખ રાખનાર -------------------------

(ગ) વડીલોને મદદ કરનાર -------------------------

(ઘ) મીનાના પિતરાઈ ભાઈ -------------------------

**પ્ર.૨ કોણ કોણ રહે છે તે લખો.**



નાનું કુટુંબ

-------------------------
-------------------------
-------------------------
-------------------------



એક વાલી ધરાવતું કુટુંબ

-------------------------
-------------------------
-------------------------
-------------------------



મોટું કુટુંબ

-------------------------
-------------------------
-------------------------
-------------------------

**પ્ર.૩ તમારા પરિવારના નીચેના સભ્યો ઘરમાં શું કામ કરે છે, તે લખો.**

(ક) માતા ..........................................................................

(ખ) પિતા ..........................................................................

(ગ) દાદી ..........................................................................

(ઘ) દાદા ..........................................................................

(ચ) હું ..........................................................................

(છ) મારા ભાઈ-બહેન ..........................................................................

**પ્ર.૪. નીચેનાં ખોટાં વિધાનોને સુધારીને લખો.**

(ક) સીમા મીનાની પિતરાઈ બહેન છે.

..........................................................................

(ખ) વિસ્તૃત પરિવારમાં ફક્ત પિતાના પક્ષના સંબંધીઓ હોય છે.

..........................................................................

(ગ) પાલતું પ્રાણી પરિવારના સભ્યો નથી.

..........................................................................

**પ્ર.૫ બેથી ત્રણ વાક્યોમાં જવાબો લખો.**

(ક) અભિભાઈના લગ્ન માટે કોણે કઈ તૈયારીઓ કરી?

(ખ) પરિવારમાં તમારી કઈ કઈ જરૂરિયાતો પૂર્ણ થાય છે?

(ગ) તમારું પ્રિય પાલતું પ્રાણી કયું છે? તમે તેની સંભાળ કેવી રીતે રાખો છો?

**ઉપક્રમ**

- તમારા પરિવારના સભ્યોના ફોટા સ્ટીકી નોટબુકમાં ચોંટાડો. ફોટાની નીચે તે વ્યક્તિ સાથેનું તમારું સગપણ લખો.
- તમારા પરિસરમાંનાં પાલતું પ્રાણીઓ અને પક્ષીઓની યાદી બનાવો.

***



# ૨. કૌટુંબિક વંશાવળી



કબાટમાં સાફસફાઈ કરતી વખતે, વર્ષાને તેના માતાપિતાના લગ્નનું આલ્બમ મળ્યું. તેણે જોયું કે આલ્બમમાં રહેલા લોકો આજના કરતા થોડા અલગ દેખાતા હતા. તેમાં માતા-પિતા સાથે આખા કુટુંબનો એક ફોટો હતો. વર્ષાએ તેની માતાને તેના વિશે પૂછ્યું. તેની માતાએ તેને કહ્યું, ''વર્ષા, આ આપણા આખા પરિવારનો સમૂહ ફોટો છે. ચાલ, કહે કે તું આમાંથી કોને કોને ઓળખે છે?'' વર્ષાએ ફોટો ધ્યાનથી જોયો અને તે જેને જેને ઓળખતી હતી, તેમના નામ-સંબંધીઓના નામ આપ્યા. જો કે, તે કેટલાક લોકોને ઓળખી શકી નહીં.

''મમ્મી, આ ફોટામાં કોણ છે?'' વર્ષાએ પૂછ્યું. મમ્મીએ કહ્યું, ''વર્ષા, આ તારા પપ્પાના દાદી છે.'' વર્ષાને તેના પપ્પાના દાદી એટલે કે, તેના પરદાદીને જોઈને આનંદ થયો. તેને પોતાના માતા-પિતા, તેમના માતા-પિતા એટલે કે તેના દાદા-દાદી અને નાના-નાનીના ફોટા જોવા મળ્યા. તેને પોતાના પિતા, દાદા અને પરદાદા એમ ત્રણ પેઢીઓનો પરિચય થયો. પેઢી એટલે દરેક પરિવારમાં પૂર્વે હતાં તે વ્યક્તિ. જુઓ, વર્ષાને તેના માતા-પિતા, દાદા-દાદી અને તેમના પણ માતા-પિતા. એમ પોતાના કુટુંબની વંશાવળી કહેતા આવડી.



હું તારા પપ્પાની માતા છું,
હું તારી કોણ છું?
-----------------------------

હું તારા પિતાનો દીકરો છું,
હું તારો કોણ છું?
-----------------------------

હું તારી માતાની માતા છું,
હું તારી કોણ છું?
-----------------------------

હું તારી માતાના પિતા છું,
હું તારો કોણ છું?
-----------------------------

કહો કે હું કોણ છું?



હું તારા પપ્પાના પપ્પા છું,
હું તારો કોણ છું?
-----------------------------

હું તારા પપ્પાનો ભાઈ છું,
હું તારો કોણ છું?
-----------------------------

હું તારા પિતાની દીકરી છું,
હું તારી કોણ છું?
-----------------------------

હું તારા પપ્પાની બહેન છું,
હું તારી કોણ છું?
-----------------------------

## વંશાવળી

વંશાવળી એટલે પરિવારના સભ્યોની પેઢી અનુસાર કરવામાં આવેલી માંડણી. તેમાં માતા-પિતા, દાદા-દાદી અને પરદાદી-પરદાદાનો સમાવેશ થાય છે.

વંશાવળી આપણા પરિવારનો એક નાનો ઇતિહાસ છે. વંશાવળી દ્વારા આપણા પરિવારનો ઇતિહાસ જાણી શકાય છે. આપણા પરિવારના પૂર્વજો કોણ હતા, તે જાણી શકીએ છીએ. આપણી વંશાવળી દ્વારા આપણને આપણા પરિવારના સભ્યોના નામ અને અટકની જાણકારી મળે છે .

**નીચેની આકૃતિના આધારે વંશાવળી એટલે શું, તે સમજીએ.**



### ચાલો, શીખીએ.




વર્ષાનું કુટુંબ વૃક્ષ

### વંશાવળીનો અભ્યાસ શા માટે કરવામાં આવે છે?

* **કૌટુંબિક ઇતિહાસ સમજવા :** કુટુંબનો ઇતિહાસ અને આપણા પૂર્વજો વિશે માહિતી મેળવવા માટે વંશાવળીનો અભ્યાસ કરીએ છીએ.
* **સંબંધ- સગપણ સમજવા માટે :** પરિવારના સભ્યોના સંબંધો અને તેમના એકબીજા સાથેના સંબંધો વંશાવળી દ્વારા ધ્યાનમાં આવે છે.
* **વંશની માહિતી મેળવવા માટે :** આ પદ્ધતિ વ્યક્તિ કે પરિવારની મૂળ ઓળખ શોધવામાં મદદ કરે છે.

### વંશાવળી કેવી રીતે તૈયાર કરવામાં આવે છે?

કુટુંબની વંશાવળી એક મોટા વૃક્ષ, એટલે કે કુટુંબવૃક્ષના રૂપમાં નોંધવામાં આવે છે. દરેક નવી પેઢીનો જન્મ એટલે કુટુંબવૃક્ષનું વિસ્તરણ. કુટુંબવૃક્ષ દ્વારા, પરિવારના બધા સભ્યોને તેમના પૂર્વજો વિશે માહિતી મળે છે. આથી નવી પેઢી, જૂની પેઢીઓને ઓળખે છે.



## સ્વાધ્યાય

**પ્ર.૧ સાચી જોડી જોડો.**

| જૂથ 'અ' | ઉત્તર | જૂથ 'બ' |
|---|---|---|
| ૧. માતાનો ભાઈ | ------------- | (ક) ફઈ |
| ૨. પિતાની બહેન | ------------- | (ખ) કાકા |
| ૩. માતાની બહેન | ------------- | (ગ) મામા |
| ૪. પિતાનો ભાઈ | ------------- | (ઘ) માસી |

**પ્ર.૨ નીચેનાં વિધાન સાચાં છે કે ખોટાં તે લખો, ખોટાં વિધાન સુધારી ફરીથી લખો.**

(ક) પેઢી એટલે પરિવારમાં પૂર્વે રહેલી વ્યક્તિ. [ ]

------------------------------------------------------------

(ખ) પિતાના પક્ષના બધા સંબંધીઓની અટક સમાન હોતી નથી. [ ]

------------------------------------------------------------

(ગ) વંશાવળીના અભ્યાસ દ્વારા પરિવારનો ઇતિહાસ જાણી શકાતો નથી. [ ]

------------------------------------------------------------



## પ્ર.૩ ઓળખો અને લખો.

| | | | |
|---|---|---|---|
| ક્યારેક ઝઘડે, ક્યારેક હસાવે, રમતા રમતા મને રડાવે, મમ્મીના હાથની વિશેષ વાનગી મેળવતો, તે છે મારો<br>------------ | પ્રેમનું ઝાડ, માયા ની છત, તેના સિવાય મને જરાય ના ગમે, તે છે મારી<br>------------ | પપ્પાની બહેન લડાવે મને લાડ, મારા માટે લાવતા રમકડાં ને મીઠાઈ, તે છે મારા<br>------------ | મમ્મીના ભાઈ કહે ફરવા જઈએ; હસાવે, રમાડે, ભાગ અપાવે માટે મને ગમે, તે છે મારા<br>------------ |

## પ્ર.૪. તમારી અને તેમની વચ્ચેના સંબંધો લખો.

માતાના પક્ષના સંબંધી: ------------------------------------------------------------

------------------------------------------------------------------------------------

પિતાના પક્ષના સંબંધીઓ: ----------------------------------------------------

------------------------------------------------------------------------------------

## પ્ર.૫ નીચેના પ્રશ્નોના જવાબ બેથી ત્રણ વાક્યોમાં લખો.

(ક) કુટુંબની વંશાવળીમાંથી તમને કઈ માહિતી મળે છે?

(ખ) વંશાવળી કેવી રીતે તૈયાર કરવામાં આવે છે?

### ઉપક્રમ

- તમારા માતા-પિતા સાથે ચર્ચા કરો. તમારા પૂર્વજોના ફોટા મેળવી તમારું કુટુંબવૃક્ષ તૈયાર કરો.
- માતા-પિતાની મદદથી તમારા માતાના પક્ષના સગા-સંબંધીઓની અટકની યાદી તૈયાર કરો.

***



# ૩. મારી શાળા



**અમે રોજ શાળાએ જઈએ,**
લખીએ, વાંચીએ ને શીખીએ,
રમીએ ને વળી વ્યાયામ કરીએ,
હોશિયાર અમે સૌ થઈએ,
અમે રોજ શાળાએ જઈએ.

ગીતો ગાઈએ ને વળી,
નાટક અમે ભજવીએ,
ચિત્રો દોરીએ ને નૃત્ય કરીએ,
અમે રોજ શાળામાં જઈએ.

મિત્રો સાથે મસ્તી કરીએ,
હસતા રમતા મોટા થઈએ,
દેશનું ભાવિ ઉજ્વળ કરીએ,
અમે રોજ શાળાએ જઈએ.



**મને ખૂબ ખૂબ ગમે છે મારી શાળા,**
**લડાવતી લાડ જાણે બની મારી મા.**

શાળાના મેદાનને રંગબેરંગી પતાકાઓથી શણગારવામાં આવ્યું હતું. શાળાની વાર્ષિક રમતગમત સ્પર્ધા ચાલી રહી હતી. બાળકો ખૂબ મજા કરી રહ્યાં હતાં. દોડ સ્પર્ધામાં રોહિત પ્રથમ આવ્યો. રોહિતના હરીફ મિહિરે રોહિતને અભિનંદન આપ્યા. પછી કબડ્ડીની રમત શરૂ થઈ. તે માટે નીતાની ટીમ મેદાનમાં ઉતરી હતી. બાળકો બૂમો પાડીને તેમનો ઉત્સાહ વધારી રહ્યાં હતાં.



કબડ્ડી રમતી છોકરીઓ



કહો જોઈએ!

* શાળાના રમતના મેદાનમાં તમે કઈ કઈ રમતો રમો છો?

## શાળા એટલે શું?

શાળા એટલે એવી જગ્યા, જ્યાં આપણે ભણવા જઈએ છીએ. જ્યાં આપણે નિયમોનું પાલન કરતા શીખીએ છીએ.

સમયસર શાળાએ આવવું, શાળાનો ગણવેશ પહેરવો, શાળાના પરિપાઠ માટે લાઈનમાં ઉભા રહેવું, વગેરે દ્વારા આપણે શિસ્ત શીખીએ છીએ. જુદા જુદા પરિવારોના છોકરા- છોકરીઓ શાળામાં અભ્યાસ કરવા આવે છે. આપણે તેમની સાથે મૈત્રીપૂર્ણ સંબંધ કેળવીએ છીએ. આપણે આપણા મિત્રો સાથે હળીમળીને રહીએ છીએ. એકબીજાને મદદ કરીએ છીએ. એકબીજાની સંભાળ રાખીએ છીએ.

આપણે શિક્ષકોનો આદર કરતા શીખીએ છીએ. શાળામાં શિક્ષકો આપણને વિવિધ વિષયો શીખવે છે. તેમનો આપણી સાથેનો સંબંધ શિક્ષક-વિદ્યાર્થીનો હોય છે. સમાજમાં કેવી રીતે વર્તવું તે આપણે શાળામાં શીખીએ છીએ. આ શિક્ષણ દ્વારા, આપણે સારા નાગરિક બનીએ છીએ. શાળા આપણા જીવનમાં કુટુંબ જેટલું જ મહત્વ ધરાવે છે.



### શું તમે જાણો છો?

શાળાના ગણવેશને કારણે વિદ્યાર્થીઓમાં સમાનતા, શિસ્ત અને એકતાની ભાવના નિર્માણ થાય છે. શાળાનો ગણવેશ વિદ્યાર્થીઓમાં શાળા પ્રત્યે પોતાપણાની ભાવના પેદા કરે છે. શાળાનો ગણવેશ શાળાની ઓળખ છે.

**નીચે આપેલાં ચિત્રોમાં શાળા માટે આવશ્યક સાધનો દર્શાવ્યા છે, તેને ઓળખી નામ લખો.**

- **ભૌતિક ઘટક :** ઇમારત, બોર્ડ, ચૉક, ડસ્ટર, બાંકડા, ઘંટ, પુસ્તકો, નોટબુક, પેન્સિલ, રબર, સીસી ટીવી કેમેરા, ફરિયાદપેટી, પ્રયોગશાળા, મેદાન, સંરક્ષક દિવાલ, પીવાના પાણીની સુવિધા, માર્કર, સફેદ બોર્ડ, સ્માર્ટ બોર્ડ, પાટી, રેમ્પ, પુસ્તકાલય, આંગણું, સંગણક કક્ષ, પ્રાથમિક ઉપચાર પેટી, છોકરાઓ અને છોકરીઓ માટે અલગ શૌચાલય, હેન્ડ વૉશ સ્ટેશન, સ્કૂલ બસ, વગેરે.



## શું તમે જાણો છો?

શાળામાં, પગથિયાની બાજુમાં એક રૅમ્પ બનાવવામાં આવે છે. આ રૅમ્પના કારણે દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે વ્હીલચૅરમાં બેસીને શાળાએ આવવા-જવાનું શક્ય બને છે.



- **માનવ ઘટક:** વિદ્યાર્થી, વાલી, શિક્ષક, આચાર્ય, ઑફિસ કર્મચારી, સ્વચ્છતા કર્મચારી, શાલેય પોષણ આહાર રસોઈયા અને તેના સહાયકો, વગેરે.

વિરાજની શાળામાં શાલેય મંત્રીમંડળની ચૂંટણી હતી. શાળાના મંત્રીમંડળ માટે મુખ્ય મંત્રી, શિસ્ત મંત્રી, સ્વચ્છતા મંત્રી, શિક્ષણ મંત્રી, સાંસ્કૃતિક મંત્રી અને રમતગમત મંત્રીની પસંદગી થવાની હતી. બધા વિદ્યાર્થીઓએ મતદાન કર્યું. વિરાજને સાંસ્કૃતિક મંત્રી ચૂંટવામાં આવ્યો. તેથી હવે શાળામાં યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમોની જવાબદારી તેણે સંભાળવાની છે.



શાલેય મંત્રીમંડળની ચૂંટણી

**કૃતિ - તમારી શાળામાં સ્વચ્છતા સપ્તાહની ઉજવણી કરવાની છે. તમારા વર્ગના વિદ્યાર્થીઓને ત્રણ જૂથમાં વિભાજિત કરી, કાર્યોની વહેંચણી કરી, નીચેના કોષ્ટકમાં નોંધ કરો.**

| જૂથ 'અ' | જૂથ 'બ' | જૂથ 'ક' |
|---|---|---|
| ---------------------------- | ---------------------------- | ---------------------------- |
| ---------------------------- | ---------------------------- | ---------------------------- |

- શાળામાં, વિદ્યાર્થીઓ શાળાનાં જુદાં જુદાં કાર્યો કરવાની જવાબદારી ઉપાડે છે.
- શાળા આપણને જ્ઞાન આપે છે. સમસ્યાઓ ઉકેલતા શીખવે છે. તે આપણને સાથે મળીને કામ કરતાં શીખવે છે. માટે જ શાળા સમાજ માટે ખૂબ ઉપયોગી સંસ્થા છે.
- શાળામાં, દરેક વ્યક્તિને બોલવાની, પોતાના વિચારો વ્યક્ત કરવાની અને બીજાના વિચારો અને મંતવ્યો સાંભળવાની ટેવ પડે છે. શાળામાં, આપણે લોકશાહીના મૂલ્યો શીખીએ છીએ. આપણા દેશનો કારભાર પણ આ રીતે ચાલે છે. આને જ 'લોકશાહી' કહેવાય છે.

### કહો જોઈએ!

* તમારી શાળામાં તમને કયું સ્થળ સૌથી વધુ ગમે છે? શા માટે?
* જો તમે એક દિવસ માટે શિક્ષક બનો, તો તમે કઈ તૈયારીઓ કરશો?



## કરી જુઓ.

નિરંજને એક નકશાની રૂપરેખા બનાવી  છે.

તમે તમારા ઘરથી તમારી શાળા સુધીનો નકશો દોરો.




ઘરેથી શાળા-નકશાની રૂપરેખા

**શિક્ષણનો અધિકાર:** ભારત સરકારે ‘બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ - ૨૦૦૯’ લાગુ કર્યો છે. આ મુજબ, ભારતમાં દરેક બાળકને શિક્ષણનો અધિકાર છે.

समग्र शिक्षा Samagra Shiksha



## શું તમે જાણો છો?



મહાત્મા જોતિરાવ ફૂલે

મહાત્મા જોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેએ છોકરીઓને શિક્ષણ મળે તે માટે ખૂબ મહેનત કરી હતી. મહાત્મા જોતિરાવ ફૂલેએ ૧ જાન્યુઆરી, ૧૮૪૮ના રોજ પુણેના ભીડેવાડામાં કન્યા શાળા શરૂ કરી હતી. જે મહારાષ્ટ્રની પ્રથમ કન્યાશાળા હતી. શરૂઆતમાં, મહાત્મા ફુલે અને સાવિત્રીબાઈ ફૂલે કન્યા શાળામાં શિક્ષક તરીકે કાર્ય કરતા હતા. સાવિત્રીબાઈ ફૂલે પ્રથમ ભારતીય મહિલા શિક્ષિકા હતા.




સાવિત્રીબાઈ ફૂલે



## સ્વાધ્યાય

**પ્રશ્ન ૧. યાદી તૈયાર કરો.**

શાળામાં તમને ગમતી બાબતો

| |
|---|
| |
| |
| |
| |
| |



**પ્રશ્ન ૨. નીચે આપેલા ઘટકોનું વર્ગીકરણ કરીને કોષ્ટકમાં યોગ્ય સ્થાને લખો.**

(ઇમારત, શિક્ષક, સ્વચ્છતા ગૃહ, આચાર્ય, શાલેય પોષણ આહાર, રસોઈયા, પુસ્તકાલય, વિદ્યાર્થી, પ્રયોગશાળા, રૅમ્પ, વાલી, મેદાન, ફરિયાદ પેટી, સંગણક કક્ષ)

| ભૌમિતિક ઘટક | માનવ ઘટક |
| --- | --- |
| ........................................ | ........................................ |
| ........................................ | ........................................ |

**પ્રશ્ન ૩. નીચેની કૃતિ પૂર્ણ કરો.**

**શાળામાં નીચેની વ્યક્તિઓના કાર્ય વિશે એક વાક્ય લખો.**



શાલેય પોષણ આહાર રસોઈયા



વર્ગ શિક્ષક, વર્ગમિત્ર



વાલી



આચાર્ય



સ્વચ્છતા મંત્રી

## પ્રશ્ન ૪ અહીં તમે શું કરશો ?



વાંચનખૂણો

-------------------------------------------

-------------------------------------------

-------------------------------------------



રમતનું મેદાન

-------------------------------------------

-------------------------------------------

-------------------------------------------




આંગણખેતી

-------------------------------------------

-------------------------------------------

-------------------------------------------

## પ્રશ્ન ૫ શાળામાં શીખવા મળતી બાબતો વિશે લખો.

-------------------------------------------

-------------------------------------------

-------------------------------------------

-------------------------------------------

### ઉપક્રમ

- દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે કઈ કઈ સુવિધાઓ હોવી જોઈએ? શિક્ષકોની મદદથી માહિતી મેળવીને લખો.
- મિત્ર સાથે ચર્ચા કરીને શાલેય અભ્યાસમાં તંત્રજ્ઞાનનો ઉપયોગ વિશે લખો.

***





# ૪. બજાર






બાળઆનંદ મેળો - બાળકો વિવિધ વસ્તુઓ વેચી રહ્યા છે, માતા-પિતા ખરીદી રહ્યા છે.

બાળઆનંદ મેળામાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વસ્તુઓની ખરીદ-વેચાણ માટે માંડવામાં આવેલી દુકાનો, બજારનું નાનું સ્વરૂપ છે. નેહા અને સલિલે બાળઆનંદ મેળામાં જાતે તૈયાર કરેલા ભેટકાર્ડ વેચાણ માટે મૂક્યા હતા. જ્યારે મેળો પૂરો થયો, ત્યારે તેઓ પૈસા ગણી રહ્યા હતા.

''અરે સલિલ, આપણને વધુ પૈસા મળ્યા અને ફાયદો થયો.'' નેહાએ ખુશીથી કહ્યું.

''હવે પછી, ભેટકાર્ડની સાથે કોડિયા પણ રંગીને વેચીશું.''



## કહો જોઈએ!

- શું તમે ક્યારેય બાળઆનંદ મેળામાં ભાગ લીધો છે? તમે ત્યાં ખરીદી કરી કે વેચાણ?
- બાળઆનંદ મેળામાં તમે કઈ વસ્તુ વેચવાનું પસંદ કરશો?



બજાર એટલે એવું સ્થળ જ્યાં જુદી જુદી વસ્તુઓનું ખરીદ-વેચાણ કરવામાં આવે છે. વસ્તુઓનું વેચાણ કરનારને વિક્રેતા કહેવાય છે. વસ્તુઓ વેચાતી લેનાર અથવા ખરીદનારને ગ્રાહક કહેવાય છે. બજારમાં અનેક લોકો ભેગા થાય છે.



## શું તમે જાણો છો ?

બજારના અનેક પ્રકાર છે. બજાર શહેરમાં પણ હોય છે અને ગામડામાં પણ હોય છે.




ચાલો, પહેલા ગામમાં ભરાતા સાપ્તાહિક બજારમાં જઈએ.

આ રઘુ અને રમાના ગામનું બજાર છે. તેઓ તેમના માતા-પિતા સાથે બજારમાં આવ્યા છે. આ સાપ્તાહિક બજાર છે. સાપ્તાહિક બજાર અઠવાડિયાના એક નિશ્ચિત દિવસે ભરાય છે. અહીં દર બુધવારે બજાર ભરાય છે. ગ્રામજનો આ સાપ્તાહિક બજારની આતુરતાથી રાહ જુએ છે. નજીકના ગામડાના ખેડૂતો તેમના ખેતરોમાંથી તાજા શાકભાજી અને અનાજ વેચવા માટે લાવે છે. ઘણા કારીગરો વેચાણ માટે વિવિધ પ્રકારની વસ્તુઓ લાવે છે. આજકાલ, શહેરોમાં પણ સાપ્તાહિક બજારો ભરાય છે. ત્યાં ગ્રાહકો અને વેચાણકર્તાઓ એકબીજાને સારી રીતે ઓળખે છે. સાપ્તાહિક બજાર નિમિત્તે લોકો એકબીજાને મળે છે.



સાપ્તાહિક બજાર

ગામની નજીક ખુલ્લી જગ્યામાં સાપ્તાહિક બજાર ભરાયું હતું. બજારમાં કેટલાક વિક્રેતાઓ જમીન પર સામાન પાથરીને બેઠા હતા. કેટલાકે લાકડાના બાંકડા પર કામચલાઉ દુકાનો બનાવી હતી. લીલા પાંદડાવાળા શાકભાજી, રંગબેરંગી ફૂલો, તાજા ફળો, મસાલા, સેવ-પાપડી ફરસાણ અને મીઠાઈઓથી બજાર જાણે કે છલકાતું હતું. સુતરાઉ કાપડ, ટોપીઓ, સાડીઓ, માટી અને ધાતુના વાસણો, ટોપલીઓ, કૃષિ સંસાધનો જેવી બીજી ઘણી વસ્તુઓ વેચાણ માટે મૂકવામાં આવી હતી. ગ્રાહકોને આકર્ષવા માટે, વિક્રેતાઓ બૂમો પાડીને તેમના માલની જાહેરાત કરી રહ્યા હતા. કેટલીક જગ્યાએ, ગ્રાહકો અને વિક્રેતાઓ વચ્ચે માલની કિંમત અંગે ભાવતાલ ચાલતો હતો. એકંદરે, બજારનું વાતાવરણ ઉત્સાહ અને ઘોંઘાટથી ભરેલું હતું.

પપ્પાના કહ્યા પ્રમાણે રઘુ ઘરેથી જ કઈ કઈ વસ્તુઓ ખરીદવાની છે, તેની યાદી તૈયાર કરીને આવ્યો હતો.

**રમાએ પોતાની સાથે કેટલીક નાની- મોટી કાપડની થેલીઓ લીધી હતી.**



## વિચાર કરો.

**બજારમાં જતી વખતે હંમેશા પોતાની સાથે કાપડની થેલીઓ શા માટે રાખવી જોઈએ?**

ઘરમાં કેટલાક લોકોનો બીજા દિવસે ઉપવાસ હોવાથી ફળો લેવાનાં હતાં. બજારની શરૂઆતમાં જ તાજાં ફળોની લારી હતી. લારી પર બધાં ફળ ખૂબ સુંદર રીતે ગોઠવવામાં આવ્યાં હતાં.

''નમસ્તે કાકા, મને એક ડઝન કેળા આપો,'' રઘુએ કહ્યું.

''પપ્પા, આપણે પેરુ પણ લઈએ,'' લીલાછમ પેરુ સામે જોઈને રમાએ કહ્યું.

''ભલે! ભાઈ એક કિલો પેરુ આપો.'' પપ્પાએ એક ડઝન કેળા સાથે એક કિલો પેરુ પણ લીધા.

શાકભાજી લેતી વખતે રમાએ કહ્યું, ''પપ્પા, કારેલાં અને સુવાની ભાજી સિવાય જે લેવું હોય તે લેજો.''

ત્યારે પપ્પાએ રમાને સમજાવતા કહ્યું, ''રમા, કેટલીક વસ્તુઓ ગમે છે તે માટે નહીં પરંતુ જરૂરી છે, માટે કરવાની હોય છે. ખોરાકની બાબતમાં પણ તેવું જ છે. દરેક શાકભાજીમાં વિશિષ્ટ પોષક મૂલ્યો રહેલા છે. જે આપણા શરીરને મળવા જ જોઈએ ને? મીઠો, કડવો, તૂરો, ખારો, ખાટો અને તીખો એમ બધા જ રસ આપણને મળવા જોઈએ. તો જ આપણું આરોગ્ય સારું રહે છે. આપણે તને ભાવતા ભીંડા અને રઘુને ભાવતી પાલક પણ લઈશું''.

રઘુએ ખરીદીની યાદી જોઈને પપ્પાને કહ્યું, ''પપ્પા, હવે મનસુખલાલકાકાની દુકાનમાંથી મીઠી સેવ અને રેવડી લેવાની છે. દાદીએ મને વાટ માટે કપાસ લાવવા કહ્યું છે. એક સાવરણી પણ લેવાની છે. પાડોશના કાકી બજારમાં આવી શક્યા નથી, માટે તેમણે મને અથાણાં માટે એક કિલો મરચાં લાવવા કહ્યું છે.''

બધી ખરીદી પૂરી થયા પછી, પપ્પાએ રમા માટે લાલ અને લીલા રંગની લાખની બંગડીઓ અને રઘુ માટે ભમરડો ખરીદ્યો.

એટલામાં જ રમાની નજર સામેની બાજુએ રંગીન કાચના મણકાઓ ભરેલા મોટા ટોપલાઓ અને પિત્તળની ઘંટીઓ પર પડી. ત્યાં રમાની બહેનપણી વર્ષા તેના દાદા સાથે ખરીદી કરી રહી હતી.

''તેમના ઘરે ગાયો છે ને. તેઓ તેમની કપિલા ગાય અને બળદના ગળાની માળા માટે રંગીન મણકા અને ઘંટીઓ લેતા હશે. બેલપોળાના દિવસે બળદના સુશોભન માટે કામ લાગશે,'' પપ્પાએ કહ્યું.

### શું તમે જાણો છો?

જે રીતે જીવનાવશ્યક વસ્તુઓનું બજાર ભરાય છે. તે જ રીતે પશુઓનું પણ સાપ્તાહિક બજાર હોય છે. સોલાપુર જિલ્લાના સાંગોલા ગામનું સાપ્તાહિક બજાર ખિલ્લાર ગાય-બળદો માટે પ્રસિદ્ધ છે. આ બજારમાં ગાય, બળદ, ભેંસ, ઘેટાં-બકરાના સ્વતંત્ર વિભાગો પાડવામાં આવે છે. આ બજાર રવિવારે ભરાય છે. બળદગાડા સ્પર્ધા માટે ખિલ્લાર બળદોની સૌથી વધુ માંગ હોય છે. આવા બજારો અનેક ગામોમાં ભરાય છે


સાંગોલાનું સાપ્તાહિક પશુ બજાર

ઉનાળામાં પક્ષીઓને પાણી આપવા માટે રઘુને માટીના વાસણો લેવા હતા. મલ્લપ્પાની દુકાનમાં માટીના સુંદર વાસણો વેચાય છે. તેણે ત્યાંથી એક મોટી પરાત લીધી. પરાત એટલે પહોળું માટીનું વાસણ. પપ્પા, રઘુ અને રમાએ બજારમાં શેરડીનો રસ પીધો. પછી તેઓ ખરીદેલા સામાનથી છલોછલ ભરેલી થેલીઓ લઈને ઘરે આવ્યા. રમા અને રઘુએ મળીને ખર્ચનો હિસાબ લખ્યો.

### સુપર માર્કેટ

મારા માતા-પિતા અવારનવાર સુપર માર્કેટમાં જાય છે. અહીં કરિયાણું, શાકભાજી, ફળો, પાંઉ અને બિસ્કિટ, સાબુ, શેમ્પૂ, સૌંદર્ય પ્રસાધનો, ઘરગથ્થુ વપરાશની વસ્તુઓ, સ્ટેશનરી વગેરે જેવી વિવિધ ઉપયોગી વસ્તુઓ એક જ દુકાનમાં વેચાય છે, તે દુકાનને 'સુપર માર્કેટ' કહેવામાં આવે છે. આવા સુપર માર્કેટ સામાન્ય રીતે શહેરી વિસ્તારોમાં હોય છે.


સુપર માર્કેટ

## શૉપિંગ મૉલ




શૉપિંગ મૉલ

આ એક પ્રકારનું બજાર જ છે. મોટા શહેરમાં, બહુમાળી ઇમારતમાં વિવિધ વસ્તુઓનું વેચાણ કરતી અનેક દુકાનો હોય છે, અહીં આવ-જા કરવા માટે સરકતા દાદરા (એસ્કેલેટર), લિફ્ટ પણ હોય છે. મૉલમાં, શાકભાજી, ફળો અને અનાજની સાથે, રમકડાં, કપડાં, ફર્નિચર, ઇલેક્ટ્રિકલ અને ઇલેક્ટ્રોનિક ઉત્પાદનો, ઘરગથ્થુ વપરાશની વસ્તુઓ વગેરે મળે છે.

લોકોને માટે બેસવા માટે જગ્યા હોય છે. જુદા જુદા ખાદ્યપદાર્થો, પીણાના દુકાન (સ્ટૉલ) પણ હોય છે. અહીં તમને એક જ છત નીચે બધું મળી શકે છે.

બધા ઉત્પાદનો પર કિંમતના સ્ટિકર ચોંટાડેલા હોય છે. ખરીદી માટે ચુકવણી કરવા માટે કિંમતના સ્ટિકર પરની બારકોડ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે. બારકોડ સ્કૅન કરીને કિંમત ચકાસી ખરીદીની રસીદ આપવામાં આવે છે. ખરીદેલી વસ્તુઓ માટે ચુકવણી રોકડમાં અથવા ઓનલાઈન પદ્ધતિથી કરવામાં આવે છે.

### શું તમે જાણો છો?

સામાન્ય રીતે, બજાર એટલે જ્યાં ખરીદ-વેચાણ થતું હોય તે સ્થળ. કોઈ ચોક્કસ દિવસે અથવા નિશ્ચિત સમયગાળા દરમિયાન ભરાતા બજારને 'હાટ' કહેવામાં આવે છે. ઘણા બજારમાં ફક્ત એક જ પ્રકારની વસ્તુઓ મળે છે. તેને તે વસ્તુની બજાર તરીકે ઓળખવામાં આવે છે. જેમ કે કાપડ બજાર, કાંસા બજાર, ઝવેરી બજાર.

### કહો જોઈએ!

- તમારા ઘરની નજીક કયું બજાર છે? તમને બજારમાં જવાનું ગમે છે?
- બજારમાં આપણને શું શીખવા મળે છે?

## જાગૃત ગ્રાહક બનીએ.

વસ્તુઓમાં કરાતી ભેળસેળ, વસ્તુની વધુ કિંમત લેવી, વજન ઓછું આપવું જેવી છેતરપિંડીથી ગ્રાહકનું સંરક્ષણ કરવા માટે ગ્રાહક ચળવળ અસ્તિત્વમાં આવી. ગ્રાહકોએ પણ વસ્તુ ખરીદતી વખતે વસ્તુનું યોગ્ય વજન, યોગ્ય ભાવની ખાતરી કરવી જોઈએ.




જાગો ગ્રાહક જાગો

## સ્વાધ્યાય

**પ્ર. ૧. નામ લખો.**

(ક) વસ્તુઓનું વેચાણ કરનાર ____________

(ખ) વસ્તુની ખરીદી કરનાર ____________

(ગ) વસ્તુની ખરીદ વેચાણનું સ્થળ ____________

**પ્ર. ૨. બજારના પ્રકાર અને તેમાં વેચાતી વસ્તુઓનું સંકલ્પના ચિત્ર પૂર્ણ કરો.**



**પ્ર.૩. દુકાનમાંથી ખરીદેલી વસ્તુની રસીદના આધારે પ્રશ્નોના જવાબો લખો.**

(૧) શેની દુકાન છે? _______________

(૨) રસીદ પર લખેલી ખરીદેલી વસ્તુઓના નામ લખો. _______________

(૩) રસીદ પરની ખરીદીની તારીખ લખો. _______________

(૪) રસીદના આધારે વેચનારને કુલ કેટલા રૂપિયા ચૂકવવા પડશે? _______________

(૫) શું વિક્રેતાએ કોઈ છૂટ આપી છે? જો હા, તો કેટલી? _______________

**વસ્તુ ખરીદીની રસીદ (ટૅક્સ ઈન્વૉઈસ)**

GSTIN : 27ABCDE1234S1Z

# ટૉય એન જૉય

રંકાળા ચોપાટી, કોલ્હાપુર ૪૧૬૦૧૨

મોબાઈલ – ૯૯૯૯૯૦૦૦૦૦

ઈમેઈલ: toynjoy@gmail.com

રસીદ નં: ૨૫૧૨૬/૦૯૯

રસીદ તારીખ: ૧ જાન્યુઆરી, ૨૦૨૬

| રમકડાં | HSN ક્ર. | કરપાત્ર કિંમત | GST | | | | કરસહિત કિંમત |
|---|---|---|---|---|---|---|---|
| | | | CGST Rate | | SGST Rate | | |
| | | | Rate | Tax | Rate | Tax | |
| બૅટરી ટ્રેન | 9503 | ₹400 | 9% | 36 | 9% | 36 | ₹472 |
| ટ્રાયસિકલ | 9503 | ₹300 | 6% | 18 | 6% | 18 | ₹336 |
| | | | | | | | |
| | | | કુલ કિંમત | | | | ₹ 808 |

**પ્ર. ૪. નીચેનું કોષ્ટક પૂર્ણ કરો. (દા.ત. સ્થળ અને ત્યાં મળતી વસ્તુઓ)**

| સાપ્તાહિક બજાર | સુપર માર્કેટ | શોપિંગ મૉલ |
|---|---|---|
| ---------------------------- | ---------------------------- | ---------------------------- |
| ---------------------------- | ---------------------------- | ---------------------------- |
| ---------------------------- | ---------------------------- | ---------------------------- |
| ---------------------------- | ---------------------------- | ---------------------------- |

**પ્ર. ૫. આવું કેમ બન્યું હશે, તેના કારણો લખો.**

(૧) રમા બજારમાં જતી વખતે કાપડની થેલીઓ સાથે લઈ ગઈ.

(૨) પપ્પાએ રમાને કહ્યું કે કેટલીક બાબતો ગમે છે માટે નહીં, પરંતુ આવશ્યક છે માટે કરવી જોઈએ.

(૩) વિક્રેતાઓ બૂમો પાડીને તેમના માલની જાહેરાત કરી રહ્યા હતા.

(૪) રઘુ ઘરેથી જ ખરીદવાની વસ્તુઓની યાદી બનાવીને લાવ્યો હતો.

**પ્ર. ૬. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**

(૧) રમાના પપ્પાએ બજારમાંથી શું શું ખરીદ્યું?

(૨) વસ્તુ ખરીદતી વખતે કઈ સાવચેતી રાખવી તે અંગે સૂચના પત્ર તૈયાર કરો.

(૩) બારકોડ સિસ્ટમનો ઉપયોગ શેના માટે કરવામાં આવે છે?

**ઉપક્રમ**

- સ્થાનિક બજારની મુલાકાત લો અને ત્યાંની ઘટનાઓ વિશે લખો.
- તમારા વિસ્તારના પશુ બજારો વિશે માહિતી મેળવો અને લખો.
- સુપર માર્કેટ અને શોપિંગ મૉલની મુલાકાત લઈ તમારા અનુભવો વિશે લખો.

***



# ૫. આપણી જરૂરિયાતો અને સમસ્યાઓ







## ઉપરના ચિત્રનું નિરીક્ષણ કરો.

મનુષ્યને રોજિંદા જીવનમાં ઘણી બધી વસ્તુઓની જરૂર પડે છે. ઉપરના ચિત્રમાં પાણી અને ખોરાક એમ બે વસ્તુઓ દર્શાવવામાં આવી છે. મનુષ્યની બીજી કઈ કઈ જરૂરિયાતો હોય છે, તે વિચારીને ઉપરના ચોરસમાં લખો.

સવારે ઊઠ્યા પછી રાત્રે સૂતા સુધી તમે દરરોજ શું શું કરો છો, તે યાદ કરો. તે માટે તમને કઈ કઈ વસ્તુઓની આવશ્યકતા હોય છે તે વિચારો. તે વસ્તુઓને 'જરૂરિયાત' કહેવામાં આવે છે.

જે વસ્તુઓ વગર માનવીનું જીવવું મુશ્કેલ બને છે, તેને માનવીની 'મૂળભૂત જરૂરિયાતો' કહેવામાં આવે છે.

✻ **મૂળભૂત જરૂરિયાતો** : ખોરાક, કપડાં, રહેઠાણ, આરોગ્ય, શિક્ષણ



### વિચાર કરો.

જો તમારા ઘરમાં બે દિવસ સુધી પાણી ન આવે, તો શું થશે?



## જરૂરિયાતની વસ્તુઓ અને ગમતી /શોખની વસ્તુઓ:

શું આ બંને વચ્ચે કોઈ તફાવત છે?

હા! ચોક્કસ છે. જરૂરિયાત એટલે એવી વસ્તુઓ, જેના વિના આપણું જીવવું મુશ્કેલ છે. જેમ કે આપણે ખોરાક અને પાણી વિના જીવી શકતા નથી. જ્યારે, આપણને ગમતી અથવા આપણા શોખની વસ્તુઓ આપણા જીવનને વધુ સુખદ અને આરામદાયક બનાવે છે; પરંતુ આ વસ્તુઓ વિના પણ જીવવું શક્ય છે.

**રાજુને મીઠાઈ ખૂબ ભાવે છે. તે દરરોજ ઘણી બધી મીઠાઈઓ ખાય છે, શું આ યોગ્ય છે?**

બધી જ જરૂરિયાતની વસ્તુઓ મનગમતી ન પણ હોય. તેમ જ દરેક મનગમતી વસ્તુઓ જરૂરિયાત હોય, તેવું નથી

ટૂંકમાં, જરૂરિયાતો પૂરી કરવી જ પડે છે; પરંતુ શોખને/ઈચ્છાને કાબૂમાં રાખવી શક્ય છે.

**નીચેનામાંથી કઈ જરૂરિયાત છે અને કઈ ઈચ્છા/શોખની વસ્તુઓ છે, તે નક્કી કરો. જરૂરિયાતની બાજુના ચોરસમાં 'જરૂરિયાત' લખો અને મનગમતી વસ્તુઓની બાજુના ચોરસમાં 'ઈચ્છા' લખો.**

| | |
|---|---|
| ૧. અનાજ ..................  | ૨. વેફર્સ / ચૉકલેટ ..................  |
| ૩. ઠંડાં પીણાં ..................  | ૪. ઘર ................  |
| ૫. પાણી ................  | ૬. રમકડાં ................  |
| ૭. કપડાં ..................  | ૮. પુસ્તકો ......................  |

## હવે આપણી મૂળભૂત જરૂરિયાતો વિશે માહિતી મેળવીએ.

**પાણી :** પાણી તરસ છીપાવે છે. મનુષ્યોની જેમ જ વનસ્પતિ અને પશુ-પક્ષી માટે પાણી જરૂરી છે. પાણી વિના, તેમના માટે પણ જીવવું શક્ય નથી. તેથી જ પાણીને 'જીવન' કહેવામાં આવે છે.

પાણીનો મુખ્ય સ્ત્રોત વરસાદ છે. પાણી સાર્વજનિક સંપત્તિ છે. તેના પર દરેકનો અધિકાર છે.



### કરી જુઓ.

નીચેના સંકલ્પના ચિત્રને આધારે તમારા ઘરમાં પાણી ક્યાંથી અને કેવી રીતે આવે છે, તે જણાવો.

વરસાદ

↓

મુખ્ય સ્ત્રોત

↓

……

જળસ્ત્રોત-વિવિધ જળાશયો
(નદી, બંધ, કૂવો, વહેણ, નાળું ઝરણું, નહેર, વગેરે)

↓

……

ક્યાં સંગ્રહ કરાય છે?
(બંધ, પાણીની ટાંકી, કૂવો, વગેરે)

↓

……

ઘર સુધી કેવી રીતે પહોંચે છે?
(કૂવા, બોરવેલ, નળ, સાર્વજનિક નળ,
જળ શુદ્ધિકરણ કેન્દ્ર, વગેરે)

**ખોરાક:** પાણીની સાથે, માનવીને જીવવા માટે ખોરાકની પણ જરૂર પડે છે. દરેક વ્યક્તિને પૂરતો અને પૌષ્ટિક ખોરાક મળવો જોઈએ. તેમજ ખોરાકનો બગાડ ન કરવો, તે આપણા સૌની જવાબદારી છે.



### કહો જોઈએ!

- તમે તમારા રોજિંદા ભોજનમાં કયો ખોરાક ખાઓ છો?
- આ પદાર્થો તમને ક્યાંથી મળે છે?
- ઘરમાં દરેકને પૂરતું ભોજન મળે તેની કાળજી કેવી રીતે લેવી?







**ઉપર પૈકી તમને કયા સ્થળે રહેવું ગમશે? શા માટે?**

**હવા:** સારા સ્વાસ્થ્ય માટે 'શુદ્ધ હવા' મહત્વપૂર્ણ જરૂરિયાત છે. શુદ્ધ હવામાં શ્વાસ લેવાથી શરીર અને મન સ્વસ્થ રહે છે. ફેફસાંનું સ્વાસ્થ્ય સારું રહે છે. આપણને દોડવા, ચાલવા અને રોજિંદા કાર્યો કરવાનો ઉત્સાહ આવે છે. ક્યારેક વાહનો અને ફેક્ટરીનો ધુમાડો અને ધૂળના કણો હવામાં ભળી જાય છે. જેનાથી હવા અશુદ્ધ થાય છે. તેનાથી આપણા આરોગ્ય સામે જોખમ ઊભું થાય છે.

**કહો જોઈએ!**

- શું તમારા પરિસરની હવા જ  છે?
- હવાને શુદ્ધ રાખવા માટે કયા ઉપાયો કરવામાં આવે છે?

**વસ્ત્ર:** શરીરને ગરમી, પવન અને વરસાદથી બચાવવા માટે કપડાંની જરૂર પડે છે. આપણે અલગ અલગ ઋતુઓમાં અલગ અલગ પ્રકારના કપડાં પહેરીએ છીએ. દરેક વ્યક્તિ પાસે પોતાની જરૂરિયાત મુજબ પૂરતા કપડાં હોવા જરૂરી છે.

**નિવાસ:** દરેક વ્યક્તિને સુરક્ષિત નિવાસની જરૂર હોય છે; કારણ કે નિવાસ આપણને રક્ષણ પૂરું પાડે છે. નિવાસ એ રહેવાનું સ્થળ છે. આપણું નિવાસ એ આપણું ઘર છે. આપણે ગામમાં રહીએ છીએ કે શહેરમાં, આપણે જ્યાં રહીએ છીએ ત્યાંનું હવામાન કેવું છે, ત્યાં કઈ સુવિધાઓ ઉપલબ્ધ છે, તેના પરથી આપણું ઘર કેવું હોવું જોઈએ, તે નક્કી થાય છે.

**સ્વાસ્થ્ય:** સારી ટેવો, સારો આહાર સારા સ્વાસ્થ્ય તરફ દોરી જાય છે. નિયમિત કસરત અને યોગ-પ્રાણાયામ આપણને સ્વસ્થ રહેવામાં મદદ કરે છે. જો આપણું સ્વાસ્થ્ય સારું હશે તો જ આપણે આપણા રોજિંદા કાર્યો કરી શકીશું, પોતાની અને પરિવારના સભ્યોની સંભાળ રાખી શકીશું. લોકો વિવિધ કારણોસર બીમાર પડી શકે છે. આવા સમયે યોગ્ય સારવાર અને દવાઓ મેળવવી જરૂરી છે. આ માટે ગામડાઓમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોય છે. શહેરોમાં નાની-મોટી હોસ્પિટલો હોય છે. બધા લોકોને તેમની જરૂરિયાત મુજબ દવા આપવામાં આવે છે.



**તમે શું વિચારો છો?**

સારું સ્વાસ્થ્ય જાળવવા માટે શું કરી શકાય?

**શિક્ષણ:** સમાજમાં દરેક વ્યક્તિ માટે 'શિક્ષણ' જરૂરી છે. સરકાર શિક્ષણને દરેક માટે સુલભ બનાવવા માટે વિવિધ યોજનાઓ બનાવે છે. શિક્ષણ દ્વારા આપણે ઘણી બધી બાબતો સમજીએ છીએ. શિક્ષણ દ્વારા આપણે વિચારતા, સમસ્યાઓનું નિરાકરણ લાવતા, નવી વસ્તુઓ બનાવતા વગેરે શીખીએ છીએ.

ખોરાક, કપડાં, રહેઠાણ, આરોગ્ય અને શિક્ષણ એ માનવીની મૂળભૂત જરૂરિયાતો છે. સારું જીવન જીવવા માટે દરેક વ્યક્તિની મૂળભૂત જરૂરિયાતો પૂરી થવી જ જોઇએ.

**કહો જોઈએ!**

- તમારા વિશે, તમારા પરિવાર વિશે, તમારા પરિસર વિશે વિચારો. શું તમને બીજી કોઈ જરૂરિયાતો દેખાય છે?
- શિક્ષણ અને આરોગ્ય વિષયક સુવિચાર જણાવો.

**સફાઈ કામદારો, ડૉક્ટરો, શિક્ષકો, ખેડૂતો, પોલીસ અને સૈનિકો આપણી કઈ જરૂરિયાતો પૂરી કરે છે?**

**કુદરતી સંસાધનો:** સંસાધનો એટલે આપણી આસપાસ આવેલા એ બધા ઘટકો છે જે આપણા માટે ઉપયોગી છે અને જેના ઉપયોગથી આપણે આપણા જીવનને વધુ સારું બનાવી શકીએ છીએ.

જરૂરિયાતો પૂરી કરવા માટે સંસાધનોની જરૂર પડે છે. આપણે આપણી જરૂરિયાતો પૂરી કરવા માટે પ્રકૃતિમાંથી મળતી અને આપણા પરિસરમાં ઉપલબ્ધ વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ. તે વસ્તુઓને 'કુદરતી સંસાધનો' કહેવામાં આવે છે. જેમ કે, આપણે કુદરતી સંસાધન-પાણીનો ઉપયોગ સંયમ અને કાળજીપૂર્વક કરવો જોઈએ.

માનવ નિર્મિત સંસાધનોમાં પૈસા, મિલકત, પરિવહનના સાધનો, યંત્રો વગેરેનો સમાવેશ થાય છે.



માનવ નિર્મિત અને કુદરતી સંસાધનોને ઓળખો.

## આપણી સમસ્યા

આપણે આપણી જરૂરિયાતો સમજી ગયા છીએ. હવે આપણે સમસ્યાઓ વિશે જાણીશું. સમસ્યાઓ એટલે રોજિંદા જીવનમાં આવતી મુશ્કેલીઓ. સમસ્યાઓ એટલે વ્યક્તિને સારું જીવન જીવવા માટે જરૂરી વસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ ના થવી.

જગનના ગામમાં પાણીની તંગી છે. પાણીની ટાંકીમાં પાણી નથી. નદી સુકાઈ ગઈ છે. કૂવા સુકાઈ ગયા છે. બંધમાં પાણીનું સ્તર નીચે ગયું છે. તેના ગામના લોકોને રોજિંદા ઉપયોગ માટે પણ પાણી મળતું નથી. તેના ગામમાં પૂરતું પાણી ન મળવાની સમસ્યા છે

અન્નની અછત એક મોટી સમસ્યા છે. તેના કારણો આ મુજબ હોઈ શકે છે. જેમ કે અતિવૃષ્ટિ, સૂકો દુકાળ, ખેતીલાયક જમીનનું ઓછું પ્રમાણ, મોંઘવારી, યુદ્ધ, વગેરે.

### વિચાર કરો.

તમારા વિસ્તારમાં કઈ સમસ્યાઓ છે? તેના માટે કયા ઉપાયો કરી શકાય?









ઉપરના ચિત્રોમાં તમને કઈ કઈ સમસ્યાઓ જોવા મળે છે? તે સમસ્યાઓને કારણે આપણા રોજિંદા જીવનમાં કઈ મુશ્કેલીઓ આવે છે?

## સામાજિક મુદ્દાઓ અને સુવિધાઓ



જન્મથી જ, કોઈ બીમારીને કારણે કે પછી અકસ્માત થવાથી કોઈ વ્યક્તિ શારીરિક દ્રષ્ટિએ દિવ્યાંગ બને ત્યારે તેને સાર્વજનિક સ્થળોએ આવ-જા કરવામાં અનેક મુશ્કેલીઓ, અસુવિધાઓનો સામનો કરવો પડે છે. માટે જ તેમને વિશેષ સેવા, સુવિધા અને મદદની જરૂરિયાત હોય છે.

### કહો જોઈએ!

એક દષ્ટિહીન વ્યક્તિ સફેદ લાકડી લઈને રસ્તા પર ચાલી રહી છે. તમે શું કરશો?

સફેદ લાકડીની મદદથી, દષ્ટિહીન લોકો જાહેર સ્થળોએ મુક્તપણે ફરી શકે છે, તેઓ સ્પર્શલિપિ લેખન (બ્રેઇલ-લિપિ)નો ઉપયોગ કરીને વાંચી, લખી અને ગાણિતિક ક્રિયાઓ કરી શકે છે.




બ્રેઈલ લિપિ

## કહો જોઈએ!

**શાળામાં પગથિયાની બાજુમાં રૅમ્પ શા માટે હોય છે?**



જન્મથી અથવા અકસ્માતને કારણે, વ્યક્તિના પગ નકામા થઈ જાય છે. આવા કિસ્સામાં, તે વ્યક્તિ માટે સીડી ચઢવી કે ઉતરવી શક્ય નથી. આ માટે રૅમ્પનો ઉપયોગ કરવામાં આવે છે. રૅમ્પને કારણે વ્હીલચૅરનો ઉપયોગ કરતા લોકો માટે ઇમારતમાં પ્રવેશવા અને બહાર નીકળવાનું શક્ય બને છે. કેટલીક જગ્યાએ વ્હીલચૅરનો ઉપયોગ કરતા લોકો માટે ખાસ શૌચાલયની સુવિધા પણ હોય છે.

## કહો જોઈએ!

શું તમે સાંકેતિક ભાષા જાણો છો?

બધિર લોકો માટે એક સાંકેતિક ભાષા હોય છે. તેઓ હોઠની હાલચાલ અને હાવભાવ જોઈને બોલેલું સમજવાની ટેકનિક જાણે છે. દૂરદર્શન (ટીવી) પર બધિર લોકો માટે સાંકેતિક ભાષામાં ખાસ સમાચાર પ્રસારિત કરવામાં આવે છે.



સાંકેતિક ભાષા

દિવ્યાંગ વ્યક્તિઓ માટે અવરોધમુક્ત વાતાવરણ તૈયાર કરવું જરૂરી છે. સરકાર વિવિધ સુવિધાઓ પૂરી પાડવાનો પ્રયાસ કરી રહી છે, જેથી તેઓ શાળા, વિવિધ કચેરીઓ, જાહેર ઇમારતો, આરોગ્ય કેન્દ્રો, મનોરંજન કેન્દ્રો વગેરેમાં સરળતાથી આવજા કરી શકે.

- પાઠ્યપુસ્તકની શરૂઆતમાં આપેલી QR કોડની લિંક પરથી સાંકેતિક ભાષા શીખો.

## શું તમે જાણો છો?



**મુરલીકાંત પેટકર:** મૂળ સાંગલીના વતની. ઓગસ્ટ ૧૯૭૨માં જર્મનીના હાઇડલબર્ગમાં યોજાયેલ પૅરાઑલિમ્પિક સ્પર્ધામાં તેમણે વિશ્વ વિક્રમ સ્થાપિત કર્યો અને આપણા દેશ માટે સુવર્ણચંદ્રક જીત્યો. ૨૦૧૮માં તેમને 'પદ્મશ્રી' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. મુરલીકાંત પેટકર ભારતીય સેનામાં કાર્યરત હતા. ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં તેઓ ગોળી લાગવાથી ઘાયલ થયા હતા. આ કારણે તેઓ દિવ્યાંગ બન્યા. તેમ છતાં તેમણે કુસ્તી, ભાલા ફેંક અને ગોળા ફેંકમાં વિશેષ પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યું હતું.



**શીતલ દેવી:** શીતલ દેવી જમ્મુ અને કાશ્મીર રાજ્યની રહેવાસી છે. તેમણે દિવ્યાંગો માટે યોજાયેલી ઘણી સ્પર્ધાઓમાં 'તીરંદાજી'ની રમતમાં સુવર્ણ ચંદ્રકો જીત્યા છે. આ ખાસ સિદ્ધિ માટે, ભારત સરકારે તેમને 'અર્જુન' પુરસ્કારથી સન્માનિત કર્યા છે.

## સ્વાધ્યાય

**પ્ર. ૧. ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ લખો.**

(ક) પીવા માટે પાણી ............. માં શુદ્ધ કરવામાં આવે છે.

(૧) બોરવેલ (૨) જળ શુદ્ધિકરણ કેન્દ્ર

(૩) પાણીની ટાંકી (૪) ફેક્ટરી

(ખ) ગામમાં ............... ઔષધ ઉપચાર મળી રહે છે.

(૧) ગ્રામ પંચાયતમાં (૨) બેંકમાં

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં (૪) શાળામાં

(ગ) આપણે કુદરતી સંસાધનોનો ............... ઉપયોગ કરવો જોઈએ.

(૧) ઈચ્છા મુજબ (૨) પુષ્કળ

(૩) પ્રસંગોપાત (૪) કરકસરથી

**પ્ર.૨ નીચેના વિધાનો માટેના કારણો  લખો.**

(૧) દેશમાં ક્યારેક ખાદ્યપદાર્થોની અછત સર્જાઈ શકે છે.

(૨) પોતાની ઈચ્છાઓ ઉપર કાબુ રાખવો જરૂરી છે.

(૩) પાણીને ‘જીવન’ કહેવામાં આવે છે.

**પ્ર.૩ નીચેના વિધાન વાંચો. તેનાથી થતા ફાયદા જણાવો.**

(૧) ખોરાકનો બગાડ થતો અટકાવવાની જવાબદારી દરેકની છે.

(૨) સૌને સુરક્ષિત નિવાસ મળવો આવશ્યક છે

(૩) દરેક વ્યક્તિનું સ્વાસ્થ્ય સારું રહેવું જરૂરી છે.

(૪) સમાજમાં દરેક વ્યક્તિને શિક્ષણ મળવું જોઈએ.

**પ્ર.૪. નીચેનું સંકલ્પના ચિત્ર પૂર્ણ કરો.**




**પ્ર. ૫ નીચેની પરિસ્થિતિઓમાં તમે શું કરશો?**

(૧) લોકો લગ્નમાં ખોરાકનો બગાડ કરી રહ્યા છે.

(૨) દિવ્યાંગ વ્યક્તિ રસ્તો ઓળંગી રહી છે.

(૩) પાડોશમાં રહેતો રમેશ નિયમિત શાળાએ જતો નથી.

(૪) કવિતા હંમેશા શોખથી ઠંડા પીણા પીવે છે.

**પ્ર.૬ તમારી શાળામાં આંતરરાષ્ટ્રીય યોગદિવસ કેવી રીતે ઉજવવામાં આવે છે? તે જણાવો.**

## ઉપક્રમ

- જુદી જુદી ઋતુઓમાં પહેરતા કપડાંના ચિત્રો ભેગા કરો અને તેની નીચે નામ લખો.
- માતાપિતાની મદદથી, દિવ્યાંગ વ્યક્તિઓને સરકાર તરફથી મળતી સુવિધાઓ વિશે લખો.
- આંતરજાળની (ઈન્ટરનેટ) મદદથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતીય દિવ્યાંગ ખલીડીઓએ મેળવેલી સિદ્ધિ વિશે માહિતી મેળવો



૨૧ જૂન - આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

***



# ૬. જળસાક્ષરતા





પાણીનું એક એક ટીપું,
ચાલો, જમીનમાં ઉતારીએ,
જળ જ છે ખરી સંપત્તિ
જળ સાક્ષરતાનો પાઠ ભણીએ. ।।

જળ એટલે પાણી. જળ સાક્ષરતા એટલે પાણીનું મહત્વ સમજવું, પાણી બચાવવું અને ભૂગર્ભજળનું સ્તર વધારવા માટે પ્રયાસો કરવા.

સંત જ્ઞાનેશ્વરે પોતાના ગ્રંથ 'જ્ઞાનેશ્વરી'માં પાણીનું મહત્વ સમજાવતા કહ્યું છે કે,

**"नगरे चि रचावी। जलाशये निर्मावी।**
**महावने लावावी। नानाविधे॥"**



સંત જ્ઞાનેશ્વર

આનો અર્થ એ થયો કે નગર રચના સમયે જ જળાશયો બનાવવા જોઈએ. વૃક્ષો વાવવા જોઈએ; જેથી તે નગરોને પાણીની સમસ્યાનો સામનો ન કરવો પડે.

આપણને જીવવા માટે પાણી આવશ્યક છે. પાણીનો મુખ્ય સ્ત્રોત વરસાદ છે. વરસાદનું પ્રમાણ દરેક સ્થળે એક સરખું હોતું નથી. કેટલીક જગ્યાએ ઓછો, તો કેટલીક જગ્યાએ વધુ વરસાદ પડે છે. ભારે વરસાદને કારણે કેટલીક જગ્યાએ પૂર આવે છે, જ્યારે અન્ય જગ્યાએ વરસાદના અભાવે દુકાળ પડે છે. દરેકને પાણી મળી રહે, તે માટે પાણીનું નિયોજન કરવું પડે છે.

### શું તમે જાણો છો?

લાતુર શહેરમાં એક સમયે પાણીની તીવ્ર તંગી હતી. તે સમયે, સરકારે આગગાડી દ્વારા પહોંચાડીને ત્યાં પાણી પૂરું પાડ્યું હતું.

ભારતમાં દર વર્ષે એક ચોક્કસ સમય દરમિયાન વરસાદ પડે છે. જેને આપણે 'ચોમાસું' કહીએ છીએ. વરસાદના પાણીને અટકાવીને ઉપયોગમાં લેવા માટે, સંગ્રહ કરવા માટે નદી પર બંધ બાંધવામાં આવે છે. બંધમાંના પાણીનું શુદ્ધિકરણ કરીને નળ દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવે છે.

### કહો જોઈએ!

* પાણી બચાવવા માટે તમે શું કરો છો?

પ્રાચીન કાળથી ભારતમાં જળવ્યવસ્થાપનને મહત્વ આપવામાં આવ્યું છે. સિંધુ સંસ્કૃતિમાં, ઘરના આંગણામાં કૂવાઓ હતા. તેમાંથી પીવાનું પાણી મળતું હતું. આગળ જતા, ગૌતમ બુદ્ધના સમયમાં, ભિક્ષુઓના નિવાસ માટે ઘણા મઠ (વિહાર) બનાવવામાં આવ્યા. મુસાફરી દરમિયાન થોડો સમય આરામ કરવા અને ચોમાસા દરમિયાન થોડા દિવસો રહેવા માટે ગુફાઓનો ઉપયોગ કરવામાં આવતો હતો. પીવા માટે ત્યાં વરસાદના પાણીનો સંગ્રહ કરવામાં આવતો હતો. તેને 'પાણીની ટાંકી' કહેવામાં આવે છે. મહારાષ્ટ્રમાં જુન્નરની આસપાસ બનાવવામાં આવેલા મઠોમાં આવા પાણીના ટાંકાઓ જોવા મળે છે. સમ્રાટ અશોકે કૂવા ખોદીને યાત્રાળુઓ માટે પાણીની સુવિધા કરી હતી.



શિવનેરી કિલ્લા પર આવેલી પાણીની ટાંકી

સાતારા જિલ્લાના માણ તાલુકામાં શિખર શિંગણાપુર આવેલું છે. અહીં જે ડુંગર પર શંભુમહાદેવનું મંદિર આવેલું છે, ત્યાં પાણીની સુવિધા નહોતી. છત્રપતિ શિવાજી મહારાજાના દાદા માલોજી રાજે ભોંસલેએ ત્યાં એક મોટું તળાવ બંધાવ્યું.



શિખર શિંગણાપુરનું શિવતીર્થ તળાવ



ગંગાસાગર તળાવ - રાયગઢ કિલ્લો

છત્રપતિ શિવાજી મહારાજે કહ્યું હતું કે, 'પહેલા કિલ્લાની આસપાસનું પાણી જોવું, પછી કિલ્લો બનાવવો'. એટલે કે, કિલ્લો ત્યાં બનાવવો જોઈએ, જ્યાં પીવાનું પાણી ઉપલબ્ધ હોય. છત્રપતિ શિવાજી મહારાજે રાયગઢ ખાતે પાણી માટે નાના-મોટા તળાવો ખોદાવ્યા હતા. તેમણે આ તળાવોમાં વરસાદના પાણીનો સંગ્રહ કરવાની વ્યવસ્થા કરી હતી. તેમણે જળાશયો સ્વચ્છ રાખવાની અને પાણીનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાની સલાહ આપી હતી.

પુણ્યશ્લોક અહિલ્યાબાઈ હોળકરે કૂવા ખોદાવ્યા, તળાવો અને ટાંકાઓ બનાવડાવ્યા. તેથી સૌને પાણીની સુવિધા મળી. વટેમાર્ગુઓ માટે પાણીની પરબ બંધાવી. જેમ કે, ઇગતપુરીમાં ટોપ વાવડી, જેજુરીમાં મલ્હાર ગૌતમેશ્વર તળાવ, વગેરે.



ઇગતપુરીની ટોપ વાવડી



જેજુરીનું ગૌતમેશ્વર તળાવ




**ભૂગર્ભજળ સંરક્ષણ:** વરસાદનું પાણી ઘરની છત પર, ઇમારતોની અગાસી પર, પર્વતોની ટોચ પર અને જમીન પર પડે છે. તેને વેડફવાને બદલે વિશેષ પદ્ધતિથી ટાંકીમાં સંગ્રહિત કરવામાં આવે છે અથવા જમીનમાં શોષખાડો તૈયાર કરીને તેમાં પહોંચાડવામાં આવે છે. આનાથી જમીનમાં પાણીનું સ્તર વધે છે. પાણીથી કૂવા ભરાય છે. જમીનનો ભેજ જળવાઈ રહે છે. પર્યાવરણીય સંતુલન જળવાઈ રહે છે. વૃક્ષારોપણ અને વૃક્ષસંવર્ધન કરવાથી જમીનનું ધોવાણ અટકે છે. વૃક્ષોના મૂળ જમીનમાં પાણી ઉતારવામાં મદદ કરે છે.



## શું તમે જાણો છો?

ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી મોહન ધારિયા દ્વારા પુણેમાં સ્થાપિત સ્વયંસેવી સંસ્થા ‘વનરાઈ’ ખૂબ ઓછા ખર્ચમાં વનરાઈ બંધ બાંધે છે. પાણીને વહેડામાં અથવા નાળામાં અટકાવવાથી ભૂગર્ભજળનું સ્તર વધે છે. આ પાણીનો ઉપયોગ ખેતી તેમજ પીવા માટે કરવામાં આવે છે.

**જળ સંરક્ષણ:** પૃથ્વી પર મીઠા પાણીના સ્ત્રોત મર્યાદિત છે. દરેક જગ્યાએ વરસાદ સમાન માત્રામાં પડતો નથી. દરેક જગ્યાએ તેનું પ્રમાણ ઓછું કે વધુ છે. વસ્તી વધી રહી છે. તેથી, પાણીની માંગ પણ વધી રહી છે. આવી સ્થિતિમાં, પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો જરૂરી છે. આ સાથે, મીઠા પાણીના સ્ત્રોતોને સ્વચ્છ રાખવા અને જળ પ્રદૂષણ રોકવું આવશ્યક છે.

### શું તમે જાણો છો?

**પાણીનો પુનઃ વપરાશ, સમયની જરૂરિયાત :** સાતારા જિલ્લાના જકાતવાડીમાં, શૌચાલયમાંથી નીકળતા પાણીને ગાળીને તેમજ શુદ્ધિકરણ પ્રક્રિયા કરીને બાગ,બગીચાઓ અને સફાઈ માટે ફરીથી ઉપયોગમાં લેવાય છે. આનાથી પાણીનો ફરી ફરી ઉપયોગ થઈ શકે છે. શહેરોમાં પાણીના પુનઃવપરાશની પ્રક્રિયા વધુ જોવા મળે છે.

### વિચાર કરો.

તમારા ઘરમાં વપરાયેલા પાણીનો ફરીથી ઉપયોગ કેવી રીતે કરશો?

**પાણી બચાવવાની સારી ટેવો-**

* જરૂર હોય તેટલું જ પાણી વાપરો.
* નળ ચાલુ ન રાખો. ગળતા નળનું સમારકામ કરવું.

પાણી શુદ્ધ કરવું એટલે જળ શુદ્ધિકરણ. વિવિધ કારણોસર પાણી પ્રદૂષિત થાય છે; એટલે કે, તેમાં હાનિકારક તત્વો ભળી જાય છે. જો વ્યક્તિગત વપરાશ માટે, ખેતી માટે પ્રદૂષિત પાણીનો ઉપયોગ કરવામાં આવે, તો તે સ્વાસ્થ્ય માટે હાનિકારક નીવડી શકે છે; માટે જ, જળશુદ્ધિકરણ ખૂબ જરૂરી છે.



જળ પ્રદૂષણના કારણો

## વિચાર કરો.

* જળ પ્રદૂષણના કારણો કયા ?
* પાણી શુદ્ધ કરવાની પદ્ધતિઓ કઈ કઈ છે?



ડો. રાજેન્દ્ર સિંહ

**વૉટરમૅન ઑફ ઈન્ડિયા :** (ભારતનો જળપુરુષ): રાજસ્થાનના મારવાડ પ્રદેશમાં ભાગ્યે જ વરસાદ પડે છે. લોકોને રોજિંદા ઉપયોગ માટે કે ખેતી માટે પાણી મળતું નથી. ડો. રાજેન્દ્ર સિંહ એ જ વિસ્તારમાં મોટા થયા હતા. તેમણે પાણીની અછતનો અનુભવ કર્યો હતો. આના ઉકેલ તરીકે, તેમણે 'જોહડ' બાંધવાનું શરૂ કર્યું. જોહડ એટલે માટીના બંધ. આ બંધો વરસાદના પાણીને રોકતા હતા. તેથી, જ્યાં જોહડ યોજના લાગુ કરવામાં આવી હતી તે વિસ્તાર હરિયાળો બની ગયો. આ કાર્યને કારણે, તેઓ 'ભારતના વૉટરમૅન' તરીકે જાણીતા થયા.



અણ્ણા હજારે

મહારાષ્ટ્ર રાજ્યના અહિલ્યાનગર જિલ્લાના રાળેગણ સિદ્ધિ ગામમાં અણ્ણા હજારે અને હિવરે બજાર ગામમાં, પોપટરાવ પવારે ગામમાં પાણીનું સ્તર વધારવા માટે વિવિધ પ્રયાસો કર્યા છે.



પોપટરાવ પવાર

## શું તમે જાણો છો?

* મહારાષ્ટ્રમાં ૧૦ મે 'જળ સંરક્ષણ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

સજીવો માટે પાણી ખૂબ મહત્વનો ઘટક હોવાથી જળસંરક્ષણ અને જળસંવર્ધન સૌની જવાબદારી છે. 'જળસાક્ષર' બનીને પાણીની બચત કરવી જોઈએ.

## સ્વાધ્યાય

**પ્ર.૧ કારણ લખો.**

(૧) નદી પર બંધ બાંધવામા આવે છે.

(૨) લાતુર શહેરને એક સમયે આગગાડી દ્વારા પાણી પૂરું પાડવામાં આવ્યું હતું.

(૩) છત્રપતિ શિવાજી મહારાજે રાયગઢ ખાતે પાણી પુરવઠાની વ્યવસ્થા કરી.

(૪) ડૉ. રાજેન્દ્ર સિંહે જોહડ બાંધ્યા.

## પ્ર.૨ નીચેના પ્રશ્નોના જવાબ બે-ત્રણ વાક્યોમાં લખો.

(૧) તમારા પરિસરનું પાણી પ્રદૂષિત થયું છે, તે વિશે તમારા વાલી સાથે ચર્ચા કરી ઉપાય યોજના તૈયાર કરો.

(૨) ડૉ. રાજેન્દ્ર સિંહને 'ભારતના વૉટરમૅન' કેમ કહેવામાં આવે છે?

## પ્ર.૩ બાજુનું ચિત્ર જોઈ નીચેના પ્રશ્નોના જવાબો લખો.




(૧) ચિત્રમાં બતાવેલા કાગળના આધારે, બાટલીમાં કેટલું પાણી છે?

(૨) પાણીની બાટલીની કિંમત કેટલી છે?

## પ્ર.૪ ભૂગર્ભજળ સંરક્ષણ વિશેનો નીચેનો ફકરો વાંચી પ્રશ્નોના જવાબ આપો.

**ભૂગર્ભજળ સંરક્ષણ:** વરસાદનું પાણી ઘરની છત પર, ઇમારતોની અગાસી પર, પર્વતોની ટોચ પર અને જમીન પર પડે છે. તેને વેડફવાને બદલે વિશેષ પદ્ધતિથી ટાંકીમાં સંગ્રહિત કરવામાં આવે છે અથવા જમીનમાં શોષખાડો તૈયાર કરીને તેમાં પહોંચાડવામાં આવે છે. આનાથી જમીનમાં પાણીનું સ્તર વધે છે. પાણીથી કૂવા ભરાય છે. જમીનનો ભેજ જળવાઈ રહે છે. પર્યાવરણીય સંતુલન જળવાઈ રહે છે. વૃક્ષારોપણ અને વૃક્ષસંવર્ધન કરવાથી જમીનનું ધોવાણ અટકે છે. વૃક્ષોના મૂળ જમીનમાં પાણી ઉતારવામાં મદદ કરે છે.

(૧) વરસાદનું પાણી ક્યાં પડે છે?

(૨) જમીનમાં પાણીનું સ્તર શેનાથી વધે છે?

(૩) વરસાદના પાણીને જમીનમાં ઉતારવા શું કરવામાં આવે છે?

(૪) આ ફકરા પર આધારિત બે ધ્યેય વાક્યો/સૂત્રો બનાવો અને લખો.

### ઉપક્રમ

- શિક્ષકની મદદથી, ડૉ. બાબાસાહેબ આંબેડકરે પાણી માટે કરેલા કાર્ય વિશે માહિતી મેળવો.
- માતા-પિતાની મદદથી 'જલયુક્ત શિવાર યોજના' અને 'હર ઘર જળ' યોજનાઓ વિશે માહિતી મેળવો. આ યોજનાના ફાયદાઓ વિશે ટૂંકમાં લખો.
- પરિસરમાં પડતા વરસાદને કેવી રીતે માપવામાં આવે છે? તે માટેના સાધનો શિક્ષકની મદદથી જુઓ.
- મહારાષ્ટ્રમાં આવેલા બંધના ચિત્રો ભેગા કરી, સ્ટીકી નોટમાં ચોંટાડો.



ચવદાર તળાવ સત્યાગ્રહ

***



# ૭. ભારતીય પરંપરા અને સાંસ્કૃતિક વિવિધતા

નીચેના ચિત્રમાં તમને આપણા દેશની કઈ વિવિધતા જોવા મળે છે?



## વિવિધતામાં એકતા

આપણો ભારત દેશ વિવિધ સંસ્કૃતિઓ ધરાવતો સુંદર દેશ છે. આપણા દેશનો ઇતિહાસ હજારો વર્ષ જૂનો છે.

ભારતની વિવિધ ભાષાઓ, સાહિત્ય, કલા, તહેવારો અને ધર્મો ભારતીય સંસ્કૃતિના ઘટકો છે. ભારતના વિવિધ ભાગોમાં રહેનાર આપણે સૌ ભારતીય છીએ.

## સંસ્કૃતિ એટલે શું?

સંસ્કૃતિ એટલે સમાજની વિશિષ્ટ જીવનશૈલી. જેમાં ભાષા, પહેરવેશ, ખોરાક, ઉત્સવ, ધર્મ, પૂજા, કલા કૌશલ્ય, સાહિત્ય, તહેવારો -સમારંભો વગેરે ઘટકોનો સમાવેશ થાય છે.

### ઉત્સવ:

ભારતના વિવિધ ભાગોમાં વિવિધ ઉત્સવ ઉજવવામાં આવે છે. જેમાંના ઘણા ઉત્સવ ખેતી અને ઋતુઓ સાથે સંબંધિત છે. ખેતી/કૃષિ આપણા દેશનો મુખ્ય વ્યવસાય છે. માટે જ, આપણા દેશને 'કૃષિપ્રધાન દેશ' કહેવામાં આવે છે.



ભારતના વિવિધ ઉત્સવો



બૈલપોળા

ભારતીય સંસ્કૃતિમાં બૈલપોળા એક મહત્વપૂર્ણ તહેવાર છે. આ તહેવાર દરમિયાન બળદની પૂજા કરવામાં આવે છે. બળદ ખેડૂતોને ખેતીમાં અને અન્ય કાર્યોમાં ખૂબ મદદ કરે છે.

મહારાષ્ટ્રની જેમ જ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, કર્ણાટક, તેલંગણા, આંધ્રપ્રદેશ, તમિળનાડુ વગેરે રાજ્યોમાં પણ બૈલપોળાનો તહેવાર ઉજવવામાં આવે છે. દરેક રાજ્યમાં આ તહેવાર જુદા જુદા નામે, જુદી જુદી રીતે અને જુદા જુદા દિવસે ઉજવવામાં આવે છે.

મહારાષ્ટ્રમાં આ તહેવારને બૈલપોળા કહેવામાં આવે છે. મરાઠવાડામાં, આ તહેવાર શ્રાવણ મહિનાની અમાસના દિવસે ઉજવવામાં આવે છે, જ્યારે પશ્ચિમ મહારાષ્ટ્રમાં આ તહેવાર ભાદરવા મહિનાની અમાસના દિવસે ઉજવવામાં આવે છે. નાગપુર જેવા કેટલાક સ્થળોએ, આ તહેવાર મોટા પોળા અને બીજા દિવસે નાના પોળા એમ બે દિવસ ઉજવવામાં આવે છે. આ તહેવાર દેશભરમાં વિવિધ નામે ઉજવવામાં આવે છે, જેમ કે છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં 'પોળા', કર્ણાટકમાં 'બેંદુર અથવા ભેંડી', તેલંગણા અને આંધ્રપ્રદેશમાં 'ઇરૂવાક પૂર્ણિમા' અને તમિળનાડુમાં 'મટ્ટુ પોંગલ'. ઉત્તર અને પશ્ચિમ ભારતમાં કેટલીક જગ્યાએ, આ તહેવારને 'ગોવર્ધન અથવા ગોધન' કહેવામાં આવે છે.

## ચાલો, જાણીએ.

મહારાષ્ટ્ર – બૈલપોળા/મોટા પોળા/નાના પોળા

છત્તીસગઢ/મધ્યપ્રદેશ – પોળા




ઉત્તર અને પશ્ચિમ ભારત ગોવર્ધન/ગોધન

કર્ણાટક – બેંદુર/ભેંડી

તમિળનાડુ – મટ્ટુ પોંગલ

તેલંગાણા/આંધ્રપ્રદેશ – ઇરૂવાક પૂર્ણિમા

આ તહેવારમાં, ઘરના બારણે તોરણ બાંધી દરવાજે રંગોળી પૂરવામાં આવે છે. બળદોને નવડાવી, સ્વચ્છ કરવામાં આવે છે, તેમને રંગવામાં આવે છે. તેમની પીઠ પર ભરતકામ કરેલી ઝૂલ લટકાવવામાં આવે છે. તેમના શિંગડા પર વરખ (સોનેરી/રૂપેરી કાગળ) લગાવવામાં આવે છે. તેમના માથા, ગળામાં કોડી અને ઘુઘરાની માળા પહેરાવવામાં આવે છે. વિવિધ વાજિંત્રો વગાડતા વગાડતા આખા ગામમાં બળદની શોભાયાત્રા કાઢવામાં આવે છે. બળદ ઘરના આંગણે આવે ત્યારે તેની આરતી ઉતારવામાં આવે છે, તેની પૂજા કરવામાં આવે છે અને પૂરણપોળીનો નૈવેદ્ય ધરવામાં આવે છે. એ આખો દિવસ બળદને વિશ્રામ આપવામાં આવે છે.

**વિવિધ ધર્મો અને તેમના તહેવારો**

| ધર્મ | તહેવાર |
|---|---|
| હિંદુ | દિવાળી, ગણેશોત્સવ, દશેરા |
| બૌદ્ધ | ............................... |
| જૈન | મહાવીર જયંતી, પર્યુષણ પર્વ |
| ઈસ્લામ | ............................... |
| ખ્રિસ્તી | નાતાલ, ક્રિસમસ |
| પારસી | ............................... |
| શીખ | ગુરુનાનક જયંતી |

દીવા પ્રગટાવીને ઉજવવામાં આવતી દિવાળી ભારતનો મુખ્ય તહેવાર છે. દિવાળી પારિવારિક એકતા અને સાર્વજનિક આનંદનો તહેવાર છે. ગણેશોત્સવ અને દશેરા પણ હિંદુઓના મુખ્ય તહેવારો છે.

બૌદ્ધ ધર્મના લોકો માટે 'બુદ્ધ પૂર્ણિમા'નો તહેવાર મહત્વપૂર્ણ છે, જ્યારે જૈન ધર્મના લોકો માટે 'મહાવીર જયંતી' અને 'પર્યુષણ પર્વ' મહત્વપૂર્ણ છે. 'ઈદ-ઉલ-ફિત્ર' એટલે કે રમઝાન ઈદ ઇસ્લામ ધર્મનો મોટો તહેવાર છે. 'નાતાલ' અથવા 'ક્રિસમસ' ખ્રિસ્તી લોકોનો તહેવાર છે. 'નવરોજ' પારસીઓનો તહેવાર છે, 'ગુરુનાનક જયંતી' શીખ ધર્મના લોકોનો તહેવાર છે. તહેવાર કે ઉત્સવ ભલે ગમે તે ધર્મના હોય, દરેક ભારતીયો આનંદથી તહેવારો અને ઉત્સવોમાં સહભાગી થાય છે. એકબીજાને શુભેચ્છા પાઠવે છે.

સ્વાતંત્ર્ય દિન અને પ્રજાસત્તાક દિવસ એ રાષ્ટ્રીય તહેવારો છે, જેને દેશના તમામ નાગરિકો ખૂબ જ ઉત્સાહથી ઉજવે છે.

ઉત્સવોને કારણે લોકો એકઠા થાય છે. તેમનામાં એકતાની ભાવના નિર્માણ થાય છે. ઉત્સવ દરમિયાન ગીત, નૃત્ય, રંગોળી, રમતગમત સ્પર્ધાઓનું આયોજન થાય છે. જેથી કલાનો આનંદ પણ માણી શકાય છે. ભારતના વિવિધ ભાગોમાં, ગામોગામ મેળા ભરાય છે. સ્થાનિક ગ્રામ દેવતાના ઉત્સવો દરમિયાન, વિવિધ કારણોથી બહારગામ રહેતા લોકો ગામમાં ભેગા થાય છે

## આહારની વિવિધતા

ભારતના વિવિધ પ્રદેશોમાં રહેતા લોકોના આહારમાં વિવિધતા જોવા મળે છે. આબોહવા અને પાકમાં તફાવત, આ વિવિધતાનું કારણ છે. પંજાબી લોકોના આહારમાં મુખ્યત્વે દાળ અને રોટલીનો સમાવેશ થાય છે. દરિયા કિનારે રહેતા લોકો ભાત અને માછલી ખાય છે. તેવી જ રીતે, કેટલાક પ્રદેશોની ખાસ વાનગીઓ પ્રખ્યાત છે. જેમ કે, મહારાષ્ટ્રમાં પૂરણપોળી, દક્ષિણ ભારતમાં ઈડલી સંભાર, વગેરે.



## વેશભૂષાની વિવિધતા





ભારતના વિવિધ ભાગોમાં રહેતા લોકોની વેશભૂષા જુદી-જુદી છે. કાશ્મીર અને પંજાબમાં સ્ત્રીઓ સલવાર-કમીઝ અને દુપટ્ટા પહેરે છે. રાજસ્થાનમાં સ્ત્રીઓ રંગબેરંગી ચોલી-ઘાઘરા અને ઓઢણી પહેરે છે. નાગાલેન્ડ અને મિઝોરમ જેવા પૂર્વોત્તરના પર્વતીય રાજ્યોમાં સ્ત્રીઓ લાંબો ઝભ્ભો (ગાઉન) પહેરે છે. ભારતમાં સ્ત્રીઓના પોશાકમાં સાડી વિશેષ પ્રસિદ્ધ છે.

પુરુષોના પોશાકમાં પણ વિવિધતા જોવા મળે છે. કેટલાક પાયજામા પહેરે છે, કેટલાક ધોતી પહેરે છે, કેટલાક લુંગી પહેરે છે અને કેટલાક લેંઘો કે પૅન્ટ પહેરે છે. સાથે જ શર્ટ, કુર્તા, ઝભ્ભા, જૅકેટ અથવા કોટ પહેરે છે. કેટલાક લોકો માથા પર પાઘડી પહેરે છે. કેટલાક લોકો ટોપી પહેરે છે. જુદા જુદા પ્રદેશમાં ફેટા અને ટોપીના જુદા જુદા પ્રકાર જોવા મળે છે. આજકાલ લોકો પરંપરાગત પોશાકની સાથે વિવિધ પ્રકારના કપડાં પહેરે છે.

### રમત

ભારતમાં અનેક પ્રકારની રમતો રમાય છે. લગોરી, ગિલ્લીદંડા, કુસ્તી, કબડ્ડી અને ફૂદરડી જેવી પરંપરાગત રમતો આજે પણ લોકપ્રિય છે. મલ્લખંભ જેવી રમતને કારણે શરીર ચપળ બને છે, તે શરીરને તાજગી આપી માનસિક એકાગ્રતા વધારવામાં મદદ કરે છે. બુદ્ધિ ચાતુર્ય વધારનાર ચેસની રમત ભારતમાં પ્રાચીન સમયથી જ રમાય છે.

આપણા જીવનમાં રમતગમત મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. કારણ કે રમતગમતને કારણે આપણામાં એકતા અને સહકાર્યના ગુણોનો વિકાસ થાય છે. નેતૃત્વના ગુણનો વિકાસ થાય છે. રમતગમતમાં જીત કે હાર કરતાં દઢ નિશ્ચય અને ઉત્સાહ વધુ મહત્વપૂર્ણ છે. રમતગમતમાં ચોક્કસ નિયમો હોય છે. ખેલાડીઓએ તે નિયમોનું પાલન કરવું પડે છે.



## શું તમે જાણો છો?

ભારતીય રમત કબડ્ડીને હવે વૈશ્વિક સ્તરે માન્યતા મળી છે. ભારતીય મહિલા ટીમ ઢાકામાં યોજાયેલી વિશ્વ કક્ષાની કબડ્ડી ચેમ્પિયનશીપની વિજેતા બની છે



વિશ્વ ચેમ્પિયન ભારતીય મહિલા કબડ્ડી ટીમ ૨૦૨૫



## શું તમે જાણો છો?



ખાશાબા જાધવ

- ખાશાબા જાધવ સાતારાના રહેવાસી હતા. તેઓ ભારતીય ફ્રીસ્ટાઇલ કુસ્તીબાજ હતા. તેમણે ૧૯૫૨ના હેલસિંકી ઓલિમ્પિકમાં કાંસ્ય પદક જીત્યો હતો. તેઓ સ્વતંત્ર ભારત માટે ઓલિમ્પિક પદક મેળવનાર પ્રથમ ભારતીય હતા.



કોનેરુ હમ્પી

- આંધ્રપ્રદેશના રહેવાસી કોનેરુ હમ્પી, ભારતની સૌથી નાની વયની મહિલા ગ્રૅન્ડમાસ્ટર છે. તેમણે ચેસની રમતમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી છે.



દિવ્યા દેશમુખ

- નાગપુરની દિવ્યા દેશમુખ પણ ચેસ રમે છે. તેમણે ૨૦૨૫માં મહિલા ચેસ વિશ્વ કપ જીત્યો હતો. દિવ્યા દેશમુખે એશિયન ચૅમ્પિયનશિપ, વર્લ્ડજુનિયર ચેસ ચૅમ્પિયનશીપ અને યુથ ચેસ ચેમ્પિયનશીપમાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યા છે.

## લોકકલા

લોકકલા આપણો સાંસ્કૃતિક વારસો છે. કલાના માધ્યમથી આપણને આનંદ મળે છે. સરળતાથી લોકોને શિક્ષણ આપી શકાય છે અને સંસ્કૃતિનું જતન થાય છે.

રાષ્ટ્રસંત ગાડગે બાબા પોતાના કીર્તનો દ્વારા લોકોને શિક્ષણ અને સ્વચ્છતાનું મહત્વ સમજાવતા હતા. લોકશાયર અન્નાભાઉ સાઠે, શાયર અમર શેખ અને દ ના. ગવણકરે પોતાની રચનાઓ દ્વારા જનજાગૃતિ કરી.

સંતોએ લોકોને સમાનતાનો સંદેશ આપ્યો હતો. તેમણે લોકોને દયા, અહિંસા, પરોપકાર, સેવા, સમતા, બંધુતા, વગેરે સદગુણો શીખવ્યા. શ્રી ચક્રધર સ્વામી, સંત નામદેવ, સંત જ્ઞાનેશ્વર, સંત ચોખામેળા, સંત એકનાથ, સંત તુકારામ, સંત ગોરોબા, સંત નરહરિ, સંત મુક્તાબાઈ, સંત જનાબાઈ, સંત સોયરાબાઈ, સંત કાન્હોપાત્રા, સંત બહિણાબાઈ, શિઉરકરે પોતાના કીર્તન, અભંગો અને ભારુડ દ્વારા જનજાગૃતિનું કાર્ય કર્યું

પંજાબના ભાંગડા, કર્ણાટકનું યક્ષગાન, ગોવાનું ઘોડદોડ નૃત્ય, નાગાલેન્ડ અને મેઘાલયનું બાંબુ નૃત્ય, ગુજરાતના રાસ-ગરબા, રાજસ્થાનનું ઘૂમર નૃત્ય, આસામનું બિહુ નૃત્ય, મહારાષ્ટ્રનું લાવણી નૃત્યકલા વગેરે જે તે રાજ્યની વિશેષ ઓળખ છે. વિવિધ રાજ્યોમાં ચિત્રકલા, શિલ્પકલા, સ્થાપત્યકલા વગેરેના વિવિધ પ્રકારો જોવા મળે છે.

## મહારાષ્ટ્રની વિવિધ લોકકલાઓ


લાવણી


પોવાડા


દશાવતાર


ભજન, કીર્તન


ભારુડ


ગોંધળ


તમાશા


કોળીનૃત્ય



પંજાબ – ભાંગડા



કર્ણાટક – યક્ષગાન



ગોવા – ઘોડદોડ નૃત્ય



નાગાલેન્ડ/મેઘાલય
બાંબુ નૃત્ય



ગુજરાત –
રાસ-ગરબા



રાજસ્થાન – ઘૂમર



આસામ – બિહુ



મહારાષ્ટ્ર – લાવણી

## વિવિધ રાજ્યોના નૃત્ય

આપણા દેશમાં કલા, ખોરાક, ભાષા, વેશભૂષા, તહેવારો અને પરંપરાઓમાં વિવિધતા છે. તેમ છતાં વિવિધતામાં એકતા જ આપણા દેશની વિશેષતા છે.

## સ્વાધ્યાય

**પ્ર.૧ સંકલ્પના ચિત્રપૂર્ણ કરો.**



## પ્ર.૨ રાજ્યના નામની સામે, તે રાજ્યમાં ઉજવાતા ઉત્સવ લખો.

| રાજ્ય | ઉત્સવ |
| --- | --- |
| (૧) મહારાષ્ટ્ર | ---------------------------------------------------- |
| (૨) આંધ્ર પ્રદેશ | ---------------------------------------------------- |
| (૩) તમિળનાડુ | ---------------------------------------------------- |
| (૪) કેરળ | ---------------------------------------------------- |

## પ્ર.૩ નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.

| રાજ્ય | પોશાક | ખોરાક |
| --- | --- | --- |
| પંજાબ | --------------- <br> --------------- | --------------- <br> --------------- |
| --------------- <br> --------------- | --------------- <br> --------------- | પૂરણપોળી |
| રાજસ્થાન | --------------- <br> --------------- | --------------- <br> --------------- |

## પ્ર.૪ મહારાષ્ટ્રમાં કઈ કઈ રમતો રમાય છે?

(૧) --------------------------------------------------------------------------------

(૨) --------------------------------------------------------------------------------

(૩) --------------------------------------------------------------------------------

(૪) --------------------------------------------------------------------------------

### ઉપક્રમ

- ઘરના વડીલોની મદદથી, પરિસરની વિવિધ લોકકલાઓ, પોશાક, ખોરાક અને રમત વિશે ચિત્રરૂપ માહિતી મેળવો.
- ઇન્ટરનેટનો ઉપયોગ કરીને મહારાષ્ટ્રની વિવિધ લોકકલાના વિડિયો શોધો.

***







# ૮. પરિવહન





**વિદ્યાર્થીઓ, ઉપરના ચિત્રનું નિરીક્ષણ કરો. તમે જોયેલા અથવા ઉપયોગમાં લીધેલા પરિવહનના સાધનોના ચિત્રની બાજુના ખાનામાં ✓ કરો.**

- પૃથ્વી પર ખૂબ લાંબા અંતરની મુસાફરી કરવા માટે વપરાતા સાધનને ઓળખો. તેની બાજુના ચોરસમાં ○ કરો.
- શું તમે ક્યારેય બાકીના અજાણ્યા સાધનો જોયા છે? ક્યાં? તમારા મતે તેનો ઉપયોગ ક્યારે થયો હશે? તમારા મિત્રો અને શિક્ષકો સાથે આ વિશે ચર્ચા કરો.

ઉપરોક્ત પ્રવૃત્તિ પરથી, તમને ધ્યાનમાં આવશે કે જુદા જુદા સમયે આપણે પરિવહનના વિવિધ સાધનોનો ઉપયોગ કર્યો છે. હાલમાં આપણે જે સાધનોનો ઉપયોગ કરીએ છીએ, તે ભૂતકાળના પરિવહનના સાધનો કરતાં વધુ ઝડપી અને સુરક્ષિત છે.

## પરિવહન

પરિવહન કઈ રીતે થાય છે, તે જોઈએ.



પ્રાચીન સમયમાં માનવ વાહન તરીકે પ્રાણીઓનો ઉપયોગ કરતો. આગળ જતા પૈડાંની શોધ થઈ ત્યારબાદ પૈડાંવાળી ગાડી બનાવી તેને ખેંચવા માટે પાલતું પ્રાણીને જોડતા. આજે પણ, કેટલીક જગ્યાએ પ્રાણીઓ દ્વારા ખેંચાતી ગાડીઓનો ઉપયોગ થાય છે.



તંત્રજ્ઞાનનો વિકાસ થતા પ્રાણીઓનું સ્થાન યંત્રોએ લીધું. યંત્રોની મદદથી ચાલતા વાહનોને કારણે પ્રવાસ સરળ, સુખદાયક અને ઝડપી બન્યો છે.



### શું તમે જાણો છો?





હોવરક્રાફ્ટ - પાણી અને જમીન પર ચાલતું વાહન



### કરી જુઓ.

**પરિવહનના માર્ગો**

- ભૂમાર્ગ
  - રસ્તા માર્ગ
  - રેલવે માર્ગ
- જળમાર્ગ
  - અંતર્ગત
  - સામુદ્રિક
- હવાઈમાર્ગ
  - દેશાંતર્ગત હવાઈ માર્ગ
  - આંતરરાષ્ટ્રીય હવાઈ માર્ગ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ------- | ------- | -------- | -------- | -------- | ---------- |
| ------- | ------- | -------- | -------- | -------- | ---------- |
| ------- | ------- | -------- | -------- | -------- | ---------- |

**નીચે આપેલા વાહનોના નામ યોગ્ય ખાનામાં લખો -**

બસ, કાર, હેલિકૉપ્ટર, ફેરી-બોટ, રિક્ષા, વિમાન, હોડી, સાઇકલ, મેટ્રો, ટ્રેન, તરાપો, જહાજ



## નીચેની કૃતિ પૂર્ણ કરો

સિગ્નલ પર જોવા મળતી નીચેના રંગની લાઇટનો અર્થ લખો.



(૧) ------------------------------------------------------------
------------------------------------------------------------

(૨) ------------------------------------------------------------
------------------------------------------------------------

(૩) ------------------------------------------------------------
------------------------------------------------------------

## રસ્તા સંબંધિત ચિન્હો, નિશાનીઓ અને તેમના અર્થને જોડો.

| જૂથ 'અ' | જૂથ 'બ' |
|---|---|
|  | અહીં વાહનો પાર્ક કરવા નહીં. |
|  | હૉર્ન વગાડવો નહી. |
|  | ગતિ અવરોધક |
|  | કામગાર કામ કરી રહ્યા છે. |
|  | આગળ શાળા છે. |

## માલનું પરિવહન

માલસામાન અથવા કાચા માલને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવાની પ્રક્રિયાને માલનું પરિવહન કહે છે. મોટી-ભારે વસ્તુઓથી માંડી નાજુક કાચના વાસણો સુધીના માલનું પરિવહન કરવામાં આવે છે. જે જરૂરીયાત અનુસાર ટ્રક, ટ્રેન, જહાજ અથવા વિમાન જેવા વાહનો દ્વારા કરવામાં આવે છે. માલસામાન વહન કરતી ટ્રેનને 'માલગાડી' કહેવામાં આવે છે.

મોટા શહેરોમાં, પાણી અને ગૅસ જેવી વસ્તુઓનું પરિવહન પાઇપ દ્વારા પણ થાય છે.

## ચાલો, માતાપિતાની મદદથી માહિતી મેળવીએ.

- એવું કયું વાહન છે, જેને કોઈ પણ પ્રકારના ઇંધણની જરૂર નથી પડતી?
- દુર્ગમ ડુંગરાળ વિસ્તારોમાં મુસાફરી કરવા માટે કયા પ્રાણીઓનો ઉપયોગ થાય છે?



આધુનિક સમયના ઇલેક્ટ્રિક (EV) વાહનો


જ્યાં રસ્તા બનાવવા મુશ્કેલ હોય, ત્યાં રોપ-વેનો ઉપયોગ થાય છે. જેમ કે પર્વતીય અને દુર્ગમ વિસ્તારો અથવા ખાણોમાં રોપ-વેનો ઉપયોગ થાય છે. જેમ કે રાયગઢ રોપ-વે


ભૂતકાળમાં, લોકો મુસાફરી માટે પાલખી અથવા ડોળીનો ઉપયોગ કરતા હતા.


મેટ્રો

### વિચાર કરો.

તમારે ચંદ્રપુરમાં આવેલા તાડોબા વાઘ અભયારણ્યની મુલાકાતે જવાનું છે. તમે ત્યાં બે દિવસ રોકાવાના છો. આ પ્રવાસ માટે શી તૈયારી કરશો?

- પ્રવાસ માટે ક્યારે નીકળશો? ..............................
- પ્રવાસનું સાધન ..............................
- મુસાફરીનો સમય ..............................
- મુસાફરી માટે જરૂરી સામગ્રી ..............................
- માર્ગમાં આવતા મુખ્ય સ્થળો ..............................

## શું તમે જાણો છો?

- ૧૬ એપ્રિલ, ૧૮૫૩ના રોજ, ભારતમાં પહેલી ટ્રેન મુંબઈથી થાણે સુધી દોડી હતી. તે કોલસાથી ચાલતી હતી.
- ભારતની પહેલી મેટ્રો કોલકાતામાં શરૂ થઈ.
- અતિવૃષ્ટિ જેવી પરિસ્થિતિમાં, જો પરિવહનના અન્ય કોઈ માધ્યમો દ્વારા સંપર્ક કરવો શક્ય ન હોય, તો પૅરાશૂટની મદદથી સંપર્ક કરી શકાય છે. જીવનાવશ્યક ચીજવસ્તુઓ પહોંચાડવા માટે પૅરાશૂટનો ઉપયોગ કરી શકાય છે.



### સંદેશવહન

માહિતી અને સંદેશાઓના આદાનપ્રદાનને 'સંદેશવહન' કહેવાય છે.

### વિચાર કરો.

તમારો મિત્ર બીજા શહેરમાં રહે છે અને તમે તેને જન્મદિનની શુભેચ્છા પાઠવવા માંગો છો, તો નીચેનામાંથી કયો વિકલ્પ તમારા માટે સૌથી સરળ છે?

- તેના ઘરે જવુ.
- તેને ટપાલ દ્વારા પત્ર અથવા ભેટ કાર્ડ મોકલવું.
- ટેલિફોન દ્વારા તેનો સંપર્ક કરવો.
- મોબાઇલ ફોન વડે તેને શુભેચ્છા સંદેશ મોકલવો.
- ઈ-મેઈલ મોકલવો
- કબૂતરના પગમાં પત્ર બાંધીને તેને મોકલવો.

## શું તમે જાણો છો?

પ્રાચીન સમયમાં, કબૂતરનો ઉપયોગ કરીને સંદેશા મોકલવામાં આવતા હતા. આ હેતુ માટે કબૂતરોનો ઉછેર કરી તેમને પ્રશિક્ષણ આપવામાં આવતું હતું. ભૂતકાળમાં, રાજાના સંદેશાવાહકો ઘોડા અથવા ઊંટ પર સંદેશા પહોંચાડતા હતા. આ કાર્ય મુશ્કેલ અને જોખમી હતું. પછીથી, ટપાલ સેવા શરૂ થઈ.

**ટપાલ:** આપણે દેશ-વિદેશમાં ટપાલ દ્વારા પત્રો અને માલ મોકલી શકીએ છીએ. મહત્વપૂર્ણ પત્રો શક્ય તેટલી ઝડપથી પહોંચાડવા માટે 'સ્પીડ-પોસ્ટ' સુવિધાનો ઉપયોગ થાય છે. દેશની અંદર અને વિદેશમાં માલ મોકલવા માટે બસ, રેલવે, જહાજ અને વિમાન જેવા વાહનોનો ઉપયોગ થાય છે.

**શું તમે ક્યારેય પોસ્ટ ઑફિસ ગયા છો? તમે ત્યાં શું જોયું તે કહો.**

**ટેલિફોન:** ટેલિફોનની શોધથી દુનિયામાં એક મોટી ક્રાંતિ થઈ છે. દૂરસુદૂર રહેતા લોકો સાથે સરળતાથી વાતચીત કરી શકાય છે. વિશ્વ જાણે નજીક આવી ગયું છે. તેનું સૌથી અદ્યતન સ્વરૂપ 'મોબાઇલ ફોન' છે.

**સંદેશવ્યવહાર અને માહિતી પ્રસારણના અન્ય માધ્યમો:**

રેડિયો, ટીવી, માસિક, વર્તમાનપત્ર, ડ્રોન વગેરે દ્વારા સંદેશ વહન કરવામાં આવે છે. વિવિધ પ્રકારની માહિતી આપવામાં આવે છે.



ડ્રોન

### શું તમે જાણો છો?

- ટપાલ ટિકિટ આપણને ઘણી માહિતી આપે છે. તેના પર મહત્વપૂર્ણ ઘટનાઓ અને વ્યક્તિના ચિત્રો છપાયેલા હોય છે. જેમ કે, બિરસા મુંડા એક મહાન ક્રાંતિકારી હતા. તેમણે સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લીધો હતો. આ તેમની ટિકિટ છે.
- કેટલાક લોકો દેશ-વિદેશની ટપાલ ટિકિટોનો સંગ્રહ કરે છે.
- ભારતમાં સૌ પ્રથમ પોસ્ટ ઑફિસ ૧૭૭૪માં કોલકાતામાં શરૂ થઈ હતી.
- ભારતની પ્રથમ નાગરિક ઉડ્ડયન કંપની, ટાટા ઍરલાઇન્સની સ્થાપના ૧૯૩૨માં મુંબઈમાં થઈ હતી.
- વિશ્વભરમાં સંદેશવહન માટે ઉપગ્રહોનો ઉપયોગ થાય છે.




બિરસા મુંડા



ઉપગ્રહ

### ચાલો, જાણીએ.

- ટેલિફોનની શોધ કોણે કરી?
- સંગણકની શોધ કોણે કરી?

## સ્વાધ્યાય

**પ્ર.૧ નામ લખો.**

(૧) રસ્તા પર ચાલતા વાહનો ------------------------------------------------

(૨) જળ માર્ગે ચાલતા વાહનો ------------------------------------------------

(૩) લોહ માર્ગ પર ચાલતા વાહનો ------------------------------------------------

(૪) હવાઈ માર્ગે ચાલતા વાહનો ------------------------------------------------

**પ્ર.૨ સંકલ્પના ચિત્ર પૂર્ણ કરો.**




**પ્ર.૩. યોગ્ય વિકલ્પ પર ગોળ કરો.**

(૧) માલ લઈ જનાર આગગાડી - (મેટ્રો, માલગાડી, લોકલ ટ્રેન)

(૨) દુર્ગમ વિસ્તારો અને ખાણોમાં વપરાતું વાહન -(પાલખી, રિક્ષા, રોપ-વે)

(૩) શક્ય તેટલી ઝડપી પત્રો પહોંચાડવાની સુવિધા (ટપાલ, સ્પીડ પોસ્ટ, ટેલિગ્રામ)

(૪) પ્રાચીન સમયમાં સંદેશા મોકલવા માટે વપરાતું પક્ષી (ગરુડ, કબૂતર, પોપટ).

**પ્ર ૪. પાઠ્યપુસ્તકની શરૂઆતમાં QR કોડમાં આપેલા મહારાષ્ટ્રના પ્રવાસન નકશાનું નિરીક્ષણ કરો, તમારા ઘરેથી, તમારી પસંદગીના કોઈપણ પ્રવાસન સ્થળે જવાનું છે.**

(૧) તમે કયા વાહનોનો ઉપયોગ કરશો?

(૨) રસ્તામાં કયા મોટા ગામ આવશે?

(૩) તમે મુખ્યત્વે ત્યાં શું જોશો?

**પ્ર.૫. મોબાઇલ ફોન વિશે વર્ગમાં ચર્ચા કરો. તેના ફાયદા અને ગેરફાયદા વિશે લખો.**

| ફાયદા | ગેરફાયદા |
|---|---|
| ------------------------------------------ | ------------------------------------------ |
| ------------------------------------------ | ------------------------------------------ |
| ------------------------------------------ | ------------------------------------------ |

**ઉપક્રમ**

- પ્રાચીન સમયમાં વપરાતા પરિવહનના સાધનોના ચિત્રો મેળવવી, તેમને સ્ટીકી નોટબુકમાં ચોંટાડો અને નામ લખો.
- જાહેર પરિવહન વ્યવસ્થામાં દિવ્યાંગો માટે કઈ સુવિધાઓ છે? માતાપિતાની મદદથી માહિતી મેળવી લખો.

***

# ૯. ઐતિહાસિક સ્મારકો

'જીવન શિક્ષણ વિદ્યા મંદિર શાળા'નું બીજું સત્ર શરૂ થયું. શિક્ષિકા બહેને વર્ગમાં આવી બાળકોને પૂછ્યું કે તેમણે રજામાં શું કર્યું? કોણ કોણ બહારગામ ગયું હતું? કેટલાક વિદ્યાર્થીઓએ હાથ ઉપર કર્યો. શિક્ષિકાએ તેમને કહ્યું કે, ''તમે જે સ્થળે ગયા હો, તે સ્થળે આવેલી ગુફા, કિલ્લા, મહાપુરુષોના જન્મસ્થાન, વસ્તુ સંગ્રહાલય, સ્તંભ વગેરે ઐતિહાસિક સ્મારકોના ફોટા મને મોબાઈલ પર મોકલો. આવતા અઠવાડિયે આપણે તેનું પ્રદર્શન યોજીશું.''

**વિચાર કરો.**

**રજાઓ દરમિયાન તમે કઈ નવી પ્રવૃત્તિઓ કરી શકો છો?**

વર્ગમાં આવી શિક્ષિકાએ બધા વિદ્યાર્થીઓને આંખો બંધ કરવા કહ્યું. તેમણે બોર્ડ પર કાગળ ચોંટાડતી વખતે, સૂચના આપી કે કોઈએ આંખો ખોલવી નહીં કે કલબલાટ કરવો નહીં. બાળકોને કાગળ ચોંટાડવાનો અવાજ સંભળાયો. સૂચના મળતાં જ તેઓએ પોતાની આંખો ખોલી. તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. વિદ્યાર્થીઓ એક સાથે બોલી ઉઠ્યા, 'વાહ! વાહ!'

તેમની સામે બે-ત્રણ મોટા કાગળ પર બાળકોએ વેકેશન દરમિયાન જોયેલી વસ્તુઓ અને સ્મારકોના ફોટા હતા. બાળકો પોતે પાડેલા ફોટા જોઈને ખુશ થયા. શિક્ષિકા બહેને કહ્યું, ''હવે, એક પછી એક આવી, તમે લીધેલા ફોટા વિશે માહિતી આપો. પહેલા કોણ કહેશે?''

**કરી જુઓ.**

**તમે મુલાકાત લીધેલા ઐતિહાસિક સ્થળોના ફોટાઓનો ચાર્ટ તૈયાર કરી વર્ગમાં પ્રદર્શિત કરો.**

ઉમાએ હાથ ઉંચો કરીને કહ્યું, ''**બહેન**, હું મારા માતા-પિતા સાથે શિવનેરી કિલ્લા પર ગઈ હતી. મારા માતા-પિતાએ મને **શિવનેરી** કિલ્લાની વાર્તા કહી, જ્યાં શિવાજી મહારાજનો જન્મ થયો હતો. શિવનેરી કિલ્લા પર, મેં ગુફાઓ, પાણીના ઝરણાં, શિવાઈ દેવીનું મંદિર, કિલ્લા, ખીણ અને બુરજ જોયા. હું આ પ્રવાસ ક્યારેય ભૂલીશ નહીં.''



છત્રપતિ શિવાજી મહારાજનું જન્મસ્થળ - શિવનેરી કિલ્લો



નંદીવર્ધન (નગરધન) ભુઈકોટ કિલ્લો



રામટેકમાં આવેલું શ્રીરામ મંદિર

એટલામાં નંદુ ઊભો થયો. તેણે કહ્યું, ''હું વિદર્ભ સ્થિત **રામટેક** ગયો હતો. રામટેક નાગપુર જિલ્લામાં આવેલું એક શહેર છે. **રામટેકમાં** ભગવાન શ્રીરામનું મંદિર છે. રામનવમીના દિવસે અહીં મેળો ભરાય છે. મહાકવિ કાલિદાસે અહીં મેઘદૂત નામનું મહાકાવ્ય રચ્યું હતું. રામટેકની નજીક નંદીવર્ધન (નગરધન) નામે ભુઈકોટ કિલ્લો આવેલો છે'' બધા બાળકો ઉત્સુકતાથી જોઈ રહ્યા હતા.

શિક્ષિકા બહેને એક ફોટો બતાવી પૂછ્યું, ''આ હવેલીમાં કોણ ગયું હતું?'' ગાર્ગીએ હાથ ઉંચો કર્યો. ગાર્ગીએ કહ્યું, ''અમે વેકેશનમાં પુણે ગયા હતા. અમે પુણેમાં મહાત્મા ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેનું ઘર જોયું. તે ઘરના પરિસરમાં એક નાનો કૂવો છે. મહાત્મા ફૂલેએ તે સમયે તમામ જાતિ અને ધર્મના લોકોને આ કૂવામાંથી પાણી ભરવાની પરવાનગી આપી હતી. મહારાષ્ટ્ર સરકારે **ફૂલે વાડાને** વારસા સ્થળ જાહેર કર્યું છે.''



મહાત્મા ફૂલે વાડા-કૂવો

મારી માતાએ મને કહ્યું, ''ફૂલે દંપતીને કારણે આપણે ભણીએ છીએ..'' મારી માતાએ મને તેમની વાર્તા કહી. પછી અમે તેમનું નામ અપાયેલ **'સાવિત્રીબાઈ ફૂલે પુણે વિદ્યાપીઠ'**ની મુલાકાત લીધી. અમે વિદ્યાપીઠના પરિસરને જોતા જોતા થાકી ગયા. અમે સંગ્રહાલયો, બગીચાઓ, મૂર્તિઓ, પ્રયોગશાળા, પુસ્તકાલયો, ભૂમિગત માર્ગ વગેરે જોયું.''

''ત્યાંથી, અમે સેનાપતિ બાપટ માર્ગ પર આવેલ ભારત રત્ન **ડૉ. બાબાસાહેબ આંબેડકર સંગ્રહાલય** જોવા ગયા. ડૉ. બાબાસાહેબ આંબેડકરે કેટલો અભ્યાસ કર્યો છે અને કઈ રીતે તેઓ આટલા મહાન બન્યા તે વિશે મારી માતાએ મને જણાવ્યું. ત્યાં પહોંચીને મને નવી માહિતી મળી કે, આ સંગ્રહાલયમાં તેમને આપવામાં આવેલ ભારતરત્ન ચંદ્રક રાખવામાં આવ્યો છે. ત્યાંથી, અમે

નજીકમાં જ સામે આવેલ **‘બાલભારતી’** જ્યાં આપણા પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં આવે છે, તે સ્થળની પણ મુલાકાત લીધી.




ભારતરત્ન ચંદ્રક

જાફરે કહ્યું, ‘‘હું બુલઢાણા ગયો હતો. ત્યાં મેં ઉલ્કાપાતને કારણે તૈયાર થયેલું **‘લુણાર સરોવર’** જોયું. પપ્પાએ મને કહ્યું કે આ તળાવનું પાણી ક્ષારયુક્ત હોવાથી પીવા યોગ્ય નથી. એ જાણી મને નવાઈ લાગી. પાછા આવતી વખતે મેં રાજમાતા જીજાબાઈનું જન્મસ્થળ **સિંદખેડ રાજા** ગામ જોયું.’’



લોણાર સરોવર

ફાતિમાએ કહ્યું, ‘‘હું મુંબઈ ગઈ હતી. મેં મારા જીવનમાં પહેલી વાર દરિયો જોયો. મેં દરિયા કિનારે **‘ગેટવે ઓફ ઈન્ડિયા’** જોયો.’’

અમૃતાએ કહ્યું, ‘‘હું કોંકણ ગઈ હતી. ત્યાં મેં **‘સિંધુદુર્ગ’** નામનો દરિયાઈ કિલ્લો (જલદુર્ગ) જોયો. આ કિલ્લો જોવા માટે અમારે દરિયામાં હોડી દ્વારા મુસાફરી કરવી પડી. હોડી હાલકડોલક થતી હતી. મેં પહેલીવાર જલદુર્ગ એટલે કે દરિયાઈ કિલ્લો જોયો. આ કિલ્લામાં મીઠા પાણીનો કૂવો છે.’’



સિંધુદુર્ગ

ત્યારબાદ અમે રોપ-વેમાં બેસી  રાયગઢ ગયા. રોપ-વે જોયો અને તેમાં બેઠા. **‘રાયગઢ’** ખૂબ ભવ્ય કિલ્લો છે. આ કિલ્લા પર જ છત્રપતિ શિવાજી મહારાજનો રાજ્યાભિષેક થયો હતો. સ્વરાજ્યની રાજધાની એવો આ કિલ્લો મને ખૂબ ગમ્યો. આ કિલ્લા પર છત્રપતિ શિવાજીની સમાધિ આવેલી છે.



રાયગઢ કિલ્લો

## કહો જોઈએ!

- તમે મુલાકાત લીધેલા ઐતિહાસિક સ્થળોનું સંક્ષિપ્તમાં વર્ણન કરો.
- ઐતિહાસિક સ્થળની મુલાકાત લેતી વખતે કઈ કાળજી લેવી જોઈએ?
- માતા-પિતાની મદદથી, ‘જાગતિક વારસા સ્થળ’ યાદીમાં સમાવિષ્ટ મહારાષ્ટ્રના  કિલ્લાઓ વિશે માહિતી મેળવી વર્ગમાં રજૂ કરો

શિક્ષિકા બહેને કહ્યું, ‘‘જુઓ, આપણને કેટલી વાતો જાણવા મળી. જૂના સ્થાપત્યો જોવા, તેમના વિશે માહિતી મેળવવી, તે સ્થળોની મુલાકાત લેવી એટલે જ ‘વારસા પર્યટન’(હેરિટેજ ટ્રીપ). આજે આપણે માત્ર ફોટા દ્વારા વારસા પર્યટનની મોજ માણી. આવા ઐતિહાસિક સ્થળે અનેક વારસા પર્યટન (હેરિટેજ ટ્રીપ) આયોજિત કરવામાં આવે છે. પર્યટનના કારણે જૂના સ્થાપત્યો અને વસ્તુઓ વિશે ઘણી માહિતી મળે છે. આપણે ચોક્કસપણે ત્યાં જવું જોઈએ.’’

આપણે એ સ્થળોની કાળજી લેવી જોઈએ ને? આપણે ઐતિહાસિક સ્થાપત્યો પર આપણા નામ ના લખવા જોઈએ. આપણે ત્યાં કચરો ન ફેંકવો જોઈએ, પ્લાસ્ટિકની બોટલો ના ફેંકવી જોઈએ. આપણે આપણા આ વારસાનું કાળજીપૂર્વક જતન કરવું જોઈએ.



## સ્વાધ્યાય

**પ્ર.૧ સંકલ્પના ચિત્ર પૂર્ણ કરો.**

(૧) **શિવનેરી**
- ગુફા
- 
- 
- 
- 

(૨) **સિંધુદુર્ગ**
- જલદુર્ગ
- 
- 

(૩) **રાયગઢ**
- શિવાજીનો રાજ્યાભિષેક
- 
- 
- 

**પ્ર.૨. યોગ્ય જોડકા જોડો**

| જૂથ 'અ' | જૂથ 'બ' |
| --- | --- |
| (૧) રામટેક મંદિર | (ક) સિંદખેડ રાજા |
| (૨) રાજમાતા જીજાઉનું જન્મસ્થળ | (ખ) સેનાપતિ બાપટ માર્ગ, પુણે |
| (૩) ડૉ.બાબાસાહેબ આંબેડકર સંગ્રહાલય | (ગ) નાગપુર |

**પ્ર.૩ સાચા જવાબ લખો.**

(૧) સાવિત્રીબાઈ ફૂલેનું નામ અપાયેલ વિદ્યાપીઠ – ______

(૨) પાઠ્યપુસ્તક નિર્મિતિ કેન્દ્ર – ______

**પ્ર.૪. નીચેના વાક્યો સુધારીને લખો.**

(૧) સિંધુદુર્ગ ગિરીદુર્ગ છે.

(૨) શિવનેરી કિલ્લા પર રોપ-વે દ્વારા જવું પડે છે.



### પ્ર.૫ તમે શી સાવચેતી રાખશો?

ઐતિહાસિક સ્થાપત્યો

- કચરો ના નાખવો
-
-
-

### ઉપક્રમ

- તમારા વિસ્તારની ઐતિહાસિક ઇમારતોની મુલાકાત લો અને તેમના વિશે લખો.
- કિલ્લાઓના ચિત્રો એકત્રિત કરો અને તેમને સ્ટીકી નોટબુકમાં ચોંટાડો.
- કિશોર માસિકમાં પ્રકાશિત મહાત્મા ફૂલે વિશેનો લેખ વાંચવા માટે, પાઠ્યપુસ્તકની શરૂઆતમાં આપેલ QR કોડ પરની લિંક જુઓ.

***



# ૧૦. ગાથા: શૌર્યની અને ક્રાંતિની



| | | |
|---|---|---|
|  છત્રપતિ શિવાજી મહારાજ |  મહાત્મા જોતિરાવ ફૂલે |  સાવિત્રીબાઈ ફૂલે |
|  મહારાજા સયાજીરાવ ગાયકવાડ |  રાજર્ષિ શાહુ મહારાજ |  પંડિતા રમાબાઈ |
|  મહર્ષિ ધોંડો કેશવ કર્વે |  ડૉ. બાબાસાહેબ આંબેડકર |  ડૉ. પંજાબરાવ દેશમુખ |



## કરી જુઓ.

ઇન્ટરનેટની મદદથી ચિત્રમાં દર્શાવેલા મહાપુરુષો વિશે માહિતી ભેગી કરો. અહીં કર્મવીર ભાઉરાવ પાટીલ વિશે માહિતી આપવામાં આવી છે.

### કર્મવીર ભાઉરાવ પાટીલ

'રયત શિક્ષણ સંસ્થા' ભારતની જૂની અને વ્યાપકપણે કાર્યરત શૈક્ષણિક સંસ્થા છે. આ સંસ્થાના સ્થાપક કર્મવીર ભાઉરાવ પાટીલે તમામ જાતિ અને ધર્મના વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી શકે તે માટેના પ્રયત્નો કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ માટે છાત્રાલય સ્થાપી 'કમાઓ અને શીખો'ની યોજના શરૂ કરી.




ભાઉરાવ પાટિલ



શિક્ષિકા બહેન વર્ગમાં પ્રવેશ્યા. બધા વિદ્યાર્થીઓ ઉભા થઈ ગયા. શિક્ષિકા બહેને કહ્યું, ''આજે હું તમને મહાપુરુષ વિશે વાત કરીશ.''

શિક્ષિકા બહેને વાત શરૂ કરી.

### શિરીષ કુમાર

બ્રિટિશ સરકાર ભારતીયો સાથે અન્યાય કરી રહી હતી. બ્રિટિશ શાસન ભારતીયોનું શોષણ કરી રહ્યું હતું. ભારતીય લોકોએ અંગ્રેજો સામે લડત શરૂ કરી હતી. 'જીતીશું અથવા મરીશું'ના નારા દરેક જગ્યાએ સંભળાઈ રહ્યા હતા. ૧૯૪૨માં મહાત્મા ગાંધીજીએ અંગ્રેજોને સંબોધીને કહ્યું, 'ચલે જાઓ.'


શિરીષ કુમાર

આપણા દેશમાં બ્રિટિશ વિરોધી વાતાવરણ ગરમાઈ રહ્યું હતું. આખા દેશમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયા. શાળાના વિદ્યાર્થીઓ પણ આ આંદોલનમાં પાછળ ન હતા. ખાનદેશના નંદુરબારના ૧૬ વર્ષના વિદ્યાર્થી શિરીષ કુમારે અંગ્રેજો વિરુદ્ધ સરઘસ કાઢવાનું નક્કી કર્યું. તે અને તેના સાથીદારો શશીધર, લાલદાસ, ઘનશ્યામ અને ધનસુખલાલે અંગ્રેજો વિરુદ્ધ સરઘસ કાઢ્યો. શાળાના વિદ્યાર્થીઓની આગેવાની હેઠળ સરઘસ નંદુરબારના ધ્વજ ચોકમાં શાંતિપૂર્ણ રીતે આગળ વધી રહ્યું હતું. પોલીસે શિરીષ કુમાર અને તેના મિત્રોને સરઘસ સ્થગિત કરવાનો આદેશ આપ્યો. શિરીષ કુમાર અને તેના મિત્રોએ આ આદેશનું પાલન કર્યું નહીં. ૯ સપ્ટેમ્બર, ૧૯૪૨ના રોજ પોલીસે આ સરઘસ પર ગોળીબાર કર્યો. આ ગોળીબારમાં આ વિદ્યાર્થીઓ આપણા દેશ માટે શહીદ થયા.

**ચાલો જાણીએ.**

વસ્તાદ લહુજી સાળવે, રાજગુરુ અને ક્રાંતિસિંહ નાના પાટીલના કાર્ય વિશે માહિતી આપતા પુસ્તકો વાંચો.

### શાંતિ ઘોષ, સુનીતિ ચૌધરી


શાંતિ ઘોષ


સુનીતિ ચૌધરી

બંગાળમાં રહેતી અને શાળામાં ભણતી બે વિદ્યાર્થીનીઓ, શાંતિ ઘોષ અને સુનિતિ ચૌધરીની આ વાત છે. તે બંને બહેનપણીઓ એક જ વર્ગમાં અભ્યાસ કરતી હતી. શાંતિના પિતા દેવેન્દ્રનાથ પ્રોફેસર હતા. તેમણે તેમની પુત્રીને દેશભક્તિના સંસ્કાર આપ્યા હતા. એ ઉંમરે શાંતિ માત્ર એટલું જ જાણતી હતી કે અંગ્રેજો આપણા શત્રુ છે. તેમને પરાજિત કરીને આપણે સ્વાતંત્ર્ય મેળવવું જોઈએ. ૧૯૩૧માં બંનેને નેતાજી સુભાષચંદ્ર બોઝનું ભાષણ સાંભળવાનો મોકો મળ્યો. તેઓ ખૂબ જ ખુશ થયા. શાંતિ ઘોષે પોતાની નોટબુકમાં નેતાજી સુભાષચંદ્ર બોઝના હસ્તાક્ષર કરાવ્યા.

આગળ જતા તેમણે ક્રાંતિકારી સંગઠન 'યુગાંતર'માં કામ કરવાનું શરૂ કર્યું. આ સમય દરમિયાન, બંગાળના કોમિલ્લા વિસ્તારનો બ્રિટિશ અધિકારી સ્ટીવન્સ, ભારતીયો પર અત્યાચાર કરી રહ્યો હતો. સરઘસ કાઢનાર લોકો પર લાઠીઓ વરસાવતો. તેની મારપીટને કારણે લોકોનું માથું ફૂટી જતું. આ બંને તેના અન્યાયને સહન કરવા માંગતા ન હતા. બંનેએ આ દુષ્ટ બ્રિટિશ અધિકારીને પાઠ ભણાવવાનું નક્કી કર્યું.

સ્ટીવન્સને જાનનું જોખમ હતું. તેણે પોતાના ઘરમાં જ કાર્યાલય શરૂ કર્યું. ઘરની ફરતે પહેરો ગોઠવ્યો. સામાન્ય નાગરિકો તેને મળી શકતા ન હતા. બંનેએ તેને મળવા જવાનું નક્કી કર્યું. બંનેને પિસ્તોલ ચલાવવાની તાલીમ આપવામાં આવી હતી. ડર્યા વિના, બંને સ્ટીવન્સના ઘરે ગયા. તે પોતે તેમને મળવા બહાર આવ્યો. વાત કર્યા પછી, સુનીતિએ સંતાડી રાખેલ પિસ્તોલ કાઢી અને તેને ગોળી મારી દીધી. તે ત્યાં જ ઢળી પડ્યો. બંનેને પકડવામાં આવ્યા. તેમને આજીવન કેદની સજા ફટકારવામાં આવી. બાદમાં, તેઓ ૧૯૩૯માં મુક્ત થયા.



## ચાલો, જાણીએ.

ઈ.સ. ૧૮૧૮માં અંગ્રેજોએ ભારત પર વિજય મેળવ્યા બાદ, મહારાષ્ટ્રના આદ્ય ક્રાંતિકારી ઉમાજી નાઈકે અંગ્રેજોના વિરોધમાં લડત શરૂ કરી. ઉમાજીએ અંગ્રેજો સામે લડત ચલાવવા અને અંગ્રેજ શાસનને ઉથલાવી પાડવાનું આહ્વાન કર્યું. પુણે, સાતારા, અહિલ્યાનગર વગેરે વિસ્તારોમાં તેમનું કાર્ય પ્રસર્યું હતું.

આગળ જતા ક્રાંતિકારી વાસુદેવ બળવંત ફડકે, ચાપેકર બંધુએ તેમનો વારસો સંભાળ્યો. ચાપેકર બંધુથી પ્રેરિત થઈને, સ્વાતંત્ર્ય સેનાની વિનાયક દામોદર સાવરકરે સ્વતંત્રતા માટે લડત શરૂ કરી.



## શું તમે જાણો છો?

પુણે જિલ્લાના આંબેગાંવ તાલુકાના મહાળુંગે ગામનો એક યુવાન, બાબુ ગેનુ સૈદ મુંબઈમાં કાપડ મિલમાં કામ કરતો હતો. ૧૯૩૦માં મુંબઈમાં વિદેશી માલસામાનના બહિષ્કારની ચળવળ ચાલતી હતી. બાબુ ગેનુ આ ચળવળમાં સૌથી આગળ હતા. એક વાર, એક માલગાડી વિદેશી કાપડ લઈ જઈ રહી હતી. તે સમયે, બાબુ ગેનુ હાથમાં ત્રિરંગો ઝંડો લઈ તે ગાડીની સામે ઊભા રહી ગયા. માલગાડીના ડ્રાઈવરે બાબુ ગેનુ પરથી ગાડી ચલાવી દીધી. તેમણે દેશ માટે પોતાના પ્રાણનું બલિદાન આપ્યું.



બાબુ ગેનુ સૈદ



## ચાલો જાણીએ.



બંધારણ સભાના પ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદને
ભારતીય સંવિધાનનો મસૂદો અપર્ણ કરતા ડૉ. બાબાસાહેબ આંબેડકર

૯ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદના નેતૃત્વમાં બંધારણ સભાની રચના કરવામાં આવી હતી. ભારત ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ સ્વતંત્ર થયું, ત્યારબાદ ૨૧ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ મસૂદા સમિતિની રચના કરવામાં આવી હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકર મસુદા સમિતિના અધ્યક્ષ હતા. તેમના નેતૃત્વમાં, બંધારણનો અંતિમ મસૂદો ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ સભામાં રજૂ કરવામાં આવ્યો હતો, અને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ બંધારણ અમલમાં આવ્યું હતું. તેથી, ૨૬ નવેમ્બરને 'સંવિધાન દિન' તરીકે ઉજવવામાં આવે છે.

## સ્વાધ્યાય

**પ્ર ૧. કૌંસમાં નીચેની વ્યક્તિઓ સાથે સંબંધિત સ્થળોના નામ આપ્યા છે, તેને તેમના નામ સામે લખો.** (નંદુરબાર, કોમિલ્લા, પુણે, મહાળુંગે)

(૧) બાબુ ગેનુ સૈદ ..........................

(૨) શિરીષ કુમાર ..........................

(૩) સ્ટીવન્સ ..........................

(૪) આદ્ય ક્રાંતિકારી ઉમાજી નાઈક ..........................

**પ્ર.૨ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

(૧) શિરીષ કુમારે અંગ્રેજો વિરુદ્ધ કાઢેલા સરઘસમાં કોણે કોણે ભાગ લીધો હતો?

(૨) શાંતિ ઘોષ અને સુનીતિ ચૌધરી કયા ક્રાંતિકારી સંગઠનમાં કામ કરતા હતા?

(૩) રયત શિક્ષણ સંસ્થાની સ્થાપના કોણે કરી હતી?

**પ્ર.૩ લખો.**

(૧) ગાંધીજીએ અંગ્રેજો વિરુદ્ધ કરેલી ઘોષણા -

(૨) શાંતિ ઘોષને દેશભક્તિના સંસ્કાર આપનાર-

(૩) ચાપેકર બંધુઓ પાસેથી પ્રેરણા મેળવી સ્વતંત્રતા સંગ્રામ ચલાવનાર-

(૪) કર્મવીર ભાઉરાવ પાટીલ દ્વારા શરૂ કરાયેલી યોજના-

**પ્ર ૪ નામ લખો.**

(૧) ડૉ. રાજેન્દ્ર પ્રસાદના નેતૃત્વ હેઠળ રચાયેલી સમિતિ ...............................

(૨) મસૂદા સમિતિના અધ્યક્ષ ......................................................................

**પ્ર.૫ ત્રણ થી ચાર વાક્યોમાં માહિતી આપો.**

(૧) શિરીષ કુમાર

(૨) બાબુ ગેનુ સૈદ

**ઉપક્રમ**

- તમારી શાળામાં જે મહાપુરુષોના ફોટા હોય, તેની યાદી તૈયાર કરો
- ભારતીય સ્વતંત્રતા ચળવળમાં ભાગ લેનાર મહિલાઓની યાદી તૈયાર કરી તેમના વિશે માહિતી મેળવો.
- તમારા વિસ્તારની મહાન વ્યક્તિના જીવનનો એક પ્રેરણાદાયક પ્રસંગ લખો. શક્ય હોય તો તે વ્યક્તિનો ફોટો ચોટાડો.

***

# ૧૧. પર્યાવરણનું સંરક્ષણ: મારી જવાબદારી



૨ ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધી જયંતીની ઉજવણી માટે બધા વિદ્યાર્થીઓ મેદાનમાં ભેગા થયા હતા. આચાર્યની સૂચના મુજબ, શાળામાં સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું. વિનય પહેલી હરોળમાં સ્વચ્છ, સુઘડ કપડાં પહેરીને ઊભો હતો. વિનયને તો કામ કરવાનો ખૂબ કંટાળો હતો. તે પોતાના પેટ પર હાથ ફેરવીને, પેટમાં દુખાવાનું નાટક કરતો બાજુમાં જઈને બેસી ગયો. આચાર્યને વિનયનું સ્વચ્છતા અભિયાનમાં ભાગ ન લેવાનું કારણ સમજાઈ ગયું તેમણે વિનયને પોતાની ઑફિસમાં બોલાવી પોતાની બાજુમાં બેસાડયો. તેમણે તેને કેટલાક ચિત્રકાર્ડ બતાવી પ્રશ્ન પૂછયા. વિનય ચિત્રોનું નિરીક્ષણ કરવા લાગ્યો.

**કરી જુઓ.**

**ચિત્રોને યોગ્ય ક્રમ આપો.**













## કહો જોઈએ!

લોકો ફૂટપાથ પર ખુશીથી કેમ ચાલવા લાગ્યા?

વિનયે આચાર્યને પ્રશ્ન પૂછયો, ‘‘સ્વચ્છતા એટલે શું અને સ્વચ્છતા શા માટે રાખવી જોઈએ?’’

આચાર્યે વાત શરૂ કરી, ‘‘સ્વચ્છતા એટલે સ્વાસ્થ્ય જાળવવા અને રોગોના ફેલાવાને રોકવા માટે લેવામાં આવતી કાળજી. આ માટે, પોતાની, જાહેર સ્થળોની અને પર્યાવરણની સ્વચ્છતા જાળવવી મહત્વપૂર્ણ છે. વ્યક્તિગત સ્વચ્છતાની સાથે, ઘર અને પરિસરની સ્વચ્છતામાં કચરો યોગ્ય જગ્યાએ ફેંકવો અને ગંદા પાણીનો યોગ્ય નિકાલ કરવો પણ શામેલ છે. સ્વચ્છતાને કારણે બધી બાજુ આનંદદાયક અને ખુશનુમા વાતાવરણ રહે છે’’

## વિચારો અને કહો.

- જો શરીરને નિયમિત રીતે સાફ ન કરીએ તો શું થશે?
- જો પરિસરમાં કચરો અને દુર્ગંધ હોય તો શું થાય?
- આપણું ઘર, શાળા, પરિસર, ગામ અને શહેર કોણ સ્વચ્છ રાખે છે?

વિનયના મનમાં અનેક પ્રશ્નો ઉદ્‌ભવ્યા. વિનયે વાતની શરૂઆત કરી. ‘‘આપણે દર વર્ષે ૨ ઓક્ટોબરે, મહાત્મા ગાંધીની જન્મજયંતી નિમિત્તે સ્વચ્છતા અભિયાન શરૂ કરીએ છીએ. તો તે પહેલાં, શું સ્વચ્છતાનું મહત્વ ન હતું? શું કોઈએ સ્વચ્છતા માટે કામ કર્યું ન હતું?’’ આચાર્યે વિનયને સ્વચ્છતા વિશે કહેવાનું શરૂ કર્યું.

## શું તમે જાણો છો?

આપણા ભારતમાં સ્વચ્છતાની પરંપરા ખૂબ જ જૂની છે. પ્રાચીન કાળના લોકો પણ સ્વચ્છતાને મહત્વ આપતા હતા. હજારો વર્ષ પહેલાં, ભારતમાં મોહેંજોદડો અને હડપ્પા જેવા સુંદર શહેરો હતા. આ ખૂબ જ પ્રાચીન શહેરોમાં સારા રસ્તાઓ, ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા અને જાહેર સ્નાનગૃહ હતા. લોકો તેમના ઘરો, રસ્તાઓ અને જળાશયો સ્વચ્છ રાખતા હતા.



## શું તમે જાણો છો?



રાષ્ટ્રસંત ગાડગે બાબા

રાષ્ટ્રસંત ગાડગે બાબાનો જન્મ અમરાવતી જિલ્લાના શેણગાંવમાં થયો હતો. તેમનું નામ ડેબુજી ઝીંગરાજી જાનોરકર હતું. તેઓ હંમેશા પોતાની સાથે સાવરણી રાખતા હતા. શરીર પર ફાટેલા તૂટેલા કપડા અને હાથમાં માટીનું નાનું વાસણ એવો તેમનો વેશ. તેથી જ લોકો તેમને 'ગાડગે બાબા' કહેતા હતા. તેઓ જે ગામમાં જાય તે ગામને વાળીઝૂડીને સ્વચ્છ કરતા. મહારાષ્ટ્ર રાજ્યમાં, 'સંત ગાડગે બાબા ગ્રામ સ્વચ્છતા અભિયાન' ચલાવવામાં આવે છે. આ અભિયાનમાં સ્વચ્છ અને સુરક્ષિત પીવાનું પાણી, ઘરની, પોતાની અને પરિસરની સ્વચ્છતા, તેમજ ગંદા પાણીનું નિયોજન, કચરાનો નિકાલ વગેરે અપેક્ષિત છે.

''સ્વચ્છતાની શરૂઆત વ્યક્તિગત સ્વચ્છતાથી થાય છે. સાથે જ, પરિસર અને જાહેર સ્થળોની સ્વચ્છતા પણ એટલી જ મહત્વપૂર્ણ છે. પોતાની અને પરિસરની સ્વચ્છતા જાળવવી એ દરેક વ્યક્તિની જવાબદારી છે''.

બહાર બધા વિદ્યાર્થીઓ પરિસરની સાફ સફાઈ કરી રહ્યા હતા. કેટલાક બાળકો મેદાનમાં ઉગી નીકળેલા ઘાસને દૂર કરી રહ્યા હતા, જ્યારે કેટલાક વૃક્ષના સૂકા પાંદડા ભેગા કરી રહ્યા હતા. આ જોઈને વિનયે કહ્યું, ''આપણા મેદાનમાં ઘણા બધા વૃક્ષો છે. મોટા વૃક્ષોના સુકા પાંદડા ખરીને કચરો થાય છે. આપણે તેમાંથી ખાતર બનાવીએ છીએ.''

આચાર્યે કહ્યું, ''આપણે દર વર્ષે જૂન મહિનામાં વૃક્ષારોપણ કરીએ છીએ. ''વિનયે કહ્યું,'' ''બહેન, વૃક્ષારોપણ એટલે શું ?'' શિક્ષિકાએ કહ્યું, ''વૃક્ષારોપણ એટલે નવા વૃક્ષો વાવવા. આ વર્ષે તે ક્યાં અને કેટલા નવા વૃક્ષો વાવ્યા?'' વિનયે કહ્યું,'' મેં મારા ઘરના આંગણામાં બે વૃક્ષો વાવ્યા.''



### કહો જોઈએ!

- આખું વર્ષ લીલા રહેનાર વૃક્ષો કયા?
- જો વૃક્ષો ન હોત, તો શું થાત?



### કરી જુઓ.

- લજામણીના છોડના પાંદડાને હળવેથી સ્પર્શ કરો.
- કુંડામાં છોડ વાવી તેનું નિરીક્ષણ કરો.

આચાર્યએ કહ્યું, ''ઝાડમાં પણ જીવ હોય છે. તેમને જીવવા માટે પાણી, હવા અને સૂર્યપ્રકાશની જરૂર પડે છે. ભારતીય વૈજ્ઞાનિક ડૉ. જગદીશચંદ્ર બોઝે વિશ્વમાં સૌ પ્રથમ સાબિત કર્યું કે વૃક્ષોને પણ આપણી જેમ સંવેદના હોય છે. એટલે કે, તેમને આનંદ થાય છે, દુઃખ થાય છે, ગરમી અને ઠંડીનો અનુભવ થાય છે, અને તેમને સ્પર્શ કરવામાં આવે ત્યારે તેની જાણ પણ થાય છે.''

આપણે નવા વૃક્ષો વાવવા જોઈએ, તેમનો ઉછેર કરવો જોઈએ. આપણે વૃક્ષો કાપવાનું બંધ કરવું જોઈએ કારણ કે વૃક્ષો આપણને ઘણું બધું આપે છે.

## વિચાર કરો અને લખો.



વૃક્ષ આપણને શું આપે છે?

---

આપણે વૃક્ષને શું આપીએ છીએ?



---

## શું તમે જાણો છો?

- **ચિપકો આંદોલન ૧૯૭૩:** જંગલ બચાવવા માટે ચલાવાયેલી લડત. હિમાલયની તળેટીમાં મોટી સંખ્યામાં વૃક્ષો કાપવાના હતા. તેના વિરોધમાં ચંડી પ્રસાદ ભટ્ટ અને સુંદરલાલ બહુગુણાએ આંદોલન કર્યું. વૃક્ષો કપાય નહીં તે માટે મહિલાઓ વૃક્ષોને ભેટી પડી અને તેમનો બચાવ કર્યો.
- દર વર્ષે ૫ જૂન 'વિશ્વ પર્યાવરણ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

## ચાલો, જાણીએ.

'દેવરાઈ' એટલે ભગવાનના નામે રાખવામાં આવેલું પવિત્ર જંગલ. દેવરાઈ કુદરતી અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ મહત્વપૂર્ણ છે. જૈવવિવિધતા જાળવવા માટે તેનું જતન કરવું જરૂરી છે. દેવરાઈમાં વૃક્ષો કાપવા પર પ્રતિબંધ હોય છે.

અહિલ્યાનગર જિલ્લાના સંગમનેરમાં પેમગીરી કિલ્લાના પરિસરમાં એક મોટું વડનું ઝાડ છે. આ ઝાડને 'મહા વટવૃક્ષ' તરીકે પણ ઓળખવામાં આવે છે. તેને મહારાષ્ટ્ર રાજ્યનું સૌથી મોટું વૃક્ષ માનવામાં આવે છે. આ ઝાડનું જન સહભાગથી જતન કરવામાં આવ્યું છે. સ્વરાજ્ય સંકલ્પક શ્રી શહાજી રાજાએ પેમગીરી કિલ્લા પર સ્વરાજ્ય સ્થાપવાનો પ્રયાસ કર્યો હતો.



મહા વટવૃક્ષ-પેમગીરી

**સાલુમરદા થિમક્કા:** સાલુમરદા થિમક્કા: તેઓ કર્ણાટકના પર્યાવરણવાદી કાર્યકર્તા છે. તેઓ સો વર્ષ વટાવી ચૂક્યા છે. સાલુમરદા એટલે વૃક્ષોની હારમાળા. શરૂઆતમાં તેમણે ૩૮૫ વડના વૃક્ષો વાવ્યા. તેમના વિકાસ પર વિશેષ ધ્યાન આપ્યું. આગળ જતા તેમણે પીપળો અને ઉંબરા જેવા હજારો વૃક્ષો વાવ્યા. તેઓ કહે છે કે વૃક્ષો જ તેમના બાળકો છે. ભારત સરકારે તેમના વૃક્ષારોપણના કાર્ય માટે 'પદ્મશ્રી' પુરસ્કારથી સન્માનિત કર્યા છે.



સાલુમરદા થિમક્કા



સંત તુકારામ

સંત તુકારામે અભંગમાં કહ્યું છે.

''वृक्षवल्ली आम्हा सोयरी वनचरे ।
पक्षीही सुस्वरे आळविती ॥
''વૃક્ષો અને પ્રાણીઓ આપણા છે।
પક્ષીઓ પણ મધુર ગીતો ગાઈ રહ્યા છે।।''

વિનય સાથે વાત કરતા કરતા આચાર્યા ચોથા ધોરણના વર્ગમાં પ્રવેશ્યા. તેમણે ચોથા ધોરણનું પાઠ્યપુસ્તક કાઢી તેમાંથી છત્રપતિ શિવાજી મહારાજનું 'આજ્ઞાપત્ર' બનાવી વિનયને કહ્યું, ''છત્રપતિ શિવાજી મહારાજે આ આજ્ઞાપત્રમાં વૃક્ષ સંરક્ષણ નીતિ નક્કી કરી છે. વૃક્ષોને કારણે હવા શુદ્ધ રહે છે, જમીનનું ધોવાણ અટકે, પ્રદૂષણ ઓછું થાય અને વરસાદના પાણીને રોકવામાં મદદ થાય છે. આપણને ફળો, શાકભાજી, ઔષધીય વનસ્પતિ, લાકડું જેવી ઘણી વસ્તુઓ મળે છે. તેમ જ વિવિધ પ્રાણીઓ અને પક્ષીઓને આશ્રય પણ મળે છે. વૃક્ષારોપણ અને વૃક્ષ સંરક્ષણ એ દરેક નાગરિકની જવાબદારી છે.''

આ બધું સાંભળીને વિનયે કહ્યું, ''હું પહેલા સ્વચ્છતાનું કામ કરવાનું ટાળતો હતો, પણ હવે મને સ્વચ્છતાનું મહત્વ સમજાયું છે. સાથે જ, મને વૃક્ષારોપણના ફાયદા પણ સમજાયા છે. હવેથી, હું વ્યક્તિગત સ્વચ્છતાની જેમ જ પરિસરની સ્વચ્છતા તથા વૃક્ષારોપણમાં મોખરે રહીશ.''

## સ્વાધ્યાય

### પ્ર.૧ યોગ્ય શબ્દ લખીને વાક્ય પૂર્ણ કરો.

(૧) ૨ ઓક્ટોબરના રોજ ................. ની જન્મજયંતી ઉજવવામાં આવે છે.

(૨) હજારો વર્ષ પહેલાં ભારતમાં મોહેંજોદડો અને ................. જેવા સુંદર શહેરો હતા.

(૩) રાષ્ટ્રસંત ગાડગે બાબાનો જન્મ અમરાવતી જિલ્લાના ................. માં થયો હતો.

(૪) ભારત સરકારે ................. ને વૃક્ષારોપણ માટે પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કર્યા.

**પ્ર.૨ નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.**

સ્વચ્છતા

| વ્યક્તિગત સ્વચ્છતા | જાહેર સ્વચ્છતા |
| --- | --- |
| (૧) ------------------------------ | ------------------------------ |
| (૨) ------------------------------ | ------------------------------ |
| (૩) ------------------------------ | ------------------------------ |
| (૪) ------------------------------ | ------------------------------ |
| (૫) ------------------------------ | ------------------------------ |

**પ્ર.૩. યોગ્ય જોડકાં જોડો.**

| જૂથ 'અ' | જવાબ | જૂથ 'બ' |
| --- | --- | --- |
| (૧) વિશ્વ પર્યાવરણ દિવસ | | (ક) વૃક્ષારોપણ |
| (૨) દેવરાઈ | | (ખ) આજ્ઞા પત્ર |
| (૩) છત્રપતિ શિવાજી મહારાજ | | (ગ) ૫ જૂન |
| (૪) સાલુમરદા થિમક્કા | | (ઘ) દેવોના નામે જંગલ |

**પ્ર.૪. પરિસરમાંના વૃક્ષોના ઉદાહરણો લખો.**




**ઉપક્રમ**

- માતાપિતાની મદદથી બીજમાતા રાહીબાઈ પોપેરે વિશે માહિતી મેળવો.
- તમારા પરિસરમાંના સ્વચ્છતા કર્મચારીની મુલાકાત લો
- ઇન્ટરનેટની મદદથી મહારાષ્ટ્રમાં આવેલ દેવરાઈ અને અભયારણ્યો વિશે માહિતી મેળવો.
- રોજિંદા વપરાશનાં અનાજ અને બીજ એકઠા કરી રોપા તૈયાર કરો.

***





# ૧૨. રાષ્ટ્રીય એકતા



**પ્રસંગ ૧**

એક દિવસ જુદા જુદા રંગો એકબીજા સાથે ઝઘડવા લાગ્યા. લાલ રંગે કહ્યું, 'હું જ સૌથી સુંદર છું. મારો રંગ જાસૂદ જેવો છે, ઊગતા સૂર્ય જેવો છે.' સફેદ રંગે કહ્યું, 'ના, હું જ સુંદર છું, મારો રંગ શાંતિનું પ્રતિક છે'. લીલા રંગે કહ્યું, 'બિલકુલ નહીં, મારો રંગ તો ઝાડ-પાનનો રંગ છે. મારા સિવાય તમે પૃથ્વીની કલ્પના પણ ના કરી શકો.' વાદળી રંગે કહ્યું, 'અરે વાહ! શું તમે આકાશ વગરની કે સમુદ્ર વગરની દુનિયા કલ્પી શકો છો?

એટલામાં ત્યાં આવેલી હવાની લહેરખીએ કહ્યું, ''અરે, આમ ઝઘડો નહીં. આપણા ભારત દેશના રાષ્ટ્રધ્વજને જુઓ. જુદા જુદા રંગા કેવા એક થઈને રહે છે. તેમની પાસેથી આપણે કંઈક તો શીખીએ. ભારતીય રાષ્ટ્રધ્વજ આપણા દેશની એકતા, સ્વતંત્રતા અને સાર્વભૌમત્વનું પ્રતીક છે.

આપણા દેશના વિવિધ પ્રતીકો છે. આ પ્રતીકો આપણામાં એકતાની ભાવના જગાડવામાં મદદરૂપ થાય છે. આપણને આપણા દેશના મૂલ્યોની યાદ અપાવે છે. રાષ્ટ્રધ્વજની જેમ જ 'રાષ્ટ્રગીત' રાષ્ટ્રીય એકાત્મતાનું પ્રતીક છે. 'જનગણમન' ભારતનું રાષ્ટ્રગીત છે. આપણે સૌ જુદી જુદી ભાષા બોલીએ છીએ, તેમ છતાં આ રાષ્ટ્રગીત આપણને સહુને મોઢે યાદ છે. રાષ્ટ્રગીત ગવાતું હોય ત્યારે સાવધાનની સ્થિતિમાં રહી રાષ્ટ્રગીતનું સન્માન જાળવવું એ સૌનું કર્તવ્ય છે. તે જ રીતે 'વંદે માતરમ્' આપણું રાષ્ટ્રગાન છે.



### શું તમે જાણો છો?

**ભારતના રાષ્ટ્રધ્વજમાં રહેલા રંગોનો અર્થ શોધો અને લખો.**

કેસરી - ----------------------------------------------------------------

સફેદ - ----------------------------------------------------------------

લીલો - ----------------------------------------------------------------

**અશોક ચક્ર - પ્રગતિ અને ગતિનું પ્રતીક છે. તેમાં ચોવીસ આરા છે.**

આપણા ભારત દેશમાં, જુદા જુદા રાજ્યોમાં જુદા જુદા લોકો રહે છે. જે જુદી જુદી ભાષાઓ બોલે છે. જુદો જુદો પહેરવેશ પહેરે છે. જુદા જુદા તહેવારો ઉજવે છતા. આપણે સૌ એક છીએ. આપણે એક જ દેશના નાગરિક છીએ.



## પ્રસંગ ૨

શિક્ષિકા બહેને રાષ્ટ્રીય એકાત્મતા અંગે સમજાવતા કહ્યું, ''વર્ગમાં તમારી આજુબાજુ જુઓ. આપણે એકબીજાથી અલગ દેખાઈએ છીએ. છતાં, આપણે આ વર્ગખંડમાં સાથે શીખીએ છીએ, વાર્તા કહીએ છીએ, ગીતો ગાઈએ છીએ. ક્યારેક આપણામાં મતભેદ થાય છે, જેને આપણે સંવાદ દ્વારા ઉકેલીએ છીએ. આપણે એકબીજાની કાળજી રાખીએ છીએ, એકબીજાનો આદર કરીએ છીએ. આ વર્ગખંડની જેમ, આપણો દેશ ભારત, 'વિવિધતાથી ભરેલો' છે. આવા તફાવતો હોવા છતાં, એક દેશમાં સુમેળથી રહેવું, આપણું 'ભારતીય' તરીકે ઓળખાવું, તેને જ 'રાષ્ટ્રીય એકાત્મતા' કહેવાય છે.''

### ચાલો, વાંચીએ.

અનેક અવયવોથી બને માનવદેહ,  
અનેક રંગ મળી બને મેઘધનુષ્ય,  
અનેક ફૂલોથી સજેલી આ ફૂલદાની,  
અનેક ભાષાઓમાં ગાતા અમે ગાન.  
અનેક સંસ્કૃતિ, વિવિધ ઉત્સવ, વિવિધ આપણા વેશ,  
અનેક જણ મળીને બનતો આપણો ભારત દેશ.

### કહો જોઈએ!

## પ્રસંગ ૩

કલ્પના કરો કે નવું શૈક્ષણિક વર્ષ શરૂ થયું છે. તમારા વર્ગમાં એક નવી વિદ્યાર્થીની આવી છે. તેની માતૃભાષા બંગાળી છે. તમે તેની સાથે કેવી રીતે વાતચીત કરશો? તમે તેને કેવી રીતે મદદ કરશો? વર્ગમાં તેના સહજ સમાવેશ માટે તમે શું કરશો? શિક્ષકની મદદથી આ અંગે ચર્ચા કરો.

### ચિત્ર દોરો.

| રાષ્ટ્રીય ધ્વજ | રાષ્ટ્રીય પક્ષી |
|---|---|
|  |  |

| રાષ્ટ્રીય ફળ | રાષ્ટ્રીય ફૂલ |
| --- | --- |
|  |  |

## માહિતી મેળવીએ.

ઇન્ટરનેટનો ઉપયોગ કરીને રાજ્યપક્ષી, રાજ્ય ફળ, રાજ્યપ્રાણી અને રાજ્યફૂલ વિશે માહિતી મેળવો.

મહારાષ્ટ્ર રાજ્યની રચના ૧ મે ૧૯૬૦ના રોજ થઈ હતી. મહારાષ્ટ્રમાં ૧ મે 'મહારાષ્ટ્ર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. જેમ રાજ્ય દિવસ હોય છે, તે જ રીતે રાજ્યગીત, રાજ્યપક્ષી, રાજ્યફળ, રાજ્યપ્રાણી અને રાજ્ય ફૂલ પણ હોય છે.

રાષ્ટ્રીય એકાત્મતા માટે જે રીતે જુદા જુદા ચિહ્નો અને પ્રતીકો મહત્વપૂર્ણ છે, તે જ રીતે રાષ્ટ્રીય તહેવારો પણ મહત્વના છે. આપણને ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ ના રોજ સ્વતંત્રતા મળી હતી. માટે આપણે ૧૫ ઑગસ્ટે સ્વાતંત્ર્ય દિવસ ઉજવીએ છીએ. આપણું સંવિધાન ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી લાગુ કરવામાં આવ્યું હોવાથી આપણે ૨૬ જાન્યુઆરીને 'પ્રજાસત્તાક દિન' તરીકે ઉજવીએ છીએ. આ દિવસો દરેક ભારતીયો એક થઈને ઉજવે છે. આ દિવસે દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

### શું તમે જાણો છો?

રાકેશ શર્માઃ ૧૯૮૪માં, રાકેશ શર્મા પહેલા અવકાશયાત્રી બન્યા. તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ તેમને પૂછ્યું હતું કે, ''અવકાશથી ભારત કેવું દેખાય છે?'' રાકેશ શર્માએ જવાબ આપ્યો, ''સારે જહાં સે અચ્છા!''

(પાઠ્યપુસ્તકની શરૂઆતમાં આપેલી QR કોડની લિંક દ્વારા રાકેશ શર્માનો વીડિયો જુઓ.)

## સ્વાધ્યાય

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના જવાબો લખો.**

(૧) ભારતીય રાષ્ટ્રધ્વજનું વર્ણન કરો.

(૨) ભારતના પ્રથમ અવકાશયાત્રીનું નામ શું છે?

(૩) રાષ્ટ્રીય ફૂલ કયું છે?

**પ્ર.૨ સાચો વિકલ્પ પસંદ કરો અને લખો.**

(૧) ત્રિરંગા ધ્વજ પર રહેલું ચક્ર ----------------------

(અ) સુદર્શન ચક્ર (આ) અશોકચક્ર (ઇ) પરમવીર ચક્ર (ઈ) જળ ચક્ર

(૨) ૧૫ ઓગસ્ટ ----------------------

(અ) સ્વાતંત્ર્ય દિન (આ) સંવિધાન દિન (ઇ) મહારાષ્ટ્ર દિન (ઇ) પ્રજાસત્તાક દિન

**પ્ર.૩ જોડકાં જોડો.**

| જૂથ અ' | જૂથ 'બ' |
|---|---|
| (૧) રાષ્ટ્રીય પક્ષી | (ક) જનગણમન |
| (૨) રાષ્ટ્રીય ફળ | (ખ) વંદે માતરમ્ |
| (૩) રાષ્ટ્રીય ગીત | (ગ) કેરી |
| (૪) રાષ્ટ્રગાન | (ઘ) મોર |

**પ્ર.૪ તમારી માતૃભાષા જણાવો. મહારાષ્ટ્રના પડોશી રાજ્યોની ભાષાઓના નામ લખો.**

**પ્ર.૫ પાઠ્યપુસ્તકના મુખપૃષ્ઠનું નિરીક્ષણ કરીને ભારતની વિવિધતા સમજાવો.**

### ઉપક્રમ

- રાષ્ટ્રીય પ્રતીકો વિશે માહિતી મેળવો અને તેમના ચિત્રો એકત્રિત કરો.
- દેશભક્તિના ગીતોનો સંગ્રહ કરી પુસ્તકમાં ચોંટાડો
- ઇન્ટરનેટની મદદથી, તમે જે જિલ્લામાં રહો છો તેની સરહદે આવેલા ૨-૩ જિલ્લાઓમાં બોલાતી બોલી ભાષા વિશે માહિતી મેળવો.

***



# ૧૩. ચાલો સાંભળીએ, વાત કરીએ અને સમજીએ.






## ચિત્રમાં શું દેખાય છે, તે કહો.

- તમારી શાળામાં ધ્વજવંદન સમારોહ કઈ કઈ તારીખે યોજાય છે?
- ધ્વજવંદન માટે તમે શું શું તૈયારીઓ કરો છો? તેની ચર્ચા તમારા જૂથમાં કરો.
- દસ રૂપિયાની નોટ લો. તેના પર છપાયેલા ચિત્ર વિશે માતા-પિતા, શિક્ષક અને અન્ય લોકો સાથે ચર્ચા કરો.




વિદ્યાર્થી મિત્રો, આપણે માતા-પિતા, શિક્ષક તેમજ અન્ય વડીલોનું કહેવું શાંતિથી સાંભળવું જોઈએ. આપણે આપણા વિચારો દઢતાથી વ્યક્ત કરવા જોઈએ. આપણા વિચારો વ્યક્ત કરતી વખતે, આપણે બીજાના મંતવ્યોનો પણ આદર કરવો જોઈએ. આનાથી આપણામાં નેતૃત્વના ગુણોનો વિકાસ થાય છે.

### ચાલો, સાંભળીએ અને વાત કરીએ.

- રાજ્ય ગીત સાંભળો અને સૂર તાલમાં ગાઓ
- ધ્વજવંદન સમારોહમાં તમે કયા કયા સૂત્રો બોલો છો, તે કહો.

**નીચેની પરિસ્થિતિઓમાં તમે શું કરશો?**

- તમારો મિત્ર બીમાર છે.
- તમારા મિત્રના દાદીને ઓછું દેખાય છે. તેઓ રસ્તો ઓળંગીને સામી બાજુએ જવા માંગે છે.
- તમારા ઘરની એક વ્યક્તિ વારંવાર પોતાનો મોબાઇલ ફોન જુએ છે.

### ચાલો, સમજીએ.

## એકતાનું બળ

### ચકલી અને શિકારી.

બાળકો, તમે આ વાર્તા સાંભળી છે?

એક ગીચ જંગલમાં, એક મોટા વડના ઝાડ પર ઘણી બધી ચકલીઓ રહેતી હતી. તે વડનું ઝાડ લાલ ચટક ટેટાથી હર્યુંભર્યું હતું. ચકલીઓ ચાંચ વડે તે ખાતી. તે ચકલીઓમાં એક હોંશિયાર અને અનુભવી ચકલી પણ હતી. તે હંમેશા બધાને સાથે રહેવાની સલાહ આપતી.

એક દિવસ, એ જંગલમાં એક શિકારી આવ્યો. તેણે જોયું કે વડના ઝાડ પાસે ઘણી ચકલીઓ છે. તેણે આ ચકલીઓને પકડવાનો વિચાર કર્યો. તે માટે તેણે એક યુક્તિ વિચારી. તેણે ચકલીઓ માટે ઝાડ નીચે ઘણા બધા દાણા નાખ્યા અને તેના પર જાળ પાથરી. પછી ચકલીઓની રાહ જોતો, નજીકમાં સંતાઈ ગયો.

થોડી વારમાં, ચકલીઓ દાણા ચણવા માટે નીચે આવી. બધી ચકલીઓ દાણા ચણવામાં મસ્ત હતી. ચકલીઓ અજાણતાં શિકારીએ ફેલાવેલી જાળમાં ફસાઈ ગઈ. અરે! હવે શું કરવું? એ તેમને સમજાતું નહોતું. ચકલીઓએ બચવા ઘણી મહેનત કરી, પણ વ્યર્થ! બધી ચકલીઓ ડરી ગઈ અને એકબીજા સામે જોવા લાગી.

ચકલીઓ પ્રયત્ન કરતી રહી, પણ કોઈ ફાયદો થયો નહીં. અંતે, ચાલાક ચકલીએ બધાને કહ્યું, ''ચાલો આપણે બધા આપણી ચાંચથી જાળ પકડીએ અને એક જ સમયે એક સાથે ઉડી જઈએ.''બધાએ તેની વાત માની. બધાએ પોતાની બધી શક્તિ ભેગી કરી અને જાળ લઈને બધી ચકલીઓ એક જ સમયે આકાશમાં ઉડવા લાગી.''

શિકારી મૂંઝાઈ ગયો અને જાળ પકડવા માટે તેમની પાછળ દોડવા લાગ્યો. પણ ચકલીઓ કંઈ તેના હાથમાં આવી નહીં. દોડતાં દોડતાં તે પડી ગયો. ચકલીઓ થોડે દૂર રહેતા ઉંદરભાઈ પાસે

ગઈ અને મદદ માટે ઉંદરને બોલાવવા લાગી. તેમને જોઈને, ઉંદરભાઈ અને તેમના મિત્રો ચકલીઓની મદદ માટે દોડી આવ્યા. ઉંદરોએ થોડીવારમાં જ આખી જાળ કોતરી નાખી અને મુશ્કેલીમાં ફસાયેલી ચકલીઓનો છુટકારો કર્યો. બધી ચકલીઓએ તેમનો ખૂબ ખૂબ આભાર માન્યો.



### કહો જોઈએ!

આ વાર્તામાંથી આપણે શું શીખ્યા?

### શિક્ષકની મદદથી આ ચિત્ર વિશે માહિતી મેળવો.

આ ચિત્ર કોલ્હાપુર નજીક આવેલા ખિદ્રેશ્વર મંદિરનું છે. બે હંસોએ પોતાની ચાંચમાં એક લાકડી પકડી છે. એક કાચબાએ આ લાકડી પકડી રાખી છે. શું તમે આ મુદ્દાઓને આધારે વાર્તા કહી શકો? શિક્ષકો અને માતા-પિતાની મદદથી વાર્તા તૈયાર કરો.



ખિદ્રેશ્વર મંદિરમાંનું શિલ્પ

આ જ વાત આપણને પણ લાગુ પડે છે. જો આપણે બધા આપણા દેશમાં હળીમળીને એક થઈને રહીએ તો આપણે ઘણા અશક્ય જણાતા કામો સરળતાથી અને ઝડપથી કરી શકીશું, ખરું ને?



## શું તમે જાણો છો?



૧૯ વર્ષથી નાની(અંડર-૧૯) વિશ્વ વિજેતા મહિલા ક્રિકેટ ટીમ (ટુકડી)




ભારતે મહિલા ક્રિકેટ વિશ્વ કપ જીત્યો



જાગતિક નેત્રહીન ક્રિકેટ વિશ્વ કપ - વિજેતા ભારતીય મહિલા ટીમ

૨૦૨૫માં વૈશ્વિક સ્તરે થયેલી વિવિધ ક્રિકેટ સ્પર્ધાઓમાં આ ટીમો શાનદાર રમતનું પ્રદર્શન કરી વિજેતા બની છે, જે આપણા ભારત દેશ માટે ખૂબ ગૌરવની બાબત છે. આપણે ક્રિકેટ જેવી સાંઘિક રમતમાં એકજૂથ થઈ, સફળતા મેળવી આપણા દેશને કેવી રીતે ગૌરવ અપાવી શકીએ છીએ તેનું આ જ્વલંત ઉદાહરણ છે. વધુમાં, ક્રિકેટ રમતી નેત્રહીન મહિલાઓનું પ્રદર્શન તો ખરેખર ખૂબ જ પ્રશંસનીય છે.

## સ્વાધ્યાય

**પ્ર.૧ નીચેની પરિસ્થિતિઓમાં તમે કેવું વર્તન કરશો, તે લખો.**

(૧) તમારો અભિપ્રાય વ્યક્ત કરતી વખતે – ..................................................

(૨) વડીલો તમને માર્ગદર્શન આપી રહ્યા હોય ત્યારે – ..................................

(૩) શાળામાં રાષ્ટ્રગીત વાગી રહ્યું હોય ત્યારે – ..........................................

(૪) બિસ્કિટ-ચોકલેટ ખાધા પછી, તેમનું રેપર તમારી પાસે હોય ત્યારે – ..........................

(૫) તમે કોઈ દિવ્યાંગ વ્યક્તિના સંપર્કમાં આવો તો- ..................................

**પ્ર.૨ નીચે આપેલા ચિત્રમાં શું જોવા મળે છે, તે વિશે તમારો મત જણાવો.**



કચરો

(૧) ભીના અને સૂકા કચરાના ડબ્બાની આસપાસ કચરો પડ્યો છે.

..................................................................................

..................................................................................

(૨) એક છોકરો વૃક્ષ વાવી રહ્યો છે.

..................................................................................

..................................................................................


વૃક્ષારોપણ

(૩) એક દિવ્યાંગ વિદ્યાર્થીનીને તેના મિત્રો વ્હીલચેરમાં શાળાની બહાર લઈ જઈ રહ્યા છે.

..................................................................................

..................................................................................


દિવ્યાંગ વિદ્યાર્થીની

### ઉપક્રમ

- ભારતીય મહિલા ખેલાડીઓના ચિત્રો ભેગાં કરી સ્ટીકી નોટબુકમાં ચોંટાડી તેમના નામ લખો.
- તમારા માતાપિતા અને શિક્ષકો પાસેથી ઈસપની વાર્તાઓ અને પંચતંત્રની કથાઓ વિશે માહિતી મેળવો. તે વર્ગમાં રજૂ કરો
- 'મૂલ્યવૃદ્ધિ/મૂલ્યવર્ધન' ઉપક્રમ અંતર્ગત તમને ગમતા એક પ્રસંગ વિશે લખો.

***

**પ્રિય બાળમિત્રો,**

**કોઈપણ દ્વારા કરાતા અયોગ્ય સ્પર્શથી જો તમે અસહજતા અનુભવો તો તમારે ચૂપ ન રહેવું જોઈએ. તમે...**

**૧. આમ થવામાં તમારો કોઈ દોષ નથી, તે યાદ રાખો**

**૨. તમારી કોઈ વિશ્વાસુ વ્યક્તિને આ બનાવ વિશે જાણ કરો.**

**૩. તમે પોક્સો ઈ-બૉક્સ મારફત રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગને પણ જાણ કરી શકો છો.**

**અયોગ્ય, અસુરક્ષિત સ્પર્શના કારણે તમે મૂંઝવણ અનુભવતા હો, તો એ માટે તમારે દુ:ખી થવાની જરૂર નથી. કારણ કે એમાં તમારો કોઈ દોષ જ નથી.**




આ બટન દબાવો.

POCSO e-box સંકેતસ્થળ ncpcr@gov.in પર ઉપલબ્ધ છે.

**તમારી વય ૧૮ વર્ષ કરતાં નાની છે અને તમે કોઈ મુશ્કેલીમાં છો, કોઈ તકલીફ-મૂંઝવણ-તાણ અનુભવો છો અથવા તમે આ પ્રકારનો ત્રાસ સહન કરતાં કોઈ બાળકને જાણો છો તો સંપર્ક કરો.**




**બાળ સહાયતા ક્રમાંક - 1098/૧૦૯૮ (દસ નવ આઠ) : ૨૪ કલાક કાર્યરત રાષ્ટ્રીય આપાતકાલીન મફત દૂરધ્વનિ સેવા છે, જે મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા સમર્થિત 'ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા' દ્વારા ચલાવાતો ઉપક્રમ છે.**

નવા સમાજ તરફ
Towards a new dawn




મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

आपल्या सभोवतालचे जग भाग-२ इयत्ता तिसरी (गुजराती माध्यम)

₹ 65.00

